# આઈપીસી ૪૯૮-એ ની કલમ સામે જીવતા રહેવાની લડત માટેનું માર્ગદર્શન

**આપણે સ્ત્રી છીએ કે પુરુષ તે મહત્ત્વનું નથી મહત્ત્વનું એ છે કે આપણે મનુષ્ય ની જાતી છીએ. અને આપણે માનવજાતને પ્રતિપૂવઁક સભાલવી અને એક બીજાને મદદ કરવા માટેજ જન્મ લીધો છે.**

**સ્વામી રંગનાથન નંદા**

**પ્રકરણ ૧**

**પૂર્વભૂમિકા**

મોટા ભાગનાં લોકો નથી જાણતા કે ઇન્ડીયન પીનલ કોડ (આઇ.પી.સી) નાં હેઠળ ૪૯૮-એ ની કલમ એ શું છે. તથા પોતાનાં વિરોધમાં આ કાયદાની નોંધણી થાય ત્યારે શું કરવું તેની માહિતી પણ ઘણા લોકો પાસે નથી. આ કાયદો શું છે તેના ઉપર હું થોડી રોશની ફેંકવા માંગું છું. આ કાયદો તમારા અને તમારા પરિવારજનો ઉપર કેવા પ્રત્યાઘાતો કરે છે તેની પણ હું તમને માહિતી આપવા માંગું છું. આ લેખ ત્રણ પ્રકરણમાં વહેંચાયેલો છે. કાયદાની રજૂઆત કરતું પહેલું પ્રકરણ, તમને તમારા અધિકાર અને તેને લગતા કાયદા વિશે જાણ કરે છે. આ કાયદા હેઠળ તમારી ધરપકડ થઇ જાય તો કેવી પરિસ્થિતીઓનો તમને સામનો થશે આ વાતથી વાકેફ બીજું પ્રકરણ કરે છે. આ દહેશત સામે લડત આપવા શું કરવું તે માટેની સામાન્ય માહિતી તમને ત્રીજું પ્રકરણ આપે છે. આ લેખને ઇન્ટરનેટથી જોડેલા કોમ્પ્યુટર પર વાંચશો તો શ્રેષ્ઠ લાભ થશે કારણકે આવું કરવાથી લાગતી વળગતી બીજી બધી માહિતીથી પણ તમે વાકેફ થશો.

ભારત દેશનાં નાગરીકો બે પ્રકારનાં હોય છે. વિશિષ્ટ અધિકારો/લાભ ધરાવનારા અને સામાન્ય. વિશિષ્ટ વ્યકિતઓ સમક્ષ આવી પરિસ્થિતી કદાચ નહીં સર્જાય અને આ કાયદો તેમને પરેશાન પણ નહીં કરે. આ લેખ એવા સામાન્ય વ્યકિતઓ માટે છે જેઓને ગુના હેઠળ ફસાવું એટલે શું એ વાતનો કોઇ અંદાજો નથી.

તમારા પરિવારમાં વિમુખ-પ્રતિભાવાળી 'પુત્રવધુ' હોય કે હતી; તે તમારા ખીલાફ ૪૯૮-એ ની કલમ હેઠળ પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવી શકે છે. તેની માત્ર એક ફરિયાદનાં આધાર પર તમને જેલની સજા થઇ શકે છે. આવું કરવા પાછળ તમારી 'પુત્રવધુ' કે તેનાં મા-બાપ નાં ઘણા હેતુ હોય છે; જેમકે તમારી સહનશકિત ની આકરી કસોટી કરવી, તમારી દ્રઢતાને તોડવી અથવા તો તેમની માંગણીઓ પુરી કરવી. આ કાયદો સમાજનાં મધ્યમ વર્ગીય, ઉચ્ચમધ્યમ વર્ગીય અને એનઆરઆઇને લક્ષ્યાંક બનાવે છે કારણકે આવા લોકો કાનુની જોરજુલમ અને કપટી સરકારી સંસ્થાઓ સામે નિર્બળ છે.

૪૯૮-એ ની કલમ તમારા ખીલાફ દાખલ થતા તમે રોકી શકતા નથી. કોઇ મોટી ઓળખાણ હોય અથવા 'પુત્રવધુ' ને કોઇક રીતે આમ કરતા રોકી લો તો કદાચ શકય છે. પણ લડત આપવાનું નકકી કરશો તો જરૂર જીતશો. આવો મુકદમો લગભગ ૩ થી ૬ વર્ષ સુધી ચાલશે. તમારા ધંધા કે વ્યવસાયનાં સૌથી ફળદ્રુપ વર્ષો ધુમાવવાની તૈયારી રાખજો. માથા પરના વાળ ખરી જશે તેની માનસિક તૈયારી રાખજો. ખુબ બધા રૂપિયા વાપરવાની પણ તૈયારી રાખજો. ખુબ રડવાનું થશે તે માટે તૈયાર રહેજો. આ નિર્દય કાયદાનાં શોષણ થી તમારા મા-બાપ અને ભાઇબંધુઓ તમારી સાથે સાથે ખુબ હેરાન થશે તે માટે પણ તૈયાર રહેજો.

૪૯૮-એ સામે લડત આપવા તમને ઘણી બધી વસ્તુઓની જરૂર પડશે. જેવી કે ધીરજ, હિમંત, કાયદા વિશેની માહિતી, મૂળભૂત અધિકારો વિશેની માહિતી અને તમારા જેવા બીજા અનેક લોકો આવો મુકદમો કઇ રીતે લડયા તેની માહિતી. તમારે એક કપટી વ્યકિત તરીકે વિચારવાની કળાને પણ અપનાવવી પડશે.

મોટી ઓળખાણ હોય તો વાત થોડી સહેલી બની જાય છે પણ ધીરજ રાખી, લાગણીશીલ થયા વગર નિર્ણયો લેવાની ઘણી જરૂર પડશે.

જો તમે બેકસૂર હશો તો અંતે જીત તમારી જ થશે આ વાતની, ખાત્રી તમને હું આપું છું.
જો તમે ૪૯૮-એ નાં હેઠળ ફસાયા છો તો હરણની માફક ગભરાવાની જરૂર નથી. જો તમે લોકો સાથે વાત કરશો તો જાણશો કે આ કાયદો સ્ત્રીઓને કૌટુંબિક હિંસા અને દહેજની સતામણીથી બચાવા માટે છે વગેરે વગેરે પણ હું આ વાતને હું અવગણું છું અને અહીંથી આગળ વધવા માંગું છું.

## આઈ પી સી ૪૯૮-એ એ જોરજુલમનું એક સાધન છે

કાનૂની શબ્દોમાં જોઈએ તો ૪૯૮-એ એ એક ગુનો છે જેની લાક્ષણિકતાઓ નીચે મુજબ છેઃ

- **અદાલતી તપાસ કરી શકાયઃ** ૪૯૮-એ નાં ગુનાની અદાલતી તપાસ કરવી અને નોંધણી કરવી પોલીસની ફરજ બને છે.
- **આરોપીને જામીન પર છોડી શકાય નહીંઃ** ૪૯૮-એ નાં હેઠળ આરોપીને જામીન આપીને છોડાવી શકાતો નથી. આના આધાર પર મેજીસ્ટ્રેટ આરોપીને જેલમાં અથવા પોલીસ સ્ટેશનમાં રહેવાનો આદેશ આપી શકે છે.
- **ગુનાની અરજ કરનાર ફરિયાદને પાછી ના ખેંચી શકેઃ** દા.ત. બળાત્કાર વગેરે, ૪૯૮-એ ને ફરિયાદ કરનાર પાછો નાં ખેંચી શકે. આંધ્ર પ્રદેશ રાજયમાં અપવાદરૂપે માત્ર એક કેસ આ રીતે પાછો ખેંચવામાં આવ્યો છે.

**ખરા અર્થમાં જોઈએ તો ૪૯૮-એ એવા પ્રકારનો ગુનો છે જેમાં**

- **અદાલતી તપાસ કરી શકાયઃ** પોતાની ફરજ મુજબ પોલીસ આ ગુનાની નોંધણી જરૂર કરશે પણ તપાસ કર્યા વગર તમારી ધરપકડ પણ કરશે. આવું કરવા પાછળનો પોલીસનો હેતું બન્ને પક્ષથી લાંચ લઈને રૂપિયા કમાવાનો હોય છે.
- **આરોપીને જામીન પર છોડી શકાય નહીંઃ** મેજીસ્ટ્રેટ તમારા પરિવારને જેલમાં બંધ કરવાનો આદેશ આપી તમારી સાથે સમજોતાનાં નામ પર અનેક રમતો રમશે. મેજીસ્ટ્રેટ, વકીલ અને પોલીસ કપટી હશે તો આવું જરૂર થશે.
- **ગુનાની અરજ કરનાર ફરિયાદને પાછી ના ખેંચી શકેઃ** બન્ને પક્ષનાં લોકો સમજોતો કરવા તૈયાર હોય તો કોર્ટ અરજી પાછી ખેંચવાની પરવાનગી આપી શકે. ખરી રીતે જોતા ખુબ પૈસા જતા કરો તો બધું શાંત થઈ જશે. જો આમ નહીં કરો તો ગુના હેઠળ ફસાઈ જશો અને જીવનના કીમતી વર્ષો બગાડશો.

**આ જોરજુલમી સાધનની બીજી અનેક લાક્ષણિકતાઓ છે; જેમકેઃ**

- આ કાયદો કપટને પ્રોત્સાહન આપે છે અને તમારા મૂળભૂત અધિકારોનું શોષણ કરે છે.
- જાતીય વોટની બેંક ઉભી કરે છે.
- દહેજની સતામણી થી ખરેખર પિડીત વ્યકિતને ન્યાય નથી મળતો.
- બેકસુર પરિવારોને ભારતીય સરકારની કપટી ચાલોથી વાકેફ કરે છે.
- લોકલ કોર્ટની કામગીરીમાં કપટનું ઝેર ઘોળે છે.

- આ એક જુગાર છે, જે બેકસુરની લડવાની હિંમત જોઇ તુટી જશે.

જેટલા જલ્દી આ કાયદાનાં શોષણથી વાકેફ થશો તેટલા જલ્દી તેના ખીલાફ લડી શકશો. એમાં વાર લાગશે પણ જીત થશે. દરેક વ્યકિતનાં અનુભવ અને કેસ અલગ હોય છે પણ 'શોષણ' બધેજ થાય છે.

આ લેખમાં મારી કહેતી વાતો મોટા ભાગનાં ૪૯૮-એ નાં કેસમાં લાગુ પડે છે. હું તમને કોઇ કાનુની સલાહ આપતો નથી. આ લેખમાં હું માત્ર મારા અભિપ્રાય અને મંતવ્ય વ્યકત કરું છું. મારો હેતુ કોઇ વ્યકિત કે સંસ્થા તરફ આંગળી ચીંધવાનો નથી. પણ એક સામાન્ય નાગરિક આ કાયદાનાં શોષણથી પોતાની જાતને બચાવી શકે તે માટે હું માત્ર જાગૃતતા ફેલાવવા માંગું છું. કંઇક નિર્ણય લેતા પહેલા મહેરબાની કરી તમારા વકીલ પાસે સલાહ લેજો.

હું આ બધું લખતા પહેલાં તમારા વિશે અમુક વાતોની ઘારણા બાંઘું છું. જેમકે તમે મઘ્યમ/ઉચ્ચ મઘ્યમ વર્ગના છો, તમારા લગ્નજીવનમાં સુમેળનો અભાવ છે, તમારા મા-બાપ નોકરી/ઘંઘામાંથી નિવૃત થઇ ગયા છે અથવા તો તેની નજીક છે. તમે સહકુટુંબ/બીજા દૂરના સગા સાથે એકજ ઘરમાં નથી રહેતા.

તમારી પત્નીએ તમને ઘમકી આપી છે, કે તે તમારા ખીલાફ ૪૯૮-એ નો ગુનો દાખલ કરશે. તમારા મા-બાપ પાસે એવી કોઇક મિલકત છે જેની કિમંત નાણામાં આકારી શકાય, તમારી પત્નીનાં પરિવારજનોની રાજકારણમાં ઊંચી ઓળખાણ છે. તમારા જો બાળકો હશે તો આ રમતમાં તેમને પણ પ્યાદુ બનતા જોઇ તમારે હેરાન થવું પડશે. જે સ્ત્રીઓ આઇપીસી ના ૪૯૮-એ નો દુરુપયોગ કરે છે મારી દ્રષ્ટીએ તેમને '૪૯૮-એ પત્નીઓ' નું નામ આપવું જોઇએ.

## પ્રેરકબળ અને ઉશ્કેરનાર

### ચાલો જોઇએ આવું કરવા પાછળ શું હેતુ /પ્રેરણા છે અને કઇ રીતે આની ઉશ્કેરણી થાય છે

- **પૈસાઃ** આવું કરવા પાછળ પૈસા સૌથી મોટું પ્રેરકબળ બને છે. પોતાનાં પિતા કે ભાઇનું નવું વ્યવસાય શરૂ કરવા તમારી પાસે મોટી રકમ એંટી લેવાય છે.
- **વેરઃ** સ્ત્રીઓ બદલો લેવાનું કદી ચુકતી નથી અને તમારું પરિવાર આ બદલાની આગમાં ભડકે બળશે. ખાસ કરીને તમારી મા અને બહેન.
- **દોષિતપણુંઃ** તેણે પોતે કંઇક ગુનો કર્યો હોય અને પોતાની જાતને આ દોષથી બચાવા માંગતી હોય અને દયાનું પાત્ર બનવા માંગતી હોય તો તે આમ જરૂર કરશે. બાળકોની દેખરેખ નો કબજો લેવા માટે પણ તે આમ કરી શકે છે.
- **ડીએનએઃ** ડીએનએ ટેસ્ટ પર આધાર રાખતા નહીં કારણકે કોર્ટ આની પરવાનગી નહીં આપે. ભારતીય કાનુન હજી પણ ૧૮૭૨નાં સબુતના કાયદાનાં આધાર પરજ ચાલે છે.
- **અણગમોઃ** હું આ વાત કહું છું તે માટે દિલગીર છું પણ તે તમારા લગ્નનાં બંધનમાંથી છુટવા માંગે છે, ૪૯૮-એ ની કલમ આવું કરવા માટેનું સહેલું સાધન છે.
- **પ્રેમી સાથે લગ્નઃ** આ એક નવી પ્રકારનું વલણ છે. તમારા ઉપર છુટાછેડા આપવાની જોરજબરજસ્તી કરી તમારા પૈસાથી બે પ્રેમીઓ પોતાનું ઘરસંસાર ઉભું કરશે.

મોટાભાગનાં કિસ્સાઓમાં પરિવારજનો ઉશ્કેરણી કરતા હોય છે. જો છોકરીની મૉ તેને ઉશ્કેરતી હશે તો કદાચ તમે એવા પરિવારમાં લગ્ન સંબંધ જોડયો છે જયાં સ્ત્રીરાજ ચાલે છે. પોતાની મૉને પિતા ઉપર હુકમ ચલાવતા જોઇ તે પણ તમારી સાથે આમ કરવા ઇચ્છે છે. આવું કરવામાં તેને અસફળતા મળે તો તેના પ્રતીસાદમાં તમારા ખીલાફ ૪૯૮-એં નો ગુનો દાખલ થઇ જાય છે.

જો છોકરીનો બાપ તેને ઉશ્કેરતો હોય તો આની પાછળની પ્રેરણા રૂપિયો છે. આ વાત તમારા માટે થોડી સહેલી બની જાય છે. કારણકે જો તમે મુકદમો જીતી ગયા તો છોકરીનાં બાપને તેની દીકરીને ફરી પરણાવાનું બોજ મોંઘું પડી જશે. જો તમે આવા લોકોની ધમકીના વશમાં નહીં થાઓ તો તેઓ તમારી પાસે સમજોતો કરવા દોડી આવશે.

૪૯૮-એ જુલમ કરનારનું અને બદલાખોરીનું અમુલ્ય સાધન છે.
આ સાધનનાં મુખ્ય મુદાઓ નીચે મુજબ છેઃ

- કૌટુંબિક ઝઘડામાં કપટી પોલીસની દખલઅંદાજી
- ન્યાય, આપવાની લાંબી પ્રક્રિયાઓ અને બોજા તળે દબાયેલી લોકલ કોર્ટ
- ખોટા મુકદમાં દાખલ કરવાથી કોઇ જુર્માનો ભરવો પડતો નથી (એકસન ૧૮૨)
- સામેના પક્ષવાળા પાસે જો પોલીસ કે રાજકારણની મોટી ઓળખાણ હશે તો હું દાવો કરું છું કે આ જંજાળમાંથી છુટવા તમને ખુબજ કપટ, ધીરજ અને હિમંત ની જરૂર પડશે.

આ પરિબળો તમને માત્ર હેરાન કરશે અને તમારા ખીસ્સા ખાલી કરશે. આને ત્રાસ નહીં તો શું કહી શકાય!

સુપ્રિમ કોર્ટ દ્વારા ૪૯૮-એ ની કલમને, રાજયબંધારણ સાથે સુસંગત હોવા છતાં પણ ‘કાયદાકીય ત્રાસવાદ’ નો નિરર્થક ઠરાવ આવ્યો છે તે વાતમાં કોઇ શક નથી. (સુશીલ કુમાર શર્મા સામે ઇન્ડીયન યુનીયન રીટ પીટીશન ( C ) નંબરઃ ૧૪૧ સને ૨૦૦૫).

**તૈયારીઓઃ**

૪૯૮-એ ની કલમ રાતોરાત નોંધાઇ જતી નથી. એફઆઇઆર દર્જ થતા પહેલાથી આવું કાંઇક બનવાનું છે તેના પુરાવા મળતા રહે છે. જો તમે ૪૯૮-એ કલમમાં ફસાવાના હોય તો તમે નીચે મુજબની તૈયારી કરી શકો છો.

- રોજબરોજ બનતા બનાવોની નોંધણી કરવા માંડો. તમારા સંરક્ષણ માટે પત્રો, ચિત્રો, વ્યકિત એવા સબુત ભેગા કરવા માંડો.
- ઉચ્ચ હોદ્દાનાં પોલીસ અફસરોને સંપર્ક કરો અને તેમને લેખિત જાણ કરો કે તમારા ખીલાફ ૪૯૮-એ દર્જ થાય તેનો તમને શક છે. કાગળની એક કોપી તમારી પાસે રાખજો અને ઉપર સિક્કા માર્યા છે કે નહીં તેનું ખાસ ધ્યાન રાખજો. આવું કરવાથી તમને નીચલા હોદ્દાનાં કપટી પોલીસ ઓફિસરોથી બચી જશો.
- જામીન માટેની અરજી અગાઉથી કરી દો. તમારા બધા પરિવારજનો માટે પણ થોડો ખર્ચો થશે પણ તમને પાછળથી ખોટો ત્રાસ નહીં વેઠવો પડે.
- સારો વકીલ ખુબ જરૂરી છે. છુટાછેડાનો વકીલ નહીં પણ ફોજદારી ગુનાનો વકીલ કરવો. અમુક વકીલ પણ લાંચ લઇ કપટ કરે છે. તેનાથી સાવચેત રહેવું.

- રૂા. ૫૦,૦૦૦/- તમારી પાસે હમેશા તૈયાર રાખજો.
- તમે અગાઉથી જામીન મેળવવામાં અસફળ થાઓ તો સામાન્ય જામીન માટે ત્રણ જગ્યાએ અરજી કરો. લોકલ કોર્ટ, જીલ્લા કોર્ટ અને હાઇકોર્ટમા તમારી ઘરપકડ થઇ જાય અને લોકલ કોર્ટ જમીન નામંજૂર કરે ત્યારે આ યોજના તમને કામ લાગશે.
- એવા વ્યકિતના સંપર્કમાં રહો જેનો આવો કેસ પતી ગયો છે જેથી તમે એમના જેવી ભૂલ ટાળી શકો.
- લાગણીઓ માં કદી તણાઇ નહીં જતાં તમારી પત્ની સામે જોઇ ‘નિર્બળ’ કે ‘અબલા નારી’ નું ચિત્ર તમારા મનમાં ઘડતા નહીં. તેની પરિસ્થિતી માટે પોતાને જવાબદાર માનશો નહીં. આ ખોટા ચહેરાની પાછળ એક બદલાખોર સ્ત્રી છુપાયેલી છે અને તેને સાથ આપનાર છે કપટી સરકારી કર્મચારીઓ. અગાઉથી જામીન લેવી ખુબ જ જરૂરી છે કારણકે આ તમારા બચાવ માટે ખુબ મહત્વનું છે. અગાઉથી જામીન મેળવશો તો માની લો કે ઘણા ખરા અંશે તમે મુકદમો જીતી ગયા.

અમુક કાયદાકીય મુદાઓ અને તમારા અધિકારીથી તમે વાકેફ હશો તો તમે ૪૯૮-એ સામે સારી લડત આપી શકશો.

અમુક કાયદાકીય મુદ્દાઓ તમે કાયમ સાંભળતા હશો પણ તેમનો અર્થ સમજવો જરૂરી છે.

**એફ આઇ આરઃ** પોલીસ અફસર દ્વારા નોંધતી આ પહેલી માહિતીનો રીપોર્ટ છે. આ માહિતી અરજ કરનાર કે બીજુ કોઇ પણ વ્યકિત આપી શકે. એફઆઇઆર નાં આધાર પર પોલીસ અફસર પોતાની તપાસ ચાલુ કરી શકે છે. પોલીસ અફસર માહિતી નોંધવાનો ઇનકાર કરે તો આજ માહિતી લેખીત ટપાલનાં રૂપમાં પોલીસ સુપ્રિન્ટેન્ડર ને મોકલી શકાય છે. માહિતીથી સંતુષ્ટ હોવા પર સુપ્રિન્ટેડન્ટ પોતે તપાસ હાથમાં લઇ શકે છે અથવા તો બીજા કોઇ અફસર ને તપાસ કરવાનો આદેશ આપી શકે છે.

- **તપાસઃ** ગુનો ખરેખર થયો છે કે નહીં આ માટેના પુરાવા શોધવાની ક્રિયાને તપાસ કહેવાય છે. ગુના શોધક કારવાઇમાં પોલીસ અફસરને તાત્કાલિક તપાસ શરૂ કરવાની સત્તા હોય છે. તપાસ હેઠળ આરોપી કે આરોપ ને લાગતા બધા જ સબુત/પુરાવા ભેગા કરવા જરૂરી બને છે. નીચેની માહિતી APCID ની વેબસાઇટ પરથી મેળવેલ છે.
- તપાસ દરમ્યાન ૧૫ વર્ષની નીચેના પુરુષ ને અથવા તો કોઇ પણ સ્ત્રીને પોતાના ઘર સિવાય બીજે કશે બોલાવી શકાય નહીં.
- પોલીસ અફસર કોઇ પણ વ્યકિતની માત્ર મૌખિક તપાસ જ કરી શકે.
- માહિતી આપનાર વ્યકિતને ગુનેગાર ઘોષીત કરીને ઘરપકડ કરીને અથવા દંડની ઘમકી આપી કોઇ પણ જવાબ આપવા જોરજબરજસ્તી કરી શકાય નહીં.
- તપાસ દરમ્યાન પોલીસ અફસર દ્વારા લખેલી માહિતી ઉપર બળજબરીથી માહિતી આપનારાની સહી લઇ શકાય નહીં.
- તપાસ દરમ્યાન માહિતી આપનાર પર કોઇ પણ પ્રકારની રોકટોક મુકવાની છુટ પોલીસ અફસરને નથી.
- પોલીસ અફસર માહિતી આપનારને નજીકનાં પોલીસ મથકે અમુક સમયે બોલાવી શકે છે. લેખિતમાં આદેશ મળતા માહિતી આપનારની ફરજ બને છે કે તે સુચવેલ સમયે ત્યાં હાજર રહે.
- દરેક પ્રશ્નનો સાચો જવાબ આપવા માહિતી આપનાર વ્યકિત બંધાયેલી છે.
- પોલીસ અફસર અથવા, બીજું કોઇ પણ વ્યકિત માહિતી આપનાર સાથે બળજબરી કે ધાક ધમકી, કે વાયદો કરી શકે નહીં.

**ચાર્જશીટઃ** તપાસ કર્યા બાદ પોલીસ અફસર તપાસનો રીપોર્ટ મેજીસ્ટ્રેટને આપે છે. આરોપીને પ્રશ્નો પુછી તેની વાત સાંભળી મેજીસ્ટ્રેટ તેના ઉપર મુકદમો ચલાવાનો આદેશ આપે છે.

**ઘરપકડઃ** કોઇક વ્યકિતને પોલીસ સ્ટેશન અથવા પોલીસની નીગરાનીમાં રહેવાનો આદેશ મળ્યો હોય તો તેની ઘરપકડ થઇ કહેવાય. પરવાનગી વગર આ વ્યકિતને કશે જવાની છુટ નથી.

- **અગાઉથી મળતી જામીનઃ** ઘરપકડ થયા પહેલાજ આરોપીને કોર્ટ તરફથી જામીન પર છુટવાની પરવાનગી મળે છે.
- **જામીનઃ** મુકદમો ચાલતો હોય તે દરમ્યાન આરોપી જેલમાં નહીં પણ પોતાના ઘરમાં રહી શકે તે માટે જામીનના રૂપમાં અમુક રૂપિયા ભરવા પડે. આના બદલામાં જરૂર પડે ત્યારે કોર્ટમાં હાજર થવું તે આરોપીની ફરજ બને છે. સમય અને તારીખ મુજબ આરોપી કોર્ટમાં હાજરના થાય તો જામીનમાં રૂપિયા કોર્ટ દ્વારા જપ્ત કરવામાં આવે છે અને આરોપીનાં ખીલાફ ઘરપકડનું વોરંટ નીકળી શકે છે. આ ઉપરાંત જામીનનો કાયદો ભંગ કરવાનો ફોજદારી ગુનો પણ દાખલ થઇ શકે.

**કાયદા, પોલીસ, કોર્ટ અને તમારા અધિકારોઃ** તમારા મુકદમા ના અદાલતી પરિક્ષણ દરમ્યાન પોલીસ તમારી એકમાત્ર શત્રુ છે. પોતાના મૂળભૂત અધિકારો અને ભારતનાં ન્યાયતંત્રથી જાણકાર હશો તો આવી પરિસ્થિતિમાં તમે પોલીસનો સામનો કરી શકસો. દુનિયાભરના કાયદા એક વાતને માને છે "કાયદાથી અજાણપણું એ નિદોર્ષતા નથી". આ નિયમ સદીઓ પહેલા 'કોડ ઓફ જસ્ટીનીયન ધ ગ્રેટ' માં લાગું પડયો હતો. આ પ્રકરણ વાંચ્યા બાદ તમે તમારા અધિકારો અને પોલીસની ક્ષમતા વિશે ઘણું બધું જાણી જશો. પોલીસ કદી કાયદાથી અજાણ બને તો તેને યાદ અપાવજો કે "કાયદાથી અજાણપણું એ નિદોર્ષતા નથી".

ભારતીય સુપ્રિમ કોર્ટ દરેક કાયદા માટે આખરી લવાદ છે. કાયદાનું અર્થઘટન ચુકાદાનાં આધાર પર થાય છે. નીચે દર્શાવેલ અમુક સુપ્રિમ કોર્ટના ચુકાદા તમને તમારા મૂળભૂત અધિકારો વિશે વધુ માહિતી આપશે અને તમને ૪૯૮-એ ની કલમ સામે લડવાની મદદ કરશે.

**સુપ્રિમ કોર્ટનો આદેશ એકંદર અને ઉચ્ચ છે.**

ભારતીય યુનિયન અને એ એન આર સામે રઘુવીર સીંઘ (મૃત્યુ પામેલ) ચુકાદો (૧૬.૦૫.૧૯૮૦) નો કરાર ૧૪૨ કહે છેઃ સંવીધાન નો આદેશ છે કે સુપ્રિમ કોર્ટનો નીયમ ભારતની બધી અદાલતોએ માન્ય રાખવો ફરજીયાત છે. નીચે ચુકાદામાંથી અમુક ભાગ છે જે તમારા મૂળભૂત અધિકારો અને અન્ય કાયદાથી તમને ૪૯૮-એ સામે લડવા માટે જાણ કરે છે.

"સુપ્રિમ કોર્ટ દ્વારા આપેલ બધા જ ચુકાદા દેશના કાયદા/નીયમ/આદેશ છે. સરકારી શાખાઓ આ હુકમ માને અને અમલમાં મૂકે તે ફરજીયાત છે".

કાયદાકીય પધ્ધતિનો અધિકારઃ ભારતીય સંવીધાન ભારતીય નાગરિકોને અમુક મૂળભૂત અધિકાર આપે છે. દરેક ભારતીય નાગરિકને કાયદાકીય પધ્ધતિ થી મુકદમો લડવાનો અધિકાર છે. આ મૂળભૂત અધિકારનું શોષણ કોઇ પણ સરકારી સંસ્થા કરી શકે નહીં.

સુપ્રિમ કોર્ટ (ભારતનાં નાગરિકો સામે આસામ રાજ્ય અને બધાઃ ૧૯૯૬ એલ, જે ૩૨૪૭) વારંવાર ચેતવણી આપી છે કે "કોઇ પણ હોદ્દાનો પોલીસ ઓફિસર કાયદાનો ભંગ કરે તો તેના ઉપર કાયદાકીય મુકદમો ચાલી શકે છે. અથવા તેને જેલની સજા થઇ શકે છે."

**અમૂક અધિકારો નીચે મુજબ છે.**

**આર્ટીકલ ૧૪: નિષ્પક્ષ કાયદોઃ** ભારતમાં રહેતા નાગરિકો સાથે કાયદો કોઇ પણ પ્રકારનો ભેદભાવ કરી શકે નહીં.

**આર્ટીકલ ક્રરાર ૨૦ઃ આરોપીને ગુનાનો દોષિત હોવાનું જાહેર કરતા ઠરાવ હેઠળ સંરક્ષણ મળવું જરૂરી છે.**

૧. આરોપીને પોતાના ગુના માટે જે સજા મળવી જોઇએ તેનાથી વધારે સજા આપી શકાય નહીં. વધારે દંડ ભરવાનું પણ આરોપીને કહી શકાય નહીં.
૨. કોઇ પણ આરોપીને એકથી વધુ વખત સજા આપી શકાય નહીં.
૩. કોઇપણ આરોપીને પોતાની જાત માટે સબુત બનવા માટે જોરજબરજસ્તી કરી શકાય નહીં.

**આર્ટીકલ ૨૧ઃ જીવન અને સ્વાધીનતા માટેનું સંરક્ષણ**

કોઇ પણ આરોપીને પોતાના જીવન કે સ્વાધીનતાથી વંચિત રાખી શકાય નહીં, સિવાય કે કાનૂની આદેશ હોય.

**આર્ટીકલ ૨૨ઃ અમુક કિસ્સામાં ઘરપકડ અને અટકાયત માટે સંરક્ષણ**

૧. ઘરપકડ વખતે આરોપીને જાણ વગર કશે અટકાવી શકાય નહીં. તેની પસંદનાં વકીલની સલાહ લેવા માટે પણ તેને રોકી શકાય નહીં.
૨. ઘરપકડ કર્યા બાદ આરોપીને ૨૪ કલાક થી વધુ સમય કબજામાં રાખી શકાય નહીં. પ્રવાસનો સમય બાકાદ કર્યા બાદ આરોપીને મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર કરવો જરૂરી છે. મેજીસ્ટ્રેટનાં આદેશ વગર આરોપીને વધુ સમય કબજામાં રાખી શકાય નહીં.

**આર્ટીકલ ૩૨ઃ અધિકારોને અમલમાં મુકવાનો ઉપાય**

૧. પોતાના મૂળભૂત અધિકારો મેળવવા કોઇ પણ આરોપી સુપ્રિમ કોર્ટ માં મુકદમો લડવાની અરજી કરી શકે છે.
૨. આરોપીને અધિકાર અપાવવા અને ગુનાદોષિત કરવાના બધાજ અધિકાર સુપ્રિમ કોર્ટ પાસે રહેલા છે.

ઉપર દર્શાવેલ દરેક અધિકારમાંથી સૌથી વધુ શોષણ તમારા જીવન અને સ્વાધિનતાના અધિકારનું થશે. આ શોષણ પોલીસ વારંવાર તમારી સાથે કરશે. તમારા મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થાય તો તમને પૂરેપૂરો હક બને છે કે તમેઃ

- સીધા હાઇકોર્ટ કે સુપ્રિમ કોર્ટમાં અરજી કરો.
- અધિકારનું શોષણ થવા પર સુપ્રિમ કોર્ટને સંપર્ક કરવો તે તમારો મૂળભૂત અધિકાર છે.

સુપ્રિમ કોર્ટનો સંપર્ક કઇ રીતે કરવો તે માટેની માહિતી તમને આ વેબસાઇટ પરથી મળશે. (http://tinyurl.com/24gmex).

અમુક શરતોને માન્ય રાખીને, સુપ્રિમ કોર્ટની કાયદાકીય સંસ્થા મફત કાનૂની સલાહ આપે છે.

**કોઈપણ નાગરિકની ધરપકડ કરવા માટે પોલીસની ક્ષમતાઃ**

ગુનાનો ચુકાદો ૧૯૭૩, દફા ૪૧ કહે છે કે :

કોઇપણ પોલીસ ઓફીસર વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકેઃ

૧. કોઇપણ પોલીસ અફસર મેજીસ્ટ્રેટનાં આદેશ કે વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકે.
૨. ધરપકડ કરવા માટે પોલીસને આરોપી પર શંકા હોય, કોઇએ તેને ખીલાફ ફરીયાદ કરી હોય કે પછી અદાલતી તપાસ કરી શકાય તેવો ગુનો હોય તેટલું જ કાફી છે.

પણ સુપ્રિમ કોર્ટ આનાથી તદ્દન વિરુધ્ધ વાત કહે છે. ચીફ જસ્ટીસ, એમ.એન. વેંકટચલઈમા પોલીસની (ઉત્તર પ્રદેશ ૨૫/૦૪/૧૯૯૪ સામે જોગીંદર કુમાર) પોલીસની ધરપકડની પ્રક્રિયાની ક્ષમતાની વ્યાખ્યા આપે છે. આ ચુકાદો ખાસ કરીને અદાલતી તપાસ કરી શકાય તેવા ગુના માટે છે, જેમ કે ૪૯૮-એ

“કાયદાકીય પધ્ધતિ વગર કોઇપણ પોલીસ ઓફીસર આરોપીની ધરપકડ કરી શકે નહીંઃ ધરપકડ કરવાની છુટ/ક્ષમતા એક વસ્તુ છે અને ધરપકડનું વ્યાજબીપણું દર્શાવવું એ બીજી વસ્તુ છે.

ધરપકડ કયા આધાર પર કરી તેનો સબળ પ્રમાણ આપવું પોલીસ ઓફીસરની ફરજ બને છે. ધરપકડ કે કબજો એ કોઇ પણ વ્યકિતની સામાજીક ઈજ્જત અને સ્વાભીમાન ને ખુબ જ ઠેસ પહોચાડે છે. નાગરિકોનું સંરક્ષણ કરવું અને સંવિધાને આપેલા અધિકારોને માન આપવું એ દરેક પોલીસ ઓફીસરની ફરજ બને છે. જરૂરી તપાસ કર્યા વગર અને કાનુની વોરંટ વગર આરોપીની ધરપકડ કરવાનો પોલીસને કોઇ હક બનતો નથી. કોઇક પણ વ્યકિતની તેની સ્વાધીનતા થી વંચિત રાખવી એ ગુનો છે.”

ધરપકડ કરતા પહેલા બીજી અનેક જરૂરિયાતો પુરી કરવી મહત્ત્વની છે. તે નીચે મુજબ છેઃ

૧. ખૂન ખરાબો, મોટી ચોરી અને બળાત્કાર જેવા ગુનામાં ધરપકડ કરવી જરૂરી બને છે. આવું કરવાથી ત્રાસ કે યાતનાના ભોગ બનેલા વ્યકિતીને માનસિક આધાર મળશે.
૨. પોલીસને શક હોય કે આરોપી ફરાર થઇ જશે તો પણ તેની ધરપકડ કરી શકાય.
૩. આરોપી હિસંક વર્તન કરે અને વધુ કરશે તેવી શંકા હોય તો તેની ધરપકડ કરી શકાય.
૪. આરોપીને મોટા ગુના કરવાની આદત થઇ ગઇ હોય તો તેને રોકવા માટે તેની ધરપકડ ખુબ જરૂરી છે.

દિલ્હી હાઇ કોર્ટ સી.આર. એલ.એમ.એમ. ૩૮૭૫/૨૦૦૩ ૨૮.૦૧.૨૦૦૪ સામે સી.બી.આઇ. ના મુકદમા માં જસ્ટીસ જે.ડી.કપૂરે કહ્યું છે કેઃ

“આ અદાલતનો અનુભવ છે કે આઇ.પી.સી. હેઠળ કલમ ૪૯૮-એ/૪૦૬ પોલીસ અને અરજ કરનાર દ્વારા ખુબ શોષણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આ ગુનો એટલો મોટો નથી કે તેના હેઠળ આકરી સજા આપવી જોઇએ.”

છતાં પણ આરોપીના દૂરના કે નજીકનાં નાનાં કે ઘરડાં બધાજ સગાસંબંધીઓની ધરપકડ પોલીસ કરે છે. બીનજરૂરી લોકોની ધરપકડ કરવી વ્યર્થ છે. અરજ કરનાર, તેને મા બાપ અથવા તો બીજા કોઇ લાગતા વળગતા વ્યકિતનું બયાન કાફી છે. ખોટા પગલાં ભરવાથી પોલીસ ઘર જોડવાને બદલે ઘરને તોડવાનું કામ કરે છે. ઘરનાં કોઇ પણ વ્યકિત કે સગાસંબંધીઓની ધરપકડ થતાં જ વાત છુટાછેડા અને દુઃખી અવસ્થા તરફ જવા માંડે છે. ગંભીર ગુના વગર ધરપકડ કરવી હીતાવહ નથી."

હું ખુબ ઉત્સુક છું એ જાણવા માટે કે તમારા દાદા, દાદી, બાળકો, મા બાપ જસ્ટીસ એમ.એન વેંકટચલીયા ના કહેવા મુજબ કઇ રીતે બચી શકે છે. પોલીસ તમને કહેશે કે ૪૯૮-એ અદાલતી તપાસની ક્રિયા કરી શકાય તેવો ગુનો છે. પણ અદાલતી તપાસનો અર્થ થાય કે તપાસ અંગે રીતસર માહિતી મેળવવી નહીં કે ધરપકડ કરવી.

મેં એવી એક વાત સાંભળી છે કે બીજા અનેક ચુકાદામાં સુપ્રિમ કોર્ટ પોલીસને વોરંટ વગર આરોપીની ધરપકડ કરવાની પરવાનગી આપી છે. મેં બધા ચુકાદા વાચ્યાં નથી તેથી હાલ આનાથી અજાણ છું. આ ઉપરાંત તમારી ધરપકડ નું પ્રમાણ હોવું જરૂરી છે એમાં કાંઇ બે મત નથી. તમારી ધરપકડ થાય તો પોલીસે તમારી સાથે માન પૂર્વક વર્તન કરવું અને તમારા અધિકારો ધ્યાનમાં રાખવા જરૂરી બને છે. આમ ના થાય તો તમે અદાલતમાં ફરિયાદ નોંધાવી શકો છો. આગળ વાંચો અને સમજો કે હું શું કહેવા માંગું છું.

**કોઇક વ્યકિતની ધરપકડ થાય તો તેના માટેની પ્રક્રિયા શું છેઃ**

(ડી કે બાસુ સામે વેસ્ટ બેંગાલ રાજય ૧૯૯૭ ISCC ૪૨૬) સુપ્રિમ કોર્ટ દ્વારા દરેક રાજયોને આરોપીની ધરપકડ અંગે અમુક આદેશ આપવામાં આવ્યા. આ ચુકાદાને ભારતનાં મિરાન્ડા અધિકારોનું નામ આપવામાં આવ્યું છે. આ ચુકાદો પોલીસની ધરપકડ પ્રક્રિયા અને હવાલાતમાં વ્યકિતઓનાં અધિકારોની વાત કરે છે. દેશમાં હવાલાતમાં ઘણા બધા આરોપીઓની મૃત્યુ થવાને કારણે આ ચુકાદો આપવામાં આવ્યો. (http://tinyurl.com/268rvb) આ ચુકાદા પ્રમાણે કોઇ પણ હોદ્દાનો પોલીસ ઓફીસર અદાલત દ્વારા ગુનેગાર દોષીત થઇ શકે છે. જો તે ચુકાદાનો આદેશ માન્ય ના રાખે તો.

સુપ્રિમ કોર્ટનો ચુકાદો નીચે મુજબ છેઃ

૧. આરોપીની ધરપકડ અને તપાસ હાથમાં લેનાર પોલીસ અફસર વ્યવસ્થિત હોવો જોઇએ. તેની ઓળખ, નામ અને હોદ્દો દેખીતો હોવો જરૂરી છે. આરોપી અને પોલીસ ઓફીસરની દરેક વિગતની નોંધણી કરવી ફરજીયાત છે.
૨. ધરપકડ કરનાર પોલીસ ઓફીસરે ધરપકડનાં સમય અને સ્થળે એક મેમોરેન્ડમ પત્ર બનાવવું જરૂરી છે. મેમોરેન્ડમ ઉપર આરોપીના પરિવાર અથવા ફળીયાનાં એક સભ્યએ સાક્ષી આપવી જરૂરી બને છે. આ પત્ર ઉપર સ્થળ અને સમય સાથે આરોપીની સહીની પણ જરૂર પડે છે.
૩. કોઇ પણ આરોપીની ધરપકડ, તપાસ કે કબજો લેવાતો હોય ત્યારે તેને પોતાના ભઇબંધ, પરિવારના સભ્યો અથવા બીજા કોઇ સગાને તેની ધરપકડ વિશે જાણ કરવાનો અધિકાર છે. પોતાને કઇ જગ્યાએ હવાલાતમાં બંધ કરવાના છે તે વિશે ની જાણ કરવાનો પણ આરોપીને અધિકાર છે.

સાક્ષી આપતું વ્યકિત તમારી નજીકનું હોય તો આમ કરવાની જરૂર નથી.

૪. જો આરોપીના સગા જીલ્લાની બહાર રહેતા હોય તો તેની ધરપકડ અને હવાલાતનાં સમય અને સ્થળ વિશે ની માહિતી આપવાની જવાબદારી પોલીસની બને છે. આ જાણ ૮ થી ૧૨ કલાકની અંદર કરવી જરૂરી છે. હવાલાતથી છુટવાના સમયે આરોપીને તેની જાણ કરવી જરૂરી છે.
૫. ધરપકડ થઇ હોય તેનો સમય, સ્થળ, કરનાર અફસરનું નામ અને સાક્ષી આપનાર વ્યકિતનાં નામની માહિતીની નોંધ એક ડાયરી માં કરવી જરૂરી છે. હવાલાતની જગ્યા/સ્થળ પણ આ ડાયરીમાં નોંધાવું જોઇએ.
૬. ધરપકડ દરમ્યાન આરોપીના શરીરની તપાસ કરવી જરૂરી છે. તેના શરીર પર નાના મોટા ઘા કે હાની થઇ હોય તો તેની નોંધણી કરી આરોપી અને પોલીસ અફસરે સહી કરવાની ફરજ બને છે. આ મેમોની કોપી આરોપીને પણ આપવી પડે.
૭. હવાલાત દરમ્યાન દર ૪૮ કલાકે આરોપીની મેડીકલ તપાસ નિષ્ણાત ડોકટર દ્વારા થવી જોઇએ.
૮. બધાજ પત્રો, પુરાવા અને મેમોની એક કોપી જીલ્લા મેજીસ્ટ્રેટ ને આપવી જરૂરી છે.
૯. આરોપીને અમુક સમયે પોતાના વકીલને મળવાનો અધિકાર છે.
૧૦. દરેક જીલ્લા અને રાજયમાં પોલીસ કંટ્રોલ રૂમ હોવો જરૂરી છે. આરોપીની ધરપકડનાં ૧૨ કલાકની અંદર કંટ્રોલ રૂમમાં તે વિશે જાણ કરવી જરૂરી છે. કંટ્રોલ રૂમનાં બોર્ડ ઉપર ધરપકડની નોટીસ મારવી પણ જરૂરી છે.

ઉપરની જરૂરિયાતોને જો ધરપકડ કરનાર પોલીસ અફસર ધ્યાનમાં નહીં રાખે તો તે ગુના હેઠળ દોષીત કરાર થઇ શકે છે. આ અફસરનાં ખીલાફ પોલીસ સ્ટેશન, જીલ્લા કોર્ટ કે હાઇકોર્ટમાં ફરિયાદ કરી શકાય છે.

(ડી.કે. બાસુ, અશોક કે જોહરી સામે વેસ્ટ બેંગાલ રાજય, ઉત્તર પ્રદેશ તા. ૧૮/૧૨/૧૯૯૬ કુલદીપ સીંધ, એ,એસ આનંદ) સુપ્રિમ કોર્ટ ત્રાસની વ્યાખ્યા આપે છે કેઃ

ભારતનાં સંવિધાન હેઠળ ત્રાસની કોઇ વ્યાખ્યા નથી. ‘ત્રાસ’ એ એક પ્રબળ વ્યકિત દ્વારા નબળા વ્યકિત પર શોષણ કરવાનું સાધન છે. ત્રાસ શબ્દ નો બીજો અર્થ આજકાલ અવિનીત કે ઉધ્ધત વ્યકિત તરીકે પણ વપરાય છે.

ત્રાસ એક આત્માને સ્પર્શી જતો ખુબ ઊંડો અને દુઃખદાયક ઘા છે. આ ઘા વ્યકિતના હ્રદય પરથી કદી રુંઝાતો નથી. ત્રાસનાં ઘણા દુઃખદાયક રૂપ છે. ત્રાસ એક મહાદુઃખ છે. છાતીને ચીરે છે, બરફ જેવું ઠંડું છે, પથ્થર જેવું ભારે છે. ત્રાસથી થતું દુઃખ આગાધ ઊંડુ અને અંધકારમય છે.

ત્રાસ થાય છે ત્યારે પોતાની જાતને ખલાસ કરી દેવાની ઇચ્છા થાય છે. ત્રાસ એ હતાશા, ડર, પ્રચંડ ક્રોધ અને નફરતનો રૂપ છે.

એડ્રીઆના.પી. બારતો કહે છે કે “માનવ હકક નાં હેતુ વિશે ઘણી બધી મહાસભા યોજાય છે. પરંતું માનવ અધિકારના શોષણ/ભંગને કોઇ ‘ત્રાસનું’ નામ આપતું નથી. ત્રાસને રોકવા જોઇએ તેટલા પ્રયત્નો થયા ઉપરાંત ત્રાસ વધતો જ જાય છે. પોલીસ હવાલાતમાં આરોપી ઉપર ત્રાસ ગુજારવો એ કોઇ પણ વ્યકિતનાં સ્વાભિમાન, આત્મસન્માન કે વ્યકિતત્વ ને ખુબ જ ઠેસ પહોંચાડે છે.

**જામીન નો અધિકાર**

કલમ ૪૯૮-એ નાં સંદર્ભમાં હું શુશીલ કુમાર સીંઘની કહેલી વાત કહેવા માંગું છું.

"કાયદાકાનુન ના ધારાધોરણ ની કલમ ૪૩૭ ના પ્રમાણે ૪૯૮-એ ગુનાની હેઠળ પણ જામીન પર આરોપીને છોડી શકાય છે. જામીન આપવી કે ના આપવી એ અધિકાર કોર્ટનો છે. કાયદા કાનુનનાં ધારાધોરણ ના પહેલા પ્રકરણ માં જામીન અને બીનજામીન ગુનાની સુચી છે."

(ક્રિષ્ના આઈયર, જે નારાસીમહુલુ અને બધા સામે હાઈ કોર્ટ પબ્લીક પ્રોસીક્યુટર આંધ્રપ્રદેશ એ. આઈ. આર, સુપ્રિમ કોર્ટ ૪૨૯)

નીચેનું અવતરણ જામીન પર છુટવાના અધિકારોનું માર્ગદર્શન આપે છે. આ સુપ્રિમ કોર્ટનો ચુકાદો છે.

ભારતીય સંવીધાન માં કરાર ૨૧ કહે છે કે "કોઈ પણ વ્યકિતને પોતાની સ્વાધીનતાથી વંચીત રાખવી તે એક ગુનો છે. આવું કરવાથી તે વ્યકિત અને સમુદાયને ખુબ જ નુકસાન પહોચે છે. કોઈ આરોપીની જામીન જયારે નામંજૂર થાય ત્યારે તેની સ્વાધીનતા છીનવાઈ જાય છે. કપટી અફસરો અને કર્મચારીઓ આરોપીના મૂળભૂત અધિકારનું શોષણ કરી જામીન નામંજૂર કરે છે. સ્વાધીનતા એ માનવ અધિકાર છે."

(મોતીરામ અને બધા સામે મધ્યપ્રદેશ રાજય એ આઈ આર ૧૯૭૮ એસ સી ૧૫૯૪) સુપ્રિમ કોર્ટ એ પણ કહયું છે કે

"જામીનનાં પૈસા આરોપીની આર્થિક પરિસ્થિતિ કરતાં વધારે હોય તો સંવીધાન નો નિયમ ભંગ થયો કહેવાય".

(ગુરબાકા સીંઘ સીબ્બીઆ સામે પંજાબ રાજય એ આઈ આર ૧૯૮૦ સુપ્રિમ કોર્ટ ૧૬૩૨) સુપ્રિમ કોર્ટ કહે છે કે એફઆઈઆર દાખલ થયા પછી પણ અગાઉથી જામીન માટે અરજી કરી શકાય છે. પણ ઘરપકડ થયા બાદ આમ કરી શકાય નહીં.

નીચેનું અવતરણ વાંચો અને અગાઉથી કરેલી જામીનની અરજીને સમજો.

કાયદાકાનુની ધોરણો પ્રમાણે અગાઉથી જામીન મેળવવા માટે અમુક શરતો પુરી કરવી જરૂરી છે. આરોપી માને છે કે તેની ધરપકડ બીનજામીની ગુના હેઠળ થશે તો આ માન્યતાના પુરાવા આપવા પડે. આ માન્યતા વ્યાજબી હોવી જરૂરી છે. આવું માનવા પાછળ એફઆઈઆર દર્જ થઈ હોવી જરૂરી નથી. એફઆઈઆર વગર પણ ધરપકડ થવાની છે તેવી માન્યતા આરોપીને થઈ શકે છે. ધરપકડ ના થઈ હોય પણ એફઆરઆઈ નોંધાયો હોય તો પણ અગાઉથી  જામીનની અરજી કરી શકાય. ધરપકડ થયા બાદ આરોપી કલમ ૪૩૭ અથવા ૪૩૯ ના હેઠળ જામીન માટેની અરજી કરી શકે".

**ધરપકડની વ્યાખ્યા**

સુપ્રિમ કોર્ટ (કુલતેજ સીંઘ સામે પોલીસ ઇન્સપેકટર અને બધા ૧૯૯૨ એલ જે ૧૧૭૩ કરનાટકા) ધરપકડની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે.

"કાનુની ધોરણ ૪૬ નો એક ભાગ એવી માહિતી આપે છે કે કોઇ પણ વ્યકિતને પોલીસ સ્ટેશનમાં કબજે કરી હોય તો તેની ધરપકડ થઇ કહેવાય. વોરંટ વગર પોલીસ ઓફીસર કોઇની પણ ધરપકડ કરી શકે નહીં અને સંજોગ વસાત આમ કરે તો ૨૪ કલાક થી વધુ સમય આરોપીનો કબજો રાખી શકે નહીં. ધોરણ ૧૬૭ પ્રમાણે જો મેજીસ્ટ્રેટને આદેશ હોય તોજ આરોપીનો કબજો ૨૪ કલાકથી વધુ સમય થઇ શકે. હરદીપ સીંઘ નામના આરોપીને સવાનુરના પોલીસ સ્ટેશનમાંથી ૨૪ કલાકની અંદર મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર કરવા પડયા હતા".

**પોલીસ દ્વારા માનપૂર્વક આચરણનો અધિકાર**

સુપ્રિમ કોર્ટ (રવીકાન્ત પાટીલ સામે મહારાષ્ટ્ર રાજય અને બધાઃ ૧૯૯૧ એલ જે ૨૩૪૪ મુંબઇ):
"કરાર ૨૧ ના હેઠળ દરેક આરોપીને માનપૂર્વક જીવન જીવવાનો અને સ્વાધીનતાનો અધિકાર છે. ધરપકડ થઇ હોય તે દરમ્યાન આરોપીનું અપમાન કે શોષણ કરવાનો અધિકાર પોલીસને નથી".
આ ચુકાદો એક વાત સ્પષ્ટ કરે છે કે આરોપી ઉપર કોઇ પણ પ્રકારની શારિરીક કે માનસિક હિંસા કે ત્રાસ પહોંચાડવાનો અધિકાર પોલીસ પાસે નથી.

**ત્રાસ કે થર્ડ ડીગ્રીની પધ્ધતિ પોલીસ તમારા પર લાગુ કરી શકે નહીં.**

સુપ્રિમ કોર્ટ (ભગવાન સીંઘ સામે પંજાબ રાજય ૧૯૯૮ એલ જે ૨૨૦૧ મુંબઇ) ક્હે છે કે.
"ધરપકડ થયેલ વ્યકિત શકના દાયરામાં હોય છે તેથી તેની તપાસ કરવાની કાયદાકીય હાની પહોંચાડવાનો નથી. પૂછપરછ નો આશય માત્ર તપાસની સફળતા જ છે. થર્ડ ડીગ્રી હેઠળ ગુનેગારો ત્રાસ આપવો એ એક કાયદાકીય ગુનો છે. બંધ બારણે જો કાનૂની અફસરો પોતેજ ગુનો કહે તો સમાજનું રક્ષણ કદી નહીં થઇ શકે. શારિરીક ત્રાસ પહોંચાડવાની જગ્યાએ પૂછપરછ ની કોઇ નવી રીત શોધવી જરૂરી છે. પોલીસ અફસરો જો આવી બીનકાનૂની પધ્ધતિ અપનાવે છે તો તેઓ નાગરિકોમાં દેહશત ફેલાવાનું કામ કરે છે".

**તમને હથકડી પહેરવાનો અધિકાર પોલીસને નથી**

સુપ્રિમ કોર્ટ (ભારતીય નાગરિક સામે આસામ રાજય અને બધાઃ ૧૯૯૬ એલ જે ૩૨૪૭) ક્હે છે કેઃ

"કોઇ પણ વ્યકિતને ધરપકડ કરતી વખતે, ઘરેથી પોલીસ સ્ટેશન લઇ જતી વખતે કે એક જેલમાંથી બીજી જેલમાં લઇ જતી વખતે હથકડી પહેરાવી શકાય નહીં. પોલીસ અને જેલનાં અધિકારીઓને મેજીસ્ટ્રેટના આદેશ વગર કોઇ પણ ગુનેગારને હથકડી પહેરાવાનો અધિકાર નથી. અમુક પરિસ્થિતિઓમાં હથકડી પહેરાવાની પરવાનગી હોય છે જેમકે કોઇ ખૂની, માનસિક રીતે બીમાર કે ખુંખાર આતંકવાદી".

**એક મહિલાની ધરપકડ અને હવાલાતમાં કબજોઃ**

સુપ્રિમ કોર્ટ (ભારતીય ખ્રિસ્તી સમુદાય સામે મહારાષ્ટ્ર સરકાર અને અન્ય ૧૯૯૫ એલજે ૪૨૨૩ મુંબઇ) કહે છે કેઃ

"રાજય સરકારનો હુકમ છે કે કોઇ પણ સ્ત્રીની ધરપકડ સુર્યાસ્ત પછી કે સુર્યોદય પહેલા થઇ શકે નહીં. સ્ત્રીની ધરપકડ કરવા માટે મહિલા પોલીસ કર્મચારીની મંજૂરી હોવી જરૂરી છે.

પુછપરછ કે તપાસના બહાને પોલીસ કોઇ પણ નાગરિકને પોલીસ સ્ટેશનમાં રોકી શકે નહીં.

સુપ્રિમ કોર્ટ (અશાક હુસૈન અલ્લાહ દેથા, અલીયાસ સીદીકકી અને અન્ય સામે કસ્ટમનાં આસીસટન્ટ કલેકટર (પી) મુંબર અને અન્યઃ ૧૯૯૯ એલ.જે. ૨૨૦૧, મુંબઇ) કહે છે કેઃ

પુછપરછનાં અધિકારીઓ કોઇ ગુના હેઠળ આરોપીને હવાલાતમાં લઇ શકે અથવા પોલીસ સ્ટેશનમાં રોકી શકે. પણ અમસ્તી પુછપરછ કરવા કોઇ સામાન્ય વ્યકિતની અટકાયત પોલીસ સ્ટેશનમાં થઇ શકે નહીં. કોઇ ગુના વગર સ્વાધીનતાનું શોષણ એ કાયદાનો ભંગ છે. પુછપરછ અધિકારીને ગુના વગર કોઇ પણ વ્યકિતની અટકાયત કરવાનો કોઇ હક નથી.

ફરજીયાત અદાલતી તપાસવાળા ગુનાની પોલીસે નોંધણી કરવી જરૂરી બને છે.

સુપ્રિમ કોર્ટ (લલાન ચૌધરી અને અન્ય સામે બિહાર રાજય અને અન્ય તાઃ ૧૨/૧૦/૨૦૦૬ બેન્ચ એચ કે સીમા અને પીકે બાલસુભ્રમન્યન) ક્હયું છે કે "ફરજીયાત અદાલતી તપાસવાળા ગુનાની પોલીસે નોંધણી કરવી જરૂરી છે. ઘણા લોકો ખોટી ફરિયાદ કરતા હોય છે તેથી આ નોંધણી જરૂરી છે. અદાલતી તપાસ બાદ જાણ થાય કે ફરિયાદ ખોટી હતી તો ધોરણ ૧૮૨ હેઠળ કાયદાકીય ગુનો નોંધાઇ શકે છે. નીચેનું અવતરણ વાંચોઃ

કાયદાકાનુની ધોરણ ૧૫૪ હેઠળ ફરિયાદની નોંધણી કર્યા પછી જ તપાસ કરવી જોઇએ. ધોરણ ૧૫૪ હેઠળ કોઇ પણ ફરિયાદની નોંધણી કરવી ફરજીયાત બને છે. પોલીસ અધિકારી પાસે બીજો કોઇ વિકલ્પ નથી".

દિલ્હી હાઇકોર્ટ (પ્રિયા ગુપ્તા સામે રાજય. નિર્ણય ની તારીખઃ ૨૦/૦૪/૨૦૦૭ માનનીય જસટીસ રેવા ખેત્રપાલ) ક્હે છે કેઃ

"પોલીસ અધિકારી સામે ફરજીયાત અદાલતી તપાસ વાળા ગુનાહની ફરિયાદ આવે તો તેની પાસે આ ફરિયાદ ની નોંધણી કરવા સિવાય બીજો કોઇ વિકલ્પ નથી. ધોરણ ૧૫૪ આ નોંધણી કરવાની ક્રિયાને ફરજીયાત બનાવે છે".

માનનીય ન્યાયધીશ કહે છે કેઃ
"અદાલતી તપાસ બાદ જો કરેલી ફરિયાદ ખોટી નીકળે તો પુછપરછ અધિકારીઓને પુરો હકક બને છે કે તે ફરિયાદી સામે કાયદાકીય ગુનાની નોંધણી કરે. આ કાયદાકીય ગુનો ધારા ૧૮૨ (આઇ.પી.સી) હેઠળ નોંધી શકાય".

**એફઆઇઆર એ પબ્લિક દસ્તાવેજ છે**

અમુક કિસ્સામાં આરોપીને એફઆઇઆરની કોપી મળતી નથી. ખરી વાત તો એ છે કે એફઆઇઆર એક પબ્લિક દસ્તાવેજ છે. નીચે ગુજરાત હાઇ કોર્ટના ચુકાદાનું અવતરણ છે. (જયંતીભાઇ લાલુભાઇ પટેલ સામે ગુજરાત રાજય ન્યાયાધીશ બી.સી.પટેલ, તાઃ ૧૩/૦૩/૧૯)

"આરોપી સામે જયારે પણ એફ આઇ આર નોંધવામાં આવે છે ત્યારે તેની એક કોપી કોર્ટને પણ સોંપવામાં આવે છે. અમુક કાનુની શરતો અને ધોરણો ધ્યાનમાં રાખીએ તો એફઆઇઆર એક પબ્લિક દસ્તાવેજ બની

જાય છે, જેમકે (૧) ભારતીય સંવિધાનના કરાર ૨૧ મુતાબીક (૨) ધોરણ ૭૪ ના હેઠળ એફઆઈઆર સબુતી કાયદો છે (૩) ધોરણ ૭૬ હેઠળ આરોપીના પણ અમુક હક છે (૪) એફ આઈ આરના દસ્તાવેજ ને ધોરણ ૧૬૨ લાગું પડતું નથી. તપાસનું આ પહેલું પગલું છે અને આરોપીને આની કોપી આપવી જરૂરી બને છે."

**ઝડપી પરિક્ષણ નો અધિકાર**
સુપ્રિમ કોર્ટ પ્રમાણે ઝડપી પરિક્ષણ એ એક મૂળભૂત અધિકાર છે.

નીચે એવા બે કિસ્સા દર્શાવ્યા છેઃ

- દુસેબરા ખાતુન અને અન્ય સામે હોમ સેક્રેટરી બિહાર રાજય. ચુકાદાની તારીખ ૧૨/૨/૧૯૭૯.
- રાજ દેઓ શર્મા સામે બિહાર રાજય, ચુકાદાની તારીખઃ ૦૮/૧૦/૧૯૯૮

સુપ્રિમ કોર્ટ કહે છે કેઃ
"એવું બની શકે કે આરોપી જામીન ઉપર છુટી ગયો હોય પણ ચુકાદો વગર કોઈ કારણ હેઠળ પાછળ ખેંચાયા કરતો હોય તો આરોપીને માનસિક ત્રાસ થઈ શકે છે. આ એક અન્યાય છે. ભવિષ્યનું આયોજન કરવામાં ઘણા અવરોધ આવે છે. સામાન્ય જીવન જીવવામાં તકલીફ થઈ શકે છે. મુકદમો પત્યા પછી આરોપીને માનથી છોડવામાં આવે તો પણ ખરાબ ક્ષણોના વિચાર આ વ્યકિતને હંમેશા/લાંબા સમય સુધી સતાવે છે".

**માહિતી મેળવવાનો અધિકાર**
સુપ્રિમ કોર્ટ પ્રમાણે માહિતી મેળવવાનો અધિકાર એક મૂળભૂત અધિકાર છે.

(પીપલ્સ યુનીયન ફોર સીવીલ લીબરટીસ અને અન્ય સામે ભારતીય યુનીયન અને અન્ય. ન્યાયાધીશ એસ બી સીન્હા તા. ૦૬/૦૧/૨૦૦૪) સુપ્રિમ કોર્ટના ચુકાદા પ્રમાણેઃ

"સવીધાનના કરાર ૧૯ (૧) (અ) ના હેઠળ માહિતી મેળવવાનો અધિકાર એક મૂળભૂત અધિકાર છે પણ કરાર ૧૯(૨) એવું પણ કહે છે કે રાજયનાં હીતમાં અમુક માહિતી પર રોક પણ મુકી શકાય છે".

જીવન અને સ્વાધીનતાના અધિકાર ઘવાતા હોય તો ૪૮ કલાકની અંદર માહિતી આપવાની ફરજીયાત બને છે. પોલીસ અધિકારીઓ તમારા પરિવાર જનોને કબ્જે કરી લે તો તે માટે માહિતી મેળવવાનો મૂળભૂત અધિકાર એક સારુ સાધન છે.

**કારણ માંગવાનો અધિકાર**
(દયારામ સામે રઘુનાથ અને અન્ય તાઃ ૧૫/૦૬/૨૦૦૭) સુપ્રિમ કોર્ટ કહે છે કેઃ

સજાનું કારણ આપવાનો ઈન્કાર એ ન્યાય નો ઈન્કાર છે. આ નવો ચુકાદો છે. મેજીસ્ટ્રેટ તમને કોઈ કારણ વગર જામીન આપવાનો ઈન્કાર કરે તો આ અધિકાર તમને ખુબ કામ લાગશે.

**નીચેનું અવતરણ વાંચોઃ**
કારણ આપવાનો ઈન્કાર એક અન્યાય છે. કારણ જાણવા મળે તો નિર્ણય આપનાર ના મંતવ્યો અને મનની વાત જાણવા મળે છે. કારણ આપવું ફરજીયાત ના હોય તો ન્યાયાધીશ પોતે ચાહે તે નિર્ણય લઈ શકે છે. આવું

હોય તો ન્યાયતંત્ર ખોખલું થઈ જાય અને જેને મન ફાવે તેમ કરે. ન્યાય તંત્રના હીત માટે કારણ આપવું ફરજીયાત બને છે. ગુનેગારને સજા કેમ મળી છે તે જાણવાનો તેને હકક છે. સજાની સાથે સાથે સજાના કારણો જણાવવા ન્યાયાધીશ માટે ફરજીયાત બને છે.

**કૌટુંબિક હિંસાના કાયદા હેઠળ પતિના ઘરમાં રહેવાનો અધિકાર**

(બત્રા સામે બત્રા માર્ચ ૨૦૦૭) સુપ્રિમ કોર્ટનો ચુકાદો તમારા મા બાપ માટે ખુબ મહત્વનો છે. આ ચુકાદો રહેઠાણમાં હીસ્સાની વ્યાખ્યા આપે છે. તમે જે ઘરમાં રહો છો તે ઘર તમારા મા-બાપ કે ભાઇ બહેનનું હોય તો તમારી પત્નીને કૌટુંબીક હિંસાના કાયદા હેઠળ ઘરમાં રહેવાનો અધિકાર નથી. આ અધિકારનો ઉપયોગ કરવો એ માત્ર તમને સતાવવાનું એક કારણ છે. શું તમે કલ્પી શકો છો કે તમારા ઘરડા મા-બાપ ને કેટલો ત્રાસ વેઠવો પડશે. સુરક્ષા અધિકારી આ અધિકારને કોઇ પણ સંજોગમાં માન્ય રાખશે કારણકે તે નીયમોથી અજાણ છે.

પોતાનાં જ ઘરમાં મનની શાંતિ નહીં મળે તો બિચારા વડીલો કયાં જશે?

સુપ્રિમ કોર્ટ આ ચુકાદામાં કહે છે કે
"પતિ અને પત્ની લગ્ન સબંધે જોડાય ત્યારથી તેમનું રહેઠાણ એક જ હોય છે. આ સંબંધને કારણે તેઓ રહેઠાણમાં હિસ્સેદારી ધરાવે છે. પણ આનો અર્થ એમ નથી કે બન્ને નો મિલકતમાં પણ હિસ્સો છે.

જો આ અધિકાર માન્ય રાખવામાં આવે તો એનો અર્થ એ થાય કે ઘરની સાથે સાથે પત્નીને મિલકતમાં પણ બરાબરનો હિસ્સો છે, પતિ અને પત્ની તો કેટલા બધા રહેઠાણમાં જોડે રહેતા હોય છે દા.ત. પતિના બાપના ઘરમાં, દાદાનાં ઘરમાં, નાના-નાનીનાં ઘરમાં, કાકા-કાકી, ભાઇ, બહેન, ભાણેજ વિગેરે-વિગેરે તો આનો અર્થ એવો થાય કે પત્નીને કૌટુંબિક હિંસા ના કાયદા હેઠળ આ બધી જગ્યાએ રહેવાનો અધિકાર છે. આ અયોગ્ય છે. અને આવું થાય તો કેટલી બધી મુશ્કેલીઓ ઊભી થાય. તરુબા બત્રાએ ધોરણ ૧૯(૧) (૮) ના આધાર પર બીજા રહેઠાણની માંગણી કરી હતી. અમારી દ્રષ્ટીએ આ માંગણી પતિનાં મા-બાપ પાસે કરી શકાય નહીં, માત્ર પતિ પાસે જ કરી શકાય.

ધોરણ ૧૭(૧) પ્રમાણે એક પત્ની માત્ર પોતાના પતિએ ખરીદેલા કે ભાડે રહેતા ઘરમાં જ હિસ્સો માંગી શકે. પતિ સહકુટુંબમાં રહેતો હોય અને ઘરની માલિકી ધરાવતો હોય તો પણ આવી માંગણી કરી શકાય.

અહીંયા દર્શાવેલ કિસ્સામાં અમીત બત્રાનું પોતે ખરીદેલું કે ભાગનું કોઇ ઘર ન્હોતું અને સહકુટુંબનું ઘર પણ તેની માલિકીનું ન્હોતું. ઘરની માલિક તેની મા હતી. આથી કૌટુંબિક હિંસાના કાયદા હેઠળ અમીત બત્રા પોતાની પત્નીને રહેઠાણમાં હિસ્સો આપી શકે નહીં.

**મુકદમામાં વ્યાજબી શકના પુરાવા મળવા જરૂરી છે**

આ ચુકાદો દહેજ ના કારણે મૃત્યુના કિસ્સામાંથી છે. તમારા ખીલાફ ૪૯૮-એ દાખલ થયો હોય તો પણ મુકદ્દમાં દરમ્યાન શંકાના વ્યાજબી પુરાવા મળવા જરૂરી છે.

(ગુરૂચરણ કુમાર અને અન્ય સામે રાજસ્થાન રાજય ૦૮/૦૧/૨૦૦૩ બેન્ચ એન સંતોષ હેગડે અને બી.પી સીંઘ) સુપ્રિમ કોર્ટ કહયું હતું કેઃ

નોંધણી માં મળેલ પુરાવા એવું નથી દર્શાવતા કે આ સ્ત્રી ઉપર તેને પતિ, સસરા કે સાસુએ દહેજની બાબતે ત્રાસ ગુજાર્યો છે.

ફરિયાદ અને શકના આધારને મકકમ કરવા યોગ્ય/વ્યાજબી પુરાવા નહીં મળવાને કારણે અને બધા આરોપીઓને માનપૂર્વક બરી કરીએ છીએ”.

**માનસિક ત્રાસની વ્યાખ્યા**

ઘણા કિસ્સાઓમાં ૪૯૮-એ ની કલમ તમારા ખીલાફ નોંધાય ત્યારે તેમાં માનસિક ત્રાસનો પણ ઉલ્લેખ થયો હોય છે. માનસિક હેરાનગતી ની વાત આવે એટલે પોલીસ તમારી ધરપકડ કરવા દોડી આવે. હકીકતમાં માત્ર કહેવા ખાતર માનસિક ત્રાસ એવું કહી શકાય નહીં. માનસિક ત્રાસ માટે ઘણા બધા ચુકાદા છે. થોડા જ સમય પહેલા માનસિક ત્રાસના આધાર પર છુટાછેડા ની અરજ વિશે સુપ્રિમ કોર્ટે કહયું હતુ કે (સમર ઘોષ સામે જયા ઘોષ તા. ૨૬/૦૩/૨૦૦૭).

લગ્નજીવન માં સુમેળતા નથી અને છુટાછેડા સિવાય બીજો કોઇ વિકલ્પ નથી, આ વાત ને ખરી સાબીત કરવા માટે ઝઘડા કે ખરાબ વર્તન કયારેક નહીં પણ વારંવાર થતા હોય અને લાંબા સમય સુધી ચાલતા હોય તે જરૂરી છે.

માનસિક હેરાનગતી મનની એક સ્થિતિ છે. લાંબા સમય સુધી જીવનસાથી તરફથી તથા ખરાબ વ્યવહારના કારણે મનની ઉદાસી, વેદના અને હતાશાનો અનુભવ થાય છે. આવી પરિસ્થિતિને માનસિક હેરાનગતી કહી શકાય. લાંબા સમય સુધી હિંસા, શોષણ કે અપમાન કરવું જેના કારણે બીજાને શારીરિક કે માનસિક તકલીફ થઇ શકે તેને “માનસિક ત્રાસ” નું નામ આપી શકાય છે”.

પહેલાનાં નિર્ણયનાં સંદર્ભમાં સુપ્રિમ કોર્ટ નાં એક ચુકાદામાં એમ જણાવાયું હતુ કેઃ (જીવીએન કામેશ્વરા રાખો સામે જી.જબીલી (૨૦૦૨) ૨ એસસીસી ૨૯૬).

“ધોરણ ૧૩(૧) (આઇ-અ) પ્રમાણે માનસિક ત્રાસની વ્યાખ્યા એવી છે કે કોઇકની સાથે એટલું ખરાબ વર્તન કરવું કે તે વ્યકિત માટે તમારી સાથે એક છત નીચે રહેવું અસત્ય થઇ જાય. ખુબ માનસિક ત્રાસથી પિડાતું વ્યકિત પોતાના જીવન સાથી સાથે રહેવાની કોઇ હાલતમાં રહેતું નથી. પિડીત વ્યકિત ને માનસિક ત્રાસનાં આરોપી સાથે એક ઘરમાં રહેવાની જોર જબરજસ્તી કરી શકાય નહીં. અરજ કરનારના સ્વાસ્થ્ય પર ત્રાસની ખરાબ અસર થાય છે. તેવું સાબીત કરવાની જરૂરત પડતી નથી. કોઇ પણ ચુકાદો આપતા પહેલા બંને પક્ષની અમુક વસ્તુઓ ધ્યાનમાં રાખવી જરૂરી છે; જેમકે આર્થિક, સામાજીક અને શૈક્ષણિક સ્તર, જોડે રહે છે કે જુદા રહે છે અને બીજા બધાજ લાગતા વળગતા પરિબળો અને શકયતાઓ. એક વ્યકિતનું ભોજન બીજા માટે ઝેર નીવડી શકે છે. આજ રીતે એક વ્યકિત માટે માનસિક ત્રાસ બીજા માટે સામાન્ય વાત હોઇ શકે છે. તેથી દરેક સંજોગ, પરિસ્થિતી અને સંદર્ભને ધ્યાનમાં રાખવા જરૂરી છે. માનસિક ત્રાસનું સર્વસામાન્ય નિરૂપણ આપી શકાય નહીં.”

આ ચુકાદાનો ઉલ્લેખ મેં અહીંયા ખાસ એટલા માટે કર્યો છે કારણકે “માનસિક ત્રાસ” નું નામ પડતાજ પોલીસ તમને પકડવા દોડી આવે છે. લોકો માનસિક ત્રાસના આધાર પર છુટાછેડા લેવા સુપ્રિમ કોર્ટ સુધી દોડી જાય છે. ઘણા વ્યાજબી કિસ્સામાં ખરેખર માનસિક ત્રાસની ઘટનાઓ વારંવાર બનવા છતાં પણ છુટાછેડા મળતા નથી. કશો પણ વિચાર કર્યા વગર ખોટી ફરિયાદ હોય તો પણ પોલીસ ધરપકડ કરવાની હલચલ કરવા માંડે છે.

**વ્રિટ મંડામસનું સ્પષ્ટીકરણઃ** આ ચુકાદો ૧૯૭૦ની સાલનો છે. એસ એમ શર્મા સામે બીપેન કુમાર તિવારી. નીચે તેનું અવતરણ છે.

"કાયદાકાનૂની ધારાધોરણ હેઠળ ફરજીયાત અદાલતી તપાસ વાળા ગુનાહ ની પુછપરછ કરવાનો હક પોલીસને હોય છે. પોલીસ આ વાતનું શોષણ કરે તો સંવીધાન ના કરાર ૨૨૬ હેઠળ હાઇકોર્ટની મદદ લઇ શકાય. જો હાઇકોર્ટને પોલીસ દ્વારા થતા શોષણની ખાત્રી થઇ જાય તો તે તપાસ/પુછપરછ કરવાનો કાનૂની અધિકાર પોલીસ પાસેથી છીનવી શકે છે".

**ઇન્ડીયન પીનલ કોર્ડનાં અમુક લાગતા વળગતા ધોરણો.**
આઇપીસી ધોરણ ૧૮૨ નું સ્પષ્ટીકરણ

પંજાબ અને હરિયાણા હાઇકોર્ટના ધોરણ ૧૮૨ નું આ સ્પષ્ટીકરણ છે.
(હરભજન સીંધ બાજવા સામે સીનીયર સુપ્રિન્ટેન્ડંટ ઓફ પોલીસ, પટીયાલા ક્રિમીનલ કમ ૯૮૪૧-એમ ૨૦૦૦, તાઃ ૧૮ એપ્રિલ ૨૦૦૦).

"જયારે સત્તાધારીઓને જાણ થાય છે કે ફરિયાદમાં નોંધેલી માહિતી ખોટી છે, તો ધારા ૧૮૨ હેઠળ સત્તાધારીઓની જવાબદારી બને છે કે આના ખીલાફ પગલા ભરે. કાનુન પ્રમાણે આ ગુનાહની સજા ૬ મહિનાની જેલ, દંડ અથવા જેલ અને દંડ બન્ને થઇ શકે છે. ફરિયાદમાં દર્શાવેલ માહિતી ખોટી છે તે માટેની ફરિયાદ સત્તાધારીઓએ એક વર્ષની અંદરના સમયમાં કરી દેવી પડે.

૧૯૯૬ અને ૧૯૯૭ની સાલમાં સત્તાધારીઓને ખબર પડી કે અશ્વીની કુમાર દ્વારા કરેલી ફરિયાદની માહિતી ખોટી છે. આની સામે જરૂરી પગલા ભરવા માટે સત્તાધારીઓ ૪ વર્ષ બગાડી કાઢયા જેથી સમયની મુદત પતી ગઇ. આ પછી ફરિયાદ નોંધવાનો કોઇ અર્થ બનતો નથી. ધારા ૪૬૮ હેઠળ ૧ વર્ષના સમયમાં ફરિયાદ નોંધવી જરૂરી છે."

ધોરણ ૧૮૨ હેઠળ કાનૂની અધિકારીને ખોટી માહિતી આપવી એક ગુનો છે. આ ધોરણ, ૪૯૮-એ ની ખોટી ફરિયાદ દાખલ કરનારાઓ ને સજા અપાવે છે. ધોરણ ૧૮૨ ના ગુનાહની અદાલતી તપાસ કરી શકાય નહીં. આ ગુનાહની અદાલતી તપાસ કરાવા માટે ધોરણ ૧૫૫ હેઠળ, મેજીસ્ટ્રેટને રીપોર્ટ ડોકટરોની પાછળ પડી ગઇ હતી. આ ધોરણ ૧૮૨ નો તાદ્રશ્ય દાખલો છે. ખોટી ફરિયાદ માટે બીજા ઘણા બધા ધોરણો છે. જેમકે આઇપીસી ધોરણ ૨૧૧ હેઠળ ખોટી ફરિયાદ માટે પગલાં લઇ શકાય અને ધોરણ ૩૫૮ હેઠળ અર્થવગરની ધરપકડ માટે પગલાં લઇ શકાય.

## આઇ પી સી ધોરણ ૩૩૦

કાયદા કાનૂનનું દબાણ મૂકી આરોપી પાસે કબુલાત કરાવે એવા પોલીસ અધિકારીઓથી સંરક્ષણ, ધોરણ ૩૩૦ આપે છે.

કોઇ પણ આરોપી પાસે કાનૂનની ધમકી આપી જોર જબરજસ્તી થી માહિતી મેળવવી કે તેને કોઇ પણ જાતનું નુકસાન પહોંચાડવાનો હકક પોલીસ અધિકારીને નથી. કાનૂનની ધમકી આવી કોઇ મિલકત કે ચીજવસ્તુની પુનઃ પ્રાપ્તિ માટે પોલીસ અધિકારી આરોપીને મજબૂર કરી શકે નહીં. કાનૂન નો વાસ્તો આપી કોઇ પણ વાતની કબુલાત કરાવવાનો હકક પણ પોલીસ અધિકારી પાસે નથી. આવું કરવાથી પોલીસ અધિકારીને જેલની સજા, દંડ અથવા ૯ વર્ષ માટે સસપેન્ડ કરી શકાય છે.

**અમુક ઉદાહરણોઃ**

(અ) એક પોલીસ અધિકારી આરોપીને ત્રાસ આપીને પોતાના જુલ્મની કબુલાત કરાવે છે. ધોરણ ૩૩૦ હેઠળ પોલીસ અધિકારી પોતે ગુન્હેગાર છે.

(બ) એક પોલીસ અધિકારી ચોરીના આરોપીને ચોરીનો માલ કયાં સંતાડયો છે જે જાણવા માટે ત્રાસ આપે છે. પોલીસ અધિકારી પોતે જ ગુન્હેગાર છે.

(ક) એક રેવન્યુ ઓફીસર આરોપીને બાકી રકમ ભરવા માટે ત્રાસ આપે છે. આ એક ગુન્હો છે.

(ડ) એક જામીનદાર પોતાના રાઇઅના ને ભાડુ ભરવા માટે ત્રાસ આપે છે. આવું કરવું એક ગુન્હો છે.

### ગુન્હા હેઠળ ન્યાયતંત્રની પ્રક્રિયા

આ માળખું મને સીએચઆરઆઇ માંથી મળ્યું. નીચે ન્યાયતંત્રની કાર્યરીતિ છે.

૧. એફઆઇઆરની નોંધણી. કોઇ પણ મુકદમા કે તપાસની પહેલી પ્રક્રિયા એફઆઇઆરની નોંધણી છે. એફઆઇઆર પોલીસ અધિકારી દ્વારા બનાવેલું લેખીત દસ્તાવેજ છે. આરોપીને આ વાંચવાનો અધિકાર છે.
૨. પોલીસ અધિકારી જુલ્મની જગ્યા પર જઇ પોતાની તપાસ અને પુછપરછ ની શરૂઆત કરે છે. પોલીસ અધિકારીની તપાસમાં નીચે મુજબ પરિબળો સામેલ છેઃ
   - જુલ્મની જગ્યાનું પરિક્ષણ
   - આરોપી અને સાક્ષીનું પરિક્ષણ
   - બયાનની નોંધણી કરવી
   - મિલકત જપ્ત કરવી
   - હાથ અને પગનાં નિશાન અને બીજા સબુત ભેગા કરવા
   - નોંધણી કરેલી માહિતી અને યાદીઓ તપાસવી
   - ધરપકડ અને અટકાયત કરવી.
   - આરોપીની પુછપરછ કરવી.

૩. પુછપરછ થઇ જાય પછી પોલીસ અધિકારી જીલ્લા મેજીસ્ટ્રેટને રિપોર્ટ મોકલાવે છે. આરોપીના ખીલાફ પુરતા પુરાવા મળી આવે તો રીપોર્ટને ચાર્જશીટ કહેવાય છે. પુરતા પુરાવા ના મળે તો તેને આખરી રીપોર્ટ કહેવાય છે.
૪. ચાર્જશીટ મળવા પર કોર્ટ આરોપી પર અદાલતી મુકદમો દાખલ કરવાનો આદેશ આપે છે.

૫. આરોપીને મુકદમા દરમ્યાન પોતાની જાતને બેગુનાહ સાબીત કરવાના ઘણા બધા મોકા મળે છે. મુકદમો ચાલતા આરોપની પરિભાષા ઘણી બધી વાર બદલાય છે.
૬. મુકદમાંનાં અંતે જો આરોપીને ગુનેગાર દોષિત કરવામાં આવે તો નીચે મુજબ સજા થઇ શકે છે.
   - મિલકતની જપ્તી
   - સામાન્ય જેલની કેદ
   - કડક જેલની કેદ
   - જન્મટીપ
   - ફાંસી
   - મૃત્યુ સુધી કેદની સજા

**ભારતીય પોલીસ અધિકારીઓનાં વર્તણૂક ના ધોરણોઃ**

વર્તણૂકનું માર્ગદર્શન મીનીષ્ટ્રી ઓફ હોમ અફેર્સ દ્વારા ૪ જૂલાઇ ૧૯૮૫ ના રોજ બધા રાજયો/યુનીયન ટેરીટરી અને પોલીસ ડીપાર્ટમેન્ટ ના ચીફને આપવામાં આવ્યુ હતું. મને આ વર્તણૂક ના માર્ગદર્શનો સીએચઆરઆઇ પાસેથી મળ્યા.

૧. ભારતીય સંવિધાન દ્વારા સુચવેલ મૂળભૂત અધિકારોને માન આપવું એ પોલીસ અધિકારીઓની ફરજ બને છે.
૨. કોઇપણ કાનૂની કાયદા પર સવાલ ઉઠાવવાનો અધિકાર પોલીસને નથી. છલ, કપટ, ભેદભાવ કે ડર વગર કાયદાને અમલમાં મુકવાની જવાબદારી પોલીસની બને છે.
૩. પોલીસે પોતાની ક્ષમતા અને કાર્યની મર્યાદાને સમજી અને તેને માન આપવાની જરૂર છે. જોરજબરજસ્તી કરતી કોઇની ઉપર આરોપ થોપવો, ચુકાદો કરવો કે સજા આપવાનું કામ પોલીસનું નથી.
૪. કાયદો અમલમાં મુકવા માટે બને ત્યાં સુધી પોલીસ અધિકારીઓએ સમજાવટ, સલાહ સુચનો કે ચેતવણી નો સહારો લેવો જરૂરી છે. કોઇ છુટકો ના હોય તો જ આના સીવાય બીજી પધ્ધતિ નો ઉપયોગ કરવો. સંજોગો ધ્યાનમાં રાખીને આરોપી સાથે મર્યાદીત વર્તન કરવું જરૂરી છે.
૫. પોલીસ અધિકારીની સૌથી મોટી ફરજ જુલ્મ કે અવ્યવસ્થા ને રોકવાની છે નહીં કે આ માટે પોતે શું કર્યુ તેનો દેખાડો કરવો.
૬. દરેક નાગરિકનાં હિસ્સામાં રાજય કે દેશ માટે અમુક ફરજ બજાવાનું કામ છે. પોલીસ પણ પોતે જનતાનો એક હિસ્સો છે. ફરક માત્ર એટલો છે કે તેઓ સમાજના હીતમાં સરકારને પોતાની સેવા આપે છે.
૭. પોલીસ અધિકારીઓએ એ સમજવાની જરૂર છે કે તેમની ફરજોની કાર્યશીલતાનો આધાર જનતાનો સાથ અને સહકાર છે.
૮. પોલીસ અધિકારીઓએ હંમેશા જનતા નું કલ્યાણ કરવું જરૂરી છે. જનતા તરફ આદર અને કાળજીનો રૂખ અપનનાવવો જોઇએ. કોઇ પણ ફળની આશા રાખ્યા વગર દોસ્તીનો હાથ લંબાવી જનતાને પોતાની સેવા આપવી જરૂરી છે.
૯. પોતાની જાત પહેલા હંમેશા ફરજનું સ્થાન છે. મુસીબત, ધમાલ કે હિંસાના સમય પર મનનું સંતુલન જાળવી નિર્ણય લેવા જરૂરી છે. જનતાના બચાવ માટે પોતે શહીદ થઇ જવાની માનસિક તૈયારી પોલીસે રાખવી પડે.
૧૦. પોલીસ અધિકારીઓમાં ઘણા બધા ગુણ હોવા જોઇએ - શિષ્ટાચાર, વિવેક, નિષ્પક્ષ, પ્રતિષ્ટીત, સાહસી વગેરે. પોલીસનું વ્યકિતત્વ એવું હોવું જોઇએ કે જનતા/નાગરિકો સહાયની અપેક્ષા કરી શકે.

આ માર્ગદર્શન મીનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ દ્વારા અપાયેલું છે. આ માર્ગદર્શન બધા રાજયો/યુનિયન ટેરેટરી, પોલિસ ડિપાર્ટમેન્ટનાં ચીફ ને ૪ જૂલાઇ ૧૯૮૫ ના રોજ આપવામાં આવ્યા હતા.

૧૧. પ્રમાણિકતા એ પોલીસની આબરૂ માટે ખુબ મહત્વનું પરિબળ છે. પોતાની બીજી જીંદગી અને કામગીરીના ક્ષેત્રે પોલીસે શિષ્ટાચાર, સચ્ચાઇ અને પ્રમાણિકતા અનુસરવી ખુબ જરૂરી છે.

૧૨. દેશ અને જનતાનાં બચાવ માટે પોલીસે પોતાની જાતને હંમેશા માનસિક અને શારીરિક રીતે તૈયાર રાખવી જોઇએ. કાયદા, સંવિધાન અને જનતા પ્રત્યે હંમેશા શિષ્ટતા અને વફાદારી જાળવવી જરૂરી છે.

૧૩. લોકશાહી, અને બીનસાંપ્રદાયીક દેશના નાગરિક તરીકે પોલીસની જવાબદારી બને છે કે તે હંમેશા કલુષિત મંતવ્યો ને ભૂલી, ભાઇચારા અને શાંતીના વાતાવરણ માટે પ્રયત્નો કરે. સમાજ, કોમ, જાતી, ભાષા ને લગતા કોઇ પણ ભેદભાવ વગર એકતા અને શાંતિની મીસાલ અને ભાવના ઊભી કરે. સ્ત્રીઓ અને પછાતવર્ગીય સમુદાયના લોકો સાથે માનપૂર્વક વર્તન કરે.

**હથકડી અને એક શિક્ષક**

શુક્રવાર તા. ૨૨ જૂન, ૨૦૦૭ ના રોજ “મુંબઇ મીરર” નામના છાપામાં બબન ઘસની વાર્તા છપાઇ હતી. બબન ઘસ મુંબઇ મ્યુનીસીપલ શાળાનાં શિક્ષક હતા. તેમની પુત્રવધુ વૈશાલીએ તેમના અને પરિવાર ખીલાફ દહેજની માંગણીની ફરિયાદ નોંધાવી હતી. આ સંદર્ભે ૩ ડિસેમ્બર ૨૦૦૪ ના રોજ, કાલાચોકી સ્ટેશનના પોલીસ અધિકારીઓએ બબન ઘસની ઘરપકડ કરી હતી. તેમની સાથે સાથે વૈશાલી નો પતિ નિવૃતિ, તેની સાસુ અલ્કા, તેના જેઠ ધ્યાનેશ્વર અને તેની જેઠાણી જયોતીની પણ ધરપકડ થઇ હતી. ૨ દિવસ પછી આ બધાને જામીન પર છોડવામાં આવ્યા હતા. જામીન પર છોડતી વખતે લગ્ન સમયે (મે ૨૦૦૬) વૈશાલીને જે સ્ત્રીધન મળ્યું હતું તે પાછું આપવાની શરત મૂકી હતી. જયારે પોલીસ અધિકારીઓ બબન ઘસનાં નિવાસ સ્થાને સ્ત્રીધન પાછું લેવા આવ્યા ત્યારે તેમને હથકડી પહેરાવીને આખી કોલોનીમાં પરેડ કરાવી પોલીસની જીપ સુધી લઇ જવામાં આવ્યા. ઘરનાં બીજા સભ્યોને પણ પીઠ પાછળ હાથ રાખી ચાલવા માટે મજબૂર કરવામાં આવ્યા. આખી વાર્તા તમે આ વેબસાઇટ પર વાંચી શકો છો. (http://tinyurl.com/2upbp) આ વાંચીને, મારા મનમાં અનેક પ્રશ્નો ઉઠે છે. પોલીસ અધિકારીઓએ સુપ્રિમ કોર્ટનાં કયા ચુકાદાનું શોષણ કર્યુ છે? જો આ શિક્ષક પોતાના મૂળભૂત અધિકારોથી જાણકાર હોત તો શું તમને લાગે છે કે આ બનાવ બન્યો હોત?

એક દિવસ તમારી સાથે પણ આ ભોળા શિક્ષક સાથે થયું તેવું થઇ શકે છે. તમને તમારા અધિકારોની જાણ અવશ્ય હોવી જોઇએ. પોલીસ બનવા માટેની શૈક્ષણિક લાયકાત ૧૦ કે ૧૨ પાસ છે. શું તમને લાગે છે આ આટલું ભણેલો વ્યકિત તમારા અધિકારો ને માન આપી શકે?

કદી આપણાં યુનીયન મીનીસ્ટર અથવા તો તેમના પરિવારજનોને કોઇએ હથકડી પહેરાવી હોય તેવી કલ્પના તમે કરી શકો છો?

ના? કેમ નહીં? શું આપણે બધા કાનૂન ની નજરમાં સમાન નથી?

હું AP CID ને સાચા દીલથી ધન્યવાદ કહેવા માંગું છું. તેમની વેબસાઇટ (http://www.cidap.gov.in) માં આપેલી માહિતી મારા માટે ખુબ ઉપયોગી ફળી.

આ લેખ માટે મેં બીજી ઘણી માહિતી (http://tinyorl.com/3ab4rf) વેબસાઇટ પરથી મેળવી છે. તે માટે પણ હું ધન્યવાદ કહેવા માંગું છું.

## પ્રકરણ ૨

મહેરબાની કરીને એક વાતને સમજો. ૪૯૮-એ એક ક્રિમીનલ કેસ છે. આ છુટાછેડાના કાયદાથી ખુબ જુદો કાયદો છે. અહીંયા તમારી સાથે ક્રિમીનલ જેવું વર્તન કરવામાં આવશે. તમે બેકસૂર સાબીત ના થાઓ ત્યાં સુધી મુકદ્દમાની આકરી અને કપટી રમત આગળ તમે મજબૂર હશો. તમારા અધિકારને કોઇ માન નહીં આપે. હું મજાક કરતો નથી.

હકીકતમાં તમારા ખીલાફ ૪૯૮-એ ની કલમ દાખલ થાય પછી કોઇપણ કાનુની ધોરણ પ્રમાણે પ્રક્રિયા થતી નથી. તમારું સામાજીક/આર્થિક સ્તર અને તમારા પ્રત્યેની પોલીસની માન્યતા પ્રમાણે તમારી સાથે વર્તન કરવામાં આવશે. આ એક કડવું સચ છે. મોટાભાગના કિસ્સાઓમાં પોલીસ તમને સલાહ સુચનો આપવા લઇ જશે. આ સમજાવટ નિષ્ફળ જાય તો તમારી ધરપકડ કરી દેશે. તે પણ તમારા ખીલાફ કરેલા આરોપોની કોઇ તપાસ કર્યા વગર અમુક કીસ્સાઓમાં સલાહસુચનની પ્રક્રિયા વગરજ તમારી ધરપકડ થઇ જશે. એક કિસ્સામાં એક જુવાન પુરુષને વર્ગમાંથી ખેંચીને ધરપકડ કરી, ઘણા અઠવાડિયા સુધી રીમાન્ડ પર લીધો હતો. અહીં કઇ કાનૂની પ્રક્રિયા અપનાવવામાં આવી હતી?

તમારું સલાહ સુચનનું પ્રકરણ પતે પછી અગાઉથી મળતી જામીનની અરજી તરતજ કરો. એફઆઇઆર નોંધાયા પછી પણ કરી શકો છો પણ ધરપકડ થતા પહેલા કરો.

એક વખત તમારી ધરપકડ થઇ ગઇ તો તમે માત્ર મેજીસ્ટ્રેટનાં શિકાર બનીને રહી જશો! અગાઉથી જામીન મેળવી લીધી હશે તો કપટી કર્મચારીઓની રમત પતી ગઇ!

સલાહસુચનો ના નામે તમારી પાસે પૈસા પડાવી લેવાનું કામ પોલીસ ખુબ ચતુરતાથી કરે છે. સલાહસુચન પાછળનો હેતુ સમજાતો નહીં પણ ખીસ્સા ખાલી કરાવવાનો છે. સલાહસુચન અસફળ થાય અને તમને જામીન મળે તો તમારી ધરપકડ થઇ જાય છે. બીજુ પ્રકરણ આ વિશે ચર્ચા કરે છે.

### પોલીસ અધિકારી સાથેની તમારી પહેલી મુલાકાત

મોટાભાગના કીસ્સાઓમાં તમારી અને તમારા પરિવારજનોની ધરપકડ કરવા તમારા ઘરઆંગણે પોલીસ વહેલી સવારે આવી જશે. શુક્રવારની સવાર અથવા રજાનો આગળનો દિવસ આ તેમના માટે મનપસંદ સમય છે.

તમે એજ દિવસે જામીન મેળવવા માટે નિષ્ફળ થાઓ તો બાકીનાં દિવસે તમારે પોલીસ હીરાસતમાં વીતાવવા પડે. ચોવીસ કલાકની અંદર મેજીસ્ટ્રેટની સામે તમને પેશ કરવાની કડાકુટમાંથી પણ પોલીસ બચી જાય છે. મનમાં એક વાતની ખાત્રી રાખજો કે આ પોલીસ અધિકારીઓ લાંચ લઇને ધરાયા હોય છે. તમારી ધરપકડ કરવા આવેલા પોલીસ અધિકારીઓ તમને એ વાતનો વિશ્વાસ અપાવશે કે તમને કંઇ નુકસાન નહીં પહોંચે. તમને પોલીસ સ્ટેશન લઇ જવા માટે તેમની આ ચાલ છે.

તેમનો વિશ્વાસ કરતાં નહીં. તમે એમની સાથે જવાની ના પાડશો તો તમને ધરપકડ કરવાની ધમકીઓ પણ સાંભળવી પડશે.

તમારા સામાજીક સ્તરના આધારે પોલીસ તમારી ઉપર જોરજબરજસ્તી પણ કરી શકે છે. તમારી સાથે અધિકાર વગર મારપીટ પણ કરશે.પોલીસ સમક્ષ મનનું સંતુલન કે શાંતી ગુમાવતા નહીં. કોઇ પણ જાતનો

ડર કે મુંઝવણ મનમાં લાવતા નહીં. તે માત્ર ભારતીય પોલીસ છે કોઇ રાક્ષસ નથી. તમને નુકસાન પહોચાડવાનો કે અપમાનીત કરવાનો તેમને કોઇ અધિકાર નથી. તમારું સંવિધાન તમને સંરક્ષણ આપે છે. હું જાણું છુ કે આ સમયે મારી વાત તમને બીનવ્યાજબી લાગે છે પણ મારી વાત સાચી છે. સંવીધાન તમને સંરક્ષણના અધિકાર આપે છે અને પોલીસ આ વાતને જાણે છે. તે છતા તેઓ તમને ધાકધમકી આપે અને અપમાનીત કરે તો સબુત માટે તમારા સેલ ફોનનાં કેમેરામાં આ બધું ઉતારી લો. પોતાનાં પરીબળને ખોટી રીતે વાપરવા માટે પોલીસને સજા થઇ શકે છે. તમારો હાથ ઉપર રાખવા માટે પુરતા પ્રયત્નો કરો. માનવ અધિકાર નહીં પણ મૂળભૂત અધિકાર વિશે વિચારો. માનવ અધિકાર માંગવાથી કશું નથી મળતું. મૂળભૂત અધિકારો સુરક્ષાની બાંહેધારી આપે છે.

પોલીસ જોડે લેવડદેવડ કરવા માટે આત્મવિશ્વાસ હિંમત અને હોશીયારિની જરૂર છે. તમે કરી શકો છો. તમને ઘરઆંગણે લેવા આવતા પોલીસ અધિકારીઓ શિખાઉ છે. ખરું નાટક ત્યારે જોવા મળશે જયારે પોલીસ સ્ટેશનમાં તમારો સામનો પોલીસ ઇન્સપેક્ટર સાથે થશે. પહેલા તમને એવું કહેવામાં આવશે કે તમને સલાહસુચન માટે પોલીસ સ્ટેશન લઇ જવાના છે. ત્યાં જશો તો તમને તમારી પત્ની અને તેના પરીવારજનો તમારી આતુરતાથી રાહ જોતા જણાશે.

અહીંયા તમારા પર સમજોતાનું કે ખીસ્સા ખાલી કરવાનું દબાણ મુકવામાં આવશે. પોલીસ અધિકારીઓ, વચ્ચેનાં વ્યકિતઓ તરીકે ખુબ મહત્વનો કપટી ભાગ ભજવતા જણાશે.

આ બધા કપટી પ્રયત્નો નિષ્ફળ જાય તો તમને અને તમારા પરિવારજનોને હિરાસતમાં લેવામાં આવશે.

ધરપકડ થયેલ આરોપીના પણ અમુક અધિકાર છે. આ અધિકારોને પોલીસે માન આપવા જરૂરી છે.

(દિલીપ કે બાસુ, અશોક જોહરી સામે વેસ્ટબેંગાલ રાજય અને અન્ય ૧૧૮૧૯૭) ના મુકાદામાં સુપ્રિમ કોર્ટ ધરપકડ કરનાર અધિકારી માટે અમુક નિયમો આપ્યા છે. આ નિયમોનો ભંગ થવા પર તે અધિકારી સામે કાનૂની મુકદ્દમો ચાલી શકે છે.

**ધરપકડ અથવા પોલીસની હીરાસત માટેની જરૂરી તૈયારીઓ.**

- તમારી સાથે પાણી અને થોડો નાસ્તો લઇ જાવ.
- સેલફોન અને ચાર્જર ભુલતા નહીં. પ્રિપેડ ફોન હોય તો તેમાં પુરતાં રૂપિયા નું રિચાર્જ કરાવી દો તમારા વકીલનો ફોન નંબર ફોનમાં નોંધેલો હોવો જોઇએ.
- પોલીસ સ્ટેશનમાં ભરપૂર મચ્છર તમારી રાહ જોતા હશે. તેથી તેમનો સામનો કરવા માટે પહેલેથી જ વ્યવસ્થા કરો.
- થોડાક પૈસા રાખજો. બને ત્યાં સુધી ઘરેણા પહેરતાં નહીં.
- પરિવારનાં કોઇ સભ્યની જરૂરી દવા લઇ જવાનું ભુલતા નહીં.
- કપડાની એક જોડી થેલીમાં લઇ લેજો. શુક્રવારે ધરપકડ થાય તો પાંચ જોડી કપડાં લેજો.
- સમય પસાર કરવા માટે ગમતી ચોપડી વાંચવા લઇ જાવ. આવા સમયે તમને ભગવાન ખુબ યાદ આવશે તેથી ભગવદગીતા, કુરાન કે બાઇબલ પણ લઇ જઇ શકો.
- તમારી લાગણીઓની નોંધણી કરવા ચોપડી અને કલમ સાથે રાખો. ધોરણ ૧૮૨ ને વાપરવી હશે તો જુના દિવસોનાં કિસ્સા યાદ કરી લખવા પડશે.
- એક વફાદાર મિત્રને તમારી ધરપકડની જાણ કરી દેજો.

- પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટરનું નામ, ટેલીફોન નંબર વિગેરે વિગત નોંધી લો.
- તમને જે પોલીસ સ્ટેશનમાં લઇ જવાતા હોય તેનું સરનામું અને ફોન નંબર જાણવાનો તમને હક છે. આ નોંધી રાખો.
- એસપી અને એએસપી અને બીજા કોઇ પણ ઉચ્ચ અધિકારીઓનાં નામ અને વિગત નોંધી લો.
- તમારા ખીલાફ જે એફઆઇઆર નોંધાયો છે તેની કોપી માંગો. તમને અધિકાર છે.
- આ દસ્તાવેજ ની તમને ઘણી જરૂર પડશે.

તમારા વકીલ વગર એકલા પોલીસ સ્ટેશન જવાનું બને ત્યાં સુધી ટાળજો.

**આઘાત નો સામનો કઇ રીતે કરશો.**

પહેલો આઘાત તમને ત્યારે લાગશે જયારે તમારા ઘરઆંગણે પોલીસ આવીને ઉભી રહેશે. પહેલાતો તમને અવિશ્વાસ અને દેહશત નો અનુભવ થશે. જે સ્ત્રી સાથે તમને આત્મીયતા છે અને જેની સાથે તમે નજીકતાની અનેક ક્ષણોને માણી છે, જે તમારા બાળકોની મૉ છે તેજ સ્ત્રીએ તમારા અને તમારા પરિવારજનો સામે કાનૂની ફરિયાદ કરી છે? આ જાણી તમે અચાનક મહાદુઃખ ના સમંદરમાં ડૂબી જશો. ખુબ ડર અને લાચારી અનુભવશો. મા-બાપ અને ભાઇ બહેનની ધરપકડ થતા જોઇ ગુસ્સો આવશે. સગાવહાલા, મિત્રો અને વડીલને ફોન કરવા માટે દોડાદોડી થઇ જશે. જામીનની તૈયારી માટે ધાંધલ થશે. ખુબ હતાશા અને મુંઝવણ થશે. તમે વ્યાકુળ થઇ જશો અને તમને પાછલે દરવાજે ભાગી જવાનું પ્રલોભન થશે. આ ડર અને હતાશાને તમારા ઉપર હાવી થવા દેશો નહીં.

**વિચારો**

પોલીસ તમારા ઘરે આવે તો તમે તેમની આગળ કદાચ મદદની આજીજી કરશો. આવું ના કરશો કારણકે પોલીસ તમારી મદદ કરવા તમારે ઘરે આવી નથી. શાંતી જાળવો ને બને તેટલું મોડું કરો. બાથરૂમ કે સંડાસમાં જતા રહો. આજુબાજુવાળાને ભેગા કરો.

તમારી ઇજ્જત બગડવાની નથી. આ કપટી જોરજુલમી સાધનનો હીમતથી સામનો કરશો તો સમાજમાં માન વધી જશે. હું એવો એક કીસ્સો જાણું છું જયાં આજુબાજુવાળાનાં સમજાવવાથી પોલીસ અધિકારીઓ માની ગયા અને ધરપકડ કર્યા વગર પાછા જતા રહયા.

બને ત્યાં સુધી આ બધાનું વીડીયો રેકોડીંગ કરી લો. આવુ કરવા માટે સેલફોન કે ડીજીટલ કેમેરાનો ઉપયોગ કરો.

પોલીસ સાથેનો તમારો વાર્તાલાપ બને તેટલો રેકોર્ડ કરી લો. નીડર બનો અને ધીરજ રાખો. પોલીસ અધિકારી સાથે શુક્રવારે પોલીસ સ્ટેશન જવાનું ટાળો. તમારા બચાવ માટે સુપ્રિમ કોર્ટના ચુકાદાનો ઉપયોગ કરો. તમારા વકીલ સાથે સોમવારે પોલીસ સ્ટેશન જવાનું ગોઠવો. એકલાં જશો નહીં. આજુબાજુ વાળા અને પરિવારનાં સભ્યોને સાથે રાખો. તમારા આર્થિક અને સામાજીક સ્તરનાં આધારે તમારી સાથે અમુક પ્રકારનું વર્તન થશે. કાયદાઓ અને ચુકાદા ફરફરીયાની જેમ હવામાં ફંગોળી દેવાય છે. વાત વધી જાય તો ધીમેથી પોલીસ અધિકારી ને જણાવો કે તમે પણ દેશના નાગરિક છો અને તમારા અધિકારનું શોષણ થશે તો તમે તેની ફરિયાદ રાજયનાં હોમ સેક્રેટરી કે ડીજીપી ને કરી શકો છો. તમે તમારા અધિકાર માટે નીડરતાથી લડશો. આ વાતનો તેમને વિશ્વાસ આપવો જરૂરી છે. નસીબ સાથ આપે તો કદાચ તેઓ તમારી સાથે

માનપૂર્વક વર્તન કરે અને તમારી ધરપકડ કરશે નહીં. પોલીસ તમને બળજબરીથી પોતાની સાથે લઇ જાય તો સુપ્રિમ કોર્ટનાં લાગતા વળગતા ચુકાદાની કોપી લઇને જજો. પોલીસને કહેજો કે તમે કોર્ટમાં તેમના ખીલાફ ફરિયાદ કરી શકો છો. આ ખોખલી દાદાગીરી નથી તે પોલીસને જણાવો. તમારી અને તમારા પરિવારજનો ની ધરપકડ કરવા પાછળ પોલીસ અધિકારીઓ લાંચ લઇને બેઠા છે અને કાર્ય પુરુ કરવા ખુબ દબાણમાં છે. ધરપકડ કર્યા પછી વધારે રૂપિયા મળશે તેવી આશા પણ તેમને હોય છે.

તેમના નાપાક ઈરાદાને સફળતા ના આપતા તમારા પરિવારજનોને આ કપટમાંથી બચાવો. તેઓ આ રમતમાં તમારા મા-બાપને પ્યાદા તરીકે વાપરશે. આ થતા અટકાવો. મહિલાનો અને બાળકોની ધરપકડ થતા રોકો. ૪૯૮-એ હેઠળ તેઓએ ૩૦૦ બાળકોની ધરપકડ કરી છે. સ્તનપાન કરાવતી માતાઓ, બાળકો, દાદા-દાદીઓની પણ ધરપકડ થઇ છે. આ વાતનો પુરાવો હોમ મીનીસ્ટ્રીનાં આંકડા પોતેજ આપે છે.

બધાજ પ્રયત્નો નિષ્ફળ જાય અને તમારે પોલીસ સાથે જવુજ પડે તેવી પરિસ્થિતિ સર્જાય તો બીજી યોજનાને અમલમાં મુકો. તમારા વકીલ ને કહો કે નાની અદાલત અને હાઇકોર્ટમાં જામીન માટેની અરજી કરી દે.

**સત્તાવિસ્તાર**

ઘણા કિસ્સાઓમાં અરજ કરનારને ખોટી ફરિયાદ કઇ રીતે કરવી તે વાતની સલાહ પોલીસ જ આપતી હોય છે. ફરિયાદ કરતી વખતે ઘણી બધી શરતો પુરી કરવી પડે છે જેમકે સત્તા, વિચાર, સમયગાળો અને હેરાનગતીની જગ્યા. તેઓને આ બધી વિગતોમાંથી છુટવું હોય છે. ને એવી પણ વાત સાંભળી છે કે એક સ્ત્રીને આખા દેશમાં કોઇ પણ જગ્યાએ ફરિયાદ નોંધાવવાનો અધિકાર છે. તેનું બસ ચાલે તો કોઇ અજાણ જીલ્લામાં કે બીજા કોઇ શહેરમાં તમારા ખીલાફ ફરિયાદ કરી શકે. જો તે આવું કંઇક કરે તો તમારા માટેની હેરાનગતી દસ ઘણી થઇ જાય.

અજાણ જગ્યાએ મુકદમો લડવા વારેઘડીએ દોડાદોડી કરવી સહેલી નથી. કલ્પના કરો, તમને રહેવાનો, ખાવા પીવાનો આવ જાવ કરવાનો કેટલો બધો ખર્ચો થશે. આ ઉપરાંત તમારે તમારા વકીલનો પણ ખર્ચો ઉપાડવો પડશે. ચેન્નઇ હાઇકોર્ટમાં સુપ્રિમ કોર્ટ માન્ય એક ચુકાદો સત્તા વિસ્તારની મુશ્કેલીઓ ને સમજવા તમને મદદરૂપ થશે.

(અરજ નં ૯૦૪ ૨૦૦૪ અબ્રાહીમ અજીત અને અન્ય સામે ચેન્નઇ પોલીસ ઇન્સપેક્ટર અને અન્ય ૧૭/૦૮/૨૦૦૪).

**પોલીસ સ્ટેશન**

એક પોલીસ સ્ટેશન કેવું હોવું જોઇએ. તે માટે કોઇ નિશ્ચિત પરિમાણ કે ધોરણો છે નહીં. દરેક પોલીસ સ્ટેશન જુદા હશે. ચાલો જોઇએ.

આઝાદી પછી પોલીસ સ્ટેશનમાં કઇ ફેરફાર થયો હોય તો માત્ર તેમના યુનિફોર્મ નો રંગ જે પહેલા સફેદ હતો તે હવે ખાખી છે.

પોલીસ સ્ટેશન ધાક બેસાડવાની જગ્યા છે અને એમાં દાખલ થવું તમારા માટે માનહાનિ ના અનુભવ જેવી વાત છે. તે જગ્યા તમને હાની કરવા માટે જ બનાવવામાં આવી છે. ખુબ ગંદકી અને હવા ઉજાસ વગરની આ જગ્યાની દરેક ચીજવસ્તુ જાણે તમારા ઉપર તાકતી જણાય છે. એક નાની અંધારી ઓરડી જેનું બારણું સ્ટીલના સળીયાથી બનેલું છે. એ થોડાક દિવસ માટે તમારું રહેઠાણ બની જશે. તમારા પરિવાર જનોને જુના

બાકડા ઉપર બેસાડવામાં આવશે અને ભીડ હોય તો કદાચ તેમને ઉભા પણ રહેવું પડે. કલાકો કે દીવસો સુધી પરિસ્થિતી કદાચ આમની આમ રહેશે. લફંગાઓ તમારી બહેન અને ઘરની બીજી જુવાન મહિલાઓ તરફ ખરાબ નજરથી તાક્યા કરશે. કુદરતી અને સામાજીક અપેક્ષા પ્રમાણે એક પુરુષ સ્ત્રીનું સંરક્ષણ કરે છે. પણ આ પરિસ્થિતીમાં તમે ખુબ લાચારી નો અનુભવ કરશો. ચુપચાપ સહન કરો. મોઢું ખોલીને પરિસ્થિતિ વધારે બગાડતાં નહીં. મન શાંત રાખો અને ગુસ્સો કર્યા વગર વિચારો. એક દિવસ તમારો વારો પણ આવશે.

પોલીસ જાણે છે કે તમારા ખીલાફ ૪૯૮-એ ની કલમ દાખલ થઇ છે. તેને આમાંથી લગભગ ૧૦,૦૦૦/- રૂપિયા કમાવા મળશે. સમજોતો થઇ જાય તો તેને ખોટ પણ થઇ શકે છે. પોલીસ સ્ટેશનમાં પોલીસ તરફથી કોઇ પણ વિવેકની આશા રાખતા નહીં. તમારું સાંભળનાર ત્યાં કોઇ નથી. તમારી સાથે તમારો વકીલ હોય તો સારુ છે. પણ તેની કોઇ ક્ષમતા ના હોય તો કઇ ફાયદો નથી. બાથરૂમ જવાની વાતને તો ભુલીજ જજો. સૌથી ખરાબ હાલત તમારા ઘરની સ્ત્રીઓની થશે. જમવામાં તમને રસ્તાની લારી પરથી કંઇક નાસ્તો મળી શકે છે. હું આશા રાખું છું કે તમે આ ખાઇને બિમાર નહીં થઇ જાઓ. ઘરથી જે નાસ્તો લાવ્યા છો તેનો જ આધાર રાખો અથવા તો કોઇ મિત્ર પાસે મંગાવી લો.

**પોલીસ કોનસ્ટેબલ/હવાલદાર**

તમારી પહેલી મુલાકાત એક કોનસ્ટેબલ સાથે થશે. આ નિર્દય અને અભણ વ્યકિતઓ તમારી સાથે તમારા સામાજીક સ્તર પ્રમાણે વર્તન કરશે. તેઓ અમાનુષી પરિસ્થિતિમાં કામ કરે છે અને એક શિષ્ટ સમાજ શું હોય તેનો કોઇ અંદાજો ધરાવતા નથી. તમારા અધિકારો વિશે તેમને કોઇ માન નથી. આ ઉપરાંત તમારે તેમની વર્દીને માન આપવું જરૂરી છે. મોટા ભાગનાં પોલીસ કોન્સ્ટેબલ ઝડપી રૂપિયા કમાવવાનો ધંધો કરતા હોય છે. તેઓ તમારી પાસે લાંચની માંગણી કરે તો તેમની પાછળ રૂપિયા બગાડતા નહીં. તમને ખોખલી ધમકી આપ્યા સિવાય તેમની બીજી કોઇ ક્ષમતા નથી. તેમનાથી ગભરાશો નહીં.

**પોલીસ ઈન્સપેકટર**

ખુબ રાહ જોવડાવ્યા બાદ, તેમનું ખોખલું મહત્વ દર્શાવવા આદરણીય પોલીસ ઇન્સપેક્ટર તમારી સામે હાજર થશે. આ ઇન્સપેકટર એ તપાસ અધિકારી છે જેની પાસે તમારો મામલો નીપટાવવા માટે ઘણી ક્ષમતા છે. આ તમારો મૂળ શત્રુ છે. એક જ વ્યકિતમાં હેવાન, શિકારી અને ધમકાવનારનાં રૂપ જોવા મળે છે. તે તમારી સાથે અવિવેકી અને અસભ્ય વર્તન કરતા ચુકશે નહીં. તમારી કાંઇક ઓળખાણ હોય તો તેના ઉપર દબાણ મુકાવો. તે તમને અમુક પ્રશ્નો પુછવાનું ચાલુ કરશે. આ પ્રશ્નો, પ્રશ્નો નહીં પણ ગુન્હો સ્વીકારવાનું દબાણ હશે. ઈન્સપેકટરને લાગ્યું કે તમે નબળા છો તો તે તમારા ઉપર હાવી થઇ જશે. સલાહ સુચનો નો કાર્યક્રમ પતી ગયો એવો બાહ્ય દેખાવ કરી તે તમારી ધરપકડ કરી દેશે. નીડર વ્યકિતત્વ દર્શાવો. તેને સુપ્રિમ કોર્ટનાં ચુકાદા બતાવો અને તમારાઅધિકારથી વાકેફ કરો.

આ બધું ચાલતું હોય ત્યાં બીજી બાજું તમારો વકીલ બેસીના રહે તેનું ધ્યાન રાખજો. તેણે જામીન માટે તનતોડ પ્રયત્નો કરવાના છે. તમારી ધરપકડ થઇ જાય તે પહેલા અગાઉથી જામીન મેળવી લેવા અત્યંત જરૂરી છે.

આ બધું ચાલતું હોય ત્યાં બીજી બાજું તમારો વકીલ બેસી ના રહે તેનું ધ્યાન રાખજો. તેણે જામીન માટે તનતોડ પ્રયત્નો કરવાના છે. તમારી ધરપકડ થઇ જાય તે પહેલા અગાઉથી જામીન મેળવી લેવા અત્યંત જરૂરી છે.

સલાહ સુચનોનો વરસાદ થશે. એક ક્ષણે તમને લાગશે કે ખાસું બધું પત્યુ પણ આ પછી તરત તમારી ધરપકડ થઇ શકે છે. હજી પણ મોડું નથી થયું. વકીલની સલાહ લઇ અગાઉથી જામીન માટેનાં પ્રયત્નો ચાલું રાખો. તમારા મા-બાપને આ જોરજુલમ થી બચાવો બને તેટલું નુકસાન ઓછું થાય તે માટે લડો.

તમને દરેક ક્ષણે દરેક પગલાં પર નિષ્ફળતાનો સામનો કરવો પડે તો હતાશ થશો નહીં. ધ્યેય મનમાં રાખી આગળ વધો. પોલીસ તમારી સાથે અલગ અલગ રમતો રમશે. એક વ્યકિત દ્વારા લખેલ નીચેનું અવતરણ વાંચો.

“તમને એવું કેમ લાગે છે કે ચેન્નઇનાં પોલીસ અધિકારીઓ બીજા રાજયોનાં પોલીસથી જુદા છે? જેટલા બીચારા બનશો એટલી લાંચ વધારે આપવી પડશે. તમારી આર્થિક પરિસ્થિતિ સારી હશે તો તેને તો જાણે સોનાની ખીણ મળી ગઇ. તમારી સામાજીક પરિસ્થિતિ કેટલી સારી છે તેની તપાસ કરીને તમારી પાસે બને તેટલા પૈસા એંટી લેશે. આ કાર્ય તેઓ ખુબ ચપળતાથી કરે છે. તમને કોઇક ને કોઇક બહાનાથી પોલીસ સ્ટેશન બોલાવી તમારી પાસે પૈસાની માંગણી કરશે. દહેજનો ખોટો કેસ નોંધવાની રકમ ૫૦૦૦/- લેવાની હોય છે. પોલીસ અધિકારીઓ ખુબ સારી રીતે એ વાતને જાણે છે કે ફરિયાદ ખોટી છે. પણ બન્ને પક્ષે પૈસા કમાવા માટે આ સરળ રસ્તો છે. વરપક્ષ વાળા વધુ હેરાન થાય છે”.

પોલીસ ઇન્સપેકટર તમને જેટલી હેરાનગતી પહોંચાડે તેટલી જ તટસ્થ તમારી ફરિયાદ તેના ખીલાફ થાય છે. તેને સબક મળશે.

**ધરપકડ અને અટકાયત**

તમારી ધરપકડ શુક્રવારનાં દીવસે થાય તો એવું બની શકે કે સાંજ સુધીનો સમય તમારે પોલીસ સ્ટેશનમાં વીતાવવો પડે. સાંજ સુધી અદાલત બંધ થઇ જશે અને તમને જામીનની અરજી કરવાનો સમય મળશે નહીં. તમારે અને ઘરનાં અન્ય પુરુષોની પોલીસ સ્ટેશનમાં અટકાયત થઇ. મહિલાઓને ઘરે જવાની પરવાનગી મળી શકે છે. તમે ઘરે જવાની વાત કરશો તો થર્ડ ડીગ્રીની ધમકી આપી તમને ચુપ કરી દેવામાં આવશે. પણ તે પૈસાનો લોભી છે તેથી તમારી ધરપકડ કરશે નહીં. સમજોતા કરવાનાં તે પુરતાં પ્રયત્નો કરશે જેથી તે તેના ખીસ્સા ભરી શકે. તેનાથી ગભરાશો નહીં. તે માત્ર સરકારનો તપાસ કર્મચારી છે કોઇ રાક્ષસ નથી. તેને આ વાત યાદ અપાવો અને અટલ રહો. અંદરથી તમે તુટી ગયા હશો. ગભરાતા હશો પણ આ લાગણી તમારા દીકરા પર છલકવા દેતા નહીં. તમને ખુબ લાચારી અને હતાશાનો અનુભવ. આવું મહ્સુસ થવું સામાન્ય છે. વર્તમાન નો વિચાર કરી ચિંતા ના કરશો ભવિષ્યમાં તમે આ બધાથી મુકત થવાના છો તે વિચારથી ખુશ થાઓ, હીંમત રાખો!

મારી તમને સલાહ છે કે પોલીસને લાંચ આપશો નહીં. દર વર્ષે ૪૯૮-એ નાં આશરે ૫૮,૦૦૦, કીસ્સા નોંધવામાં આવે છે.

એક લાખથી વધુ ધરપકડ થાય છે. આ કપટ દુનિયાભરમાં ચાલે છે. તમારા જુદા વર્તનથી તેમને આશ્ચર્યચકીત કરી દો. પોલીસ તમારી અટકાયત કરે તો કરવા દો. તે માત્ર પોલીસ સ્ટેશન છે. કોઇ એકાગ્રતા મેળવવાનો કેમ્પ નથી. બધી પ્રકારની માંગણી કરો. તેમની સામે કાયદા લખેલી કીતાબ મુકો. તમને ગુસ્સો આવશે પણ અપશબ્દ નો ઉપયોગ કરશો નહીં. તમારા અધિકાર નો ઉપયોગ કરો અને તેમને સહકાર આપશો નહીં. તમારા વર્તનથી તેમનું માન જીતી લો. બધા સાથે મૈત્રીભાવ વાળું વર્તન કરો. તમારા પરિવારજનો સાથે મજાક મસ્તી કરી વાતાવરણ હળવું કરો. તમારી પાસે અધિકાર છે તે યાદ રાખો.

પોલીસ ત્યાં કમાવા બેઠા છે. તેમના સ્વાર્થના વશમાં થવાની જરૂર નથી. શાંતી રાખો, વિવેક જાળવો અને તમારી માટે જલ્દીથી એક વકીલની વ્યવસ્થા કરો. તમને ચુપ રહેવાનો અધિકાર છે.

આ અધિકારને વાપરો. જડ બનો. ડરના માટે કોઇ પણ ખોટી કબુલાત કરવાની જરૂર નથી. મુખ પર સ્મિત રાખી ચુપચાપ બધુ સહન કરો. તમારા નિર્ણય પર અટલ રહેવા માટે થાય તે કરો.

આજ સમય છે જયારે પહેલી વાર તમારી આગળ રૂપિયાની માંગણી થશે. આ માંગણી તમારી મિલકતનાં આધારે હશે. તમને પોષાય તેનાથી પણ બમણી રકમની માંગણી થશે. તમને ફોસલાવીને, લાંચ માંગી વાતને ત્યાંજ પતાવી દેવાના પ્રયત્નો થશે. કોઇ પણ કબુલાત કરતા નહીં. જેટલું ઓછું બોલશો તેટલું તમારા માટે સારુ છે. તમે ગુનેગાર છો કે નહીં આ વાતનો ફેસલો પોલીસ નહીં પણ કોર્ટને કરવા દો. પોલીસ તમને અને તમારા પરિવારજનોને ખુબ ધમકાવશે. તમને ખરાબ શબ્દો બોલી શારિરીક હિંસાના શિકાર પણ બનાવશે. મેં ખુબ આકરી પુછપરછ ના કિસ્સાઓ વિશે સાંભળ્યું છે. મારા વિશેની માહિતી મેળવવા માટે બહેનને ખુબ ત્રાસ વેઠવો પડયો. પણ તે ચુપ રહી અને બધું સહન કરતી રહી. મારા માટે તમારે મા અને બહેનનો વેશ્યા અને ચરીત્રહીન સ્ત્રી જેવા ઉપનામ આપવામાં આવશે. ધીરજ રાખો અને મનની શાંતી જાળવો. તમારો દિવસ પણ આવશે.

તમારી પાસે કબુલાત કરાવવા માટે પોલીસ તમને ધાકધમકી આપે છે. પોલીસ, તમારી જીવન સાથી, સાસુ-સસરાં અને વકીલ બધા રૂપિયા કમાવા બેઠા છે. બીજા પક્ષ વાળા રૂપિયા ખર્ચીને થાકી જશે. મોટાભાગના કીસ્સામાં પોલીસ અધિકારીઓ પોતાની જાતને આવું કામ કરવા વેચી દેતા હોય છે. તમને તોડી પાડવા અને ત્રાસ  આપવાં આ બધું રચવામાં આવ્યું છે. તમે રૂપિયા આપી દો તો તે લોકો ફરિયાદ પાછી ખેંચાવવાનો વાયદો કરે છે. તમે તેમની વાત ના માનો તો તમને કોર્ટના ધકકા ખાવા પડશે, તમારા મા-બાપ ને હેરાનગતી થશે અને જેલની સજા થશે આવી ધમકી થી તમને ગભરાવવામાં આવે છે.

હવે તો તમે જાણી ગયા હશો કે ૪૯૮-એ માં ગુનાની ફરિયાદ પાછી ખેંચી શકાય નહીં. આંધ્રપ્રદેશનો કીસ્સો માત્ર અપવાદ હતો.

જયારે કોર્ટ ૪૯૮-એ ની ફરિયાદ પાછી ખેંચવાની પરવાનગી આપે છે ત્યારે તેમનો ઉમદા કે ઉચ્ચ ઇરાદો હોય છે પણ કપટી કર્મચારીઓ આ વાતનો દુર ઉપયોગ કરે છે. નવી દિલ્હી, હાઇ કોર્ટ ના ન્યાયાધીશ શીવ નારેન ધીંગરા સ્પષ્ટિકરણ કહે છે કે,

રાજીંદરકુમાર શર્મા અને અન્ય સામે રાજય અને અન્ય કેસ નં એમસી ૧૨૧૬-૧૭, ૨૦૦૬.

“અમુક અદાલતો ૪૯૮-એ / ૪૦૬ (આઇપીસી) હેઠળ મુકદમો પાછો ખેંચવાની પરવાનગી આપતી હોય છે. મોટાભાગે એફઆઇઆર ના કારણે લગ્નજીવનમાં તણાવ ઉભા થતા હોય છે. બને ત્યાં સુધી કોર્ટનો પ્રયત્ન, સુલેહ કરવાનો હોય છે, જેથી ઘરમાં અને સમાજમાં શાંતી જળવાઇ રહે. આવા મુકદમામાં કોર્ટ, ગુન્હેગાર સાથે નહીં પણ તુટેલા ઘરોને જોડવામાં વધારે રસ ધરાવે છે. પણ ઘણી વાર ૪૯૮-એ / ૪૦૬ નો ઉપયોગ પોતાનામાં પતી અને તેના પરિવારજનોને સબક શીખવાડવામાં થતો હોય છે!!

**જામીન અને છેતરામણી**

તમારી ધરપકડ થઇ ગઇ હોય અને તમને જામીન ના મળી હોય તો તમને હવાલાતમાં પુરી રાખવા પોલીસ તમારી સાથે ઘણી રમતો રમશે. એવું પણ બની શકે કે તમારી બધાની અટકાયત થાય. આ વાત પર હું

ચોકકસ નથી. કાયદાકીય રીતે તમને ૬૦ થી વધુ દિવસ મુકદમાં ની પ્રક્રિયા વગર જેલમાં રાખી શકાય. પણ આવું કેમ કર્યુ. તે વાતનો પુરાવો આપવો જરૂરી છે. કોઇ પણ નાગરિકને કારણ વગર તેની આઝાદીથી વંચીત રાખી શકાય નહીં. પણ બે અઠવાડીયા સુધી જેલમાં રહેવાની માનસિક તૈયારી તો જરૂર રાખજો. અમુક લોકોને તો આનાથી પણ વધુ સમય જેલમાં રહેવું પડયું છે.

ધરપકડ કરાયેલા વ્યકિતની માહિતી જોઇતી હોય તો રાઇટ ટુ ઇનફોરમેશન (RTI) ની અરજી કરી શકાય. આ અરજી કરવાની પ્રક્રિયા તમને આ વેબસાઇટ પરથી મળી રહેશે. (http://tinyurl.com/32paSp)

પોલીસ તમારી સમક્ષ ઘણા બધા બહાના કરશે. તમારા પરિવારજનોને ૨૪ કલાકમાં છોડી દેવાના વાયદા કરશે પણ આ ૨૪ કલાક કદી પુરા નહીં થાય અને એક દિવસ ધરપકડ થયેલી વ્યકિતને તમે જેલમાં પામશો. પોલીસ હવાલાત અને જેલના ઘણા બધા તફાવતો છે. જેલમાં બધાજ વાર્તાલાપ પર રોક મુકાઇ જશે. તમારો સેલફોન લઇ લેવામાં આવશે. તમને ખબર પણ નહીં પડે અને દિવસો વીતતા જશે. સોમવાર સુધી રાહ જોયા સિવાય તમારી પાસે બીજો કોઇ વિકલ્પ નથી. આ દરમ્યાન તમને જામીન ના મળે તે માટે ઘણી બધી લાગવગ અને લાંચની આપલે થતી હોય છે. જેલમાં કેદી બનીને રહેવું તે ખુબ જ કડવો અનુભવ છે અને જેટલો સમય વીતે તેટલું દબાણ વધતું જાય છે. જેટલું દબાણ વધે તેટલા વધારે રૂપિયા ભરવા પડે છે. કાયદાકીય રીત પ્રમાણે, પોલીસ કોઇ પણ વ્યકિતને વધુમાં વધુ ૬૦ દિવસ સુધી, જેલમાં રાખી શકે. આવું કરવા પાછળ ઠોસ કારણ આપવું જરૂરી છે. ફોજદારી ગુનાના વકીલને આનો તોડ કઇ રીતે કાઢવો તેની જાણ હોય છે. તમને જામીન મેળવવા માટે આ જાણકારી ખુબ ઉપયોગી થશે.

એક વાર તમે જેલમાં કેદ થઇ ગયા એટલે કોર્ટ સિવાય બીજા કોઇને જામીન માટે કહેવું તે દીવાલ સાથે માંથું પછાડવા જેવી વાત છે. એ વાતની હું તમને ખાત્રી આપું છું કે તમારી ધરપકડ એજ દીવસે થશે જેના બીજા દીવસે કોર્ટમાં રજા હશે. તમને જયારે આ દર્દનાક અનુભવનો અહેસાસ થશે ત્યારે ખુબ મોડું થઇ ગયું હશે. કોઇ પણ તમને મદદ નહીં કરી શકે અને તમારા મૉ બાપના ભાગે સહન કરવાનું આવશે. હું જાણુ છું કે આ એક ભયાનક અનુભવ છે. પણ મન શાંત રાખો. વિચારો કે તમારો દિવસ પણ આવશે.

તમારી સાથે કેવી રમતો રમાઇ શકે છેઃ

- મેં સાંભળ્યું છે કે પક્ષનાં વકીલ મળેલા હોય છે. તમે અને તમારા પરિવારજનો જેલમાં કેદ છે અને સામે પક્ષનો વકીલ જામીનની સુનવણી ના દિવસે ગાયબ થઇ જશે. હાજર રહે તો જામીનનો વિરોધ કરશે. તેના હાથમાં હોય તો બને તેટલી પાછળની તારીખ માંગશે. આ સમય તમારા માટે આકરો હશે. અચાનક પોલીસ આનો તોડ કાઢશે. રૂપિયા ચમત્કાર થઈ જશે. રૂપિયા આપી દેશો તો સામે પક્ષના વકીલની હેરાનગતી બંધ થઇ જશે.
- પતિને જુની પ્રથા પ્રમાણે એ૧ નું ઉપનામ આપવામાં આવે છે. મા-બાપ અને ભાઇ બહેન પોતાની જાતને પોલીસના હવાલે ના કરે ત્યાં સુધી મેજીસ્ટ્રેટ જામીન આપતા નથી.
- મેં એવું પણ સાંભળ્યું છે કે અમુક મેજીસ્ટ્રેટ જામીનની મંજૂરી આપવાનું ટાળે છે. આમા દિવસો વીતી જાય છે. અને અઠવાડિયું પતવા આવે છે. આવી પરિસ્થિતિમાં શું કરવું તે હું જાણતો નથી. પણ જામીનની અરજી હાઇકોર્ટમાં કરવી. હાઇકોર્ટમાં થી જામીનની પરવાનગી આપતા ૧૦ દિવસ થશે. તમારી અને તમારા વકીલની આ લાંબી લડાઇ છે. આ યોજના આના વિશેની માહિતી આપે છે.
- હું આશા રાખું છું કે તમારો વકીલ આ યોજનાને ધ્યાનમાં રાખી બધી અદાલતમાં જામીનની અરજી કરે. હું અહિંયા વધું કિસ્સાઓ ઉમેરીશ. જોવાનું ભુલતા નહીં.

**અટકાયત અને તે દરમ્યાનનું જીવન**
એકવાર તમારી ધરપકડ થઇ જાય પછી પોલીસ તમને કયાં તો મેજીસ્ટ્રેટ સમક્ષ પેશ કરે અથવા જીલ્લાની જેલમાં કેદ કરી દે. હું વિગતવાર પ્રક્રિયા જાણી શકયો નથી.

તમને જો મેજીસ્ટ્રેટની સામે હાજર કરવામાં આવે તો મેજીસ્ટ્રેટ એક મોટા ખંડમાં ઉચા સ્થાને બેઠા હશે. તેમની આજુ બાજુ સ્ટેનોગ્રાફર અને કલાર્ક બેઠા હોય છે.

સ્ટેનોગ્રાફર ચુકાદાની નોંધણી કરે છે અને કલાર્ક મેજીસ્ટ્રેટ આગળ કોણે કયારે અને કોના પછી હાજર થવાનું તે કહે છે. તમારો વારો આવે ત્યાં સુધી તમારે બહારના બાકડા પર બેસવું પડે. અમુકવાર આમા આખો દિવસ વીતી જાય છે. શેરિફના હાથ નીચેનો કર્મચારી તમારા અને તમારા વકીલના નામની બુમ મારે છે.

શેરીફના કર્મચારીના વર્દી સફેદ રંગની હોય છે. તેની ઉપર લાલ ખેસ નાખ્યો હોય છે. અદાલતી મુકદમાંની દર ૪૫ મિનીટે વીરામનો સમય હોય છે. બાકડા પર બેઠેલાને લાંચ આપશો તો તમારો નંબર વહેલો આવશે, નહીં તો આખો દિવસ રાહ જોતા આખો દિવસ વીતી જશે.

તમે મેજીસ્ટ્રેટ ની સમક્ષ હાજર થશો તો તે કદાચ તમારી સામે નજર પણ નહીં કરે. આ એક બીન જામીન ગુનો છે અને મેજીસ્ટ્રેટ પાસે તમને જામીન આપવી કે ના આપવી તેની સત્તા છે. તમને જામીન મળી જાય તો બધી કાયદાકીય ઔપચારીકતા પુરી કરી જીવનમાં આગળ વધો. ભગવાનને ધન્યવાદ કહેવાનું ભુલતા નહીં.

મેજીસ્ટ્રેટ તમારી કાયદાકીય અટકાયત કરે તો તેની નોંધણી ડાયરીમાં કરી પોલીસ કોનસ્ટેબલ તમને હવાલાત તરફ દોરી જશે. તમને કોઇ હાથકડી પહેરાવી શકે નહીં. આ નિયમ સુપ્રિમ કોર્ટ ખુબ સારી રીતે જાણે છે અને તમે પણ જાણો છો. કોનસ્ટેબલ પોતાના રજીસ્ટરમાં તમારા શરીર પર તલ કે મસા કે બીજી કોઇ નીશાનીઓની નોંધણી કરશે અને તમને અર્થવગરની સલાહ અને ટોણા આપશે. તે તમારી સાથે અવીવેકી વર્તન કરશે. અટકાયત બે પ્રકારની હોય છે. અદાલતી અટકાયત અને પોલીસ અટકાયત. આ કીસ્સામાં તમારી અદાલતી અટકાયત થશે તેથી તમારે જેલમાં કેદી બનીને રહેવું પડશે. તમારી માત્ર અટકાયત થઇ છે. તમને હજી સુધી કોઇએ ગુનેગાર ઘોષીત કર્યા નથી. અપમાન કે હતાશાની લાગણી થશે પણ તમારી જાતને સંભાળો. આ કોઇ શરમજનક વાત નથી. તમે માત્ર અદાલતી પ્રક્રિયામાંથી પસાર થઇ રહ્યા છો. તેનો અર્થ એ નથી કે તમે ગુનેગાર છો. આ પ્રક્રિયામાં સમય લાગશે પણ અંત જરૂર આવશે. પુરુષ અને સ્ત્રીઓને જુદી જુદી જેલમાં લઇ જવામાં આવે છે. જેલમાં પહોંચશો એટલે તમારી મુલાકાત જેલર અને બીજા જેલ કર્મચારીઓ સાથે થશે. તમારી બધીજ વસ્તુઓ લઇ લેવામાં આવશે પણ તેને સાચવવામાં પણ આવશે. તમને એક થાળી, પવાલું, શેતરંજી અને પાતળી ચાદર મળશે. તમને લોખંડના સળીયાવાળા મોટા ખંડમાં લઇ જવામાં આવશે. અહીંયા ૨૦ જેટલા કેદીઓ હશે. તમારું જીવન બદલાઇ જશે. શિયાળો હોય કે ઉનાળો તમારે આજ પરિસ્થિતિમાં જીવવું પડશે.

આ ખંડના કેદીઓ પર અલગ અલગ ગુનાહનો આરોપ લાગ્યો હશે. તમારું દિનચર્ય નક્કી હશે. વહેલી સવારે એક કપ ચા મળશે. મોડી બપોરે જમવાનું મળશે અને વહેલી સાંજે જમવાનું મળશે. જમવા માટે લાઇનમાં ઉભા રહેવું પડશે. રાજય પ્રમાણે જમવાની વાનગીઓ મળશે. કયાંક તો રોટલી શાક અને છાશ કયાંક તો દાળ અને ભાત અને છાસ. ચારેય વસ્તુ કદી નહીં મળે. સ્તનપાન કરાવતી સ્ત્રી અથવા સગર્ભા સ્ત્રીને સવારે ચા સાથે પાંવ કે રોટલી પણ મળશે.રાતનાં ભોજન પછી બધાને મોટા ખંડમાં લઇ જવામાં આવશે. શરૂઆતમાં તમને ખાવાનું નહીં ભાવે અને કંઇક ગમશે પણ નહીં. પણ ધીમે ધીમે ટેવાઇ જશો.

બાથરૂમમાં કડી નહીં હોય અને પાણી ના નળની પણ વ્યવસ્થા નહીં હોય. તમારે બીજેથી ડૉલ ભરીને પાણી લઈ જવું પડશે.

તમને તમારું કર્તવ્યકર્મ આપવામાં આવશે. રોજ એક ડોકટર તમારી તપાસ કરશે. તમને કોઈક મોટી બીમારી થઈ હોય તો તમને દવાખાનામાં દાખલ કરવામાં આવશે અને તમારી પાસે એક રખેવાડ બેસાડવામાં આવશે. મારી સલાહ છે કે આ સમયની જબરજસ્તીની રજા સમજી માણો.

તમારો જેલનો અનુભવ સારો છે કે ખરાબ? તમારા ખંડના વોર્ડન પર આધાર રાખે છે

જેલમાં મુલાકાતનો સમય નકકી હોય છે. જેલર સાહેબ દ્વારા નકકી કરાયેલા સમયમાં મુલાકાતીઓને મળી શકાય છે. વોર્ડન કોઈક વખત અચાનકથી મુલાકાતે આવી ચડશે. ડોકટર સાહેબ રોજ આવશે. ભગવાનનું પ્રવચન કરવા પણ અમુક સંસ્થાના લોકો આવશે.

દિવસમાં અમુક સમય નકકી હોય છે જયારે જેને જામીન મળી હોય તેના નામની ઘોષણા કરવામાં આવે છે. આ સમય વહેલી સવારે ૫ વાગે અથવા મોડી સાંજનો હોય છે. હું જાણું છુ કે તમે આ સમયની આતુરતાથી રાહ જોતા હશો પણ અમુકવાર હતાશાનો અનુભવ પણ થશે. આવું રોજ થશે અને એક દિવસ તમને પણ જામીન પર છોડવામાં આવશે. ડોકટર તમારી તપાસ કરશે; તમને તમારી ચીજવસ્તુઓ પાછી સોંપી દેવામાં આવશે. જેલર અને વોર્ડન તમને જામીનની શરતો યાદ અપાવશે અને કોર્ટનાં આદેશ પર હાજર રહેવાનું કહેશે.

કોર્ટના આપેલા સમય પર તમે હાજર થવાનુ ચુકશો તો ફરીથી જેલમાં આવવું પડશે. તમને તમારા વકીલના હવાલે કરી દેવામાં આવશે. ઘરે પાછા ફરવાનો અનુભવ ખુબ આનંદમય હશે.

અટકાયત/હવાલાત/જેલ દરમ્યાન દરેક દીવસની મજા માણો. લાંબી સજાઓ છે એવું વિચારો. દિનચર્યાથી ટેવાઈ જાઓ. આજુબાજુના લોકો સાથે મિત્રતા કરી લો. ખુશ રહો. દિવસ રાત ભગવાનનું નામ બોલો તમને આનું ફળ જરૂર મળશે. વિવેકી વર્તન કરો અને બીજા કોઈ ને તમારી હતાશાનો અણસાર પણ ના આવવા દો. તમે ભારતીય સરકારનાં  હવાલે છો તમને કંઈક પણ થયું તો તેમની જવાબદારી છે. તમારા સ્વજનોને કહો કે વારંવાર તમારી મુલાકાતે આવે જેથી તમારું મનોબળ જળવાઈ રહે. વાંચન કરો. તમારી લાગણીઓને કાગળ પર ઉતારો. આ એક ભયાનક અનુભવ હશે પણ ધીરજ રાખો. ખરાબ સમય વીતી જશે અને બધું બરાબર થઈ જશે. એક વાર જેલની બહાર આવી જશો તો બમણાં જોરથી મુકદમો લડવાની હીંમત આવી જશે. જેલમાં રહેવાનો અનુભવ તમારા મનોબળમાં જવાળામુખી ભરી દેશે.

પણ સાવધાની રાખજો. જીવનના બધા અનુભવ એકસરખાં નથી હોતા. મારી દર્શાવેલી વાત કરતા તમારો અનુભવ વધુ ખરાબ પણ હોઈ શકે છે. અદાલતી અટકાયત અને પોલીસ અટકાયત બે અલગ વસ્તુ છે. પોલીસ અટકાયતમાં તમારી સાથે તદ્દન જુદી રમતો રમાશે. હું થોડા સમયમાં તમને આના વિશે વધારે માહિતી આપીશ.

તમે જેલની કેદમાંથી બહાર આવશો, તે પછી તમારી ઉપર સમજોતો કરવાનું ઘણું દબાણ આવશે. જો આવું થાય તો તમારો મુકદમો પતી જશે. પણ તમે સમજોતો નહીં કરો તો કોર્ટના ધક્કા ખાવાની તૈયારી રાખજો. મુકદમો ખુબ ધીમો ચાલશે. પણ હવે તમને પોલીસ તરફથી કોઈ પણ પ્રકારની હેરાનગતી થશે નહીં.

**તમારી લાગણીઓને કઇ રીતે સંભાળશો.**
આ આખી પ્રક્રિયા દરમ્યાન તમારી લાગણીઓ આશા અને નીરાશા વચ્ચે ઝોલા ખાશે. આવું થશે તેની માનસિક તૈયારી રાખજો. આ પરિસ્થિતિ નો સામનો તમારે ધીરજ અને શાંતિથી કરવાનો છે. કંઇ પણ થાય અડગ રહો. હીંમત રાખો. હતાશ થશો નહીં.

અટકાયત દરમ્યાન તમારી કાળજી રાખવાની જવાબદારી રાજયની છે. તમારું સંરક્ષણ પણ રાજય કરશે. તમારી વિચારશકિત નબળી પડી જશે અને હાર માની લેવા માટે તમારા ઉપર ખુબ જ દબાણ આવશે. આખી પ્રક્રિયાનો ઇરાદો તમારા મનોબળને તોડી પાડવાનો છે. મન શાંત રાખો. આ પરિસ્થિતિમાંથી કઇ રીતે બહાર આવશો તે વિચારો. પ્રશ્નો પુછો અને બધી જરૂરી માહિતી ભેગી કરો. તમારા ધ્યેય પર અટલ રહો.

હકીકત તો એ છે કે પોલીસ અધિકારીઓ માટે તમે શિકાર બની ગયા. પોલીસ માટે આ ખુબ સરળ વાત છે. તેમને માત્ર એક ઘરનું સરનામું જોઇતું હોય છે, જેથી તેઓ ઘરે જઇને લોકોની ઘરપકડ કરી દે. ૪૯૮-એના ભોગ બનેલા અમીર વ્યકિતઓના રૂપિયાથી પોલીસ મજા માણવાનું કામ કરે છે.

તમારી મા, દાદી, કાકી, બાપ, ભાઇ, બહેન, કાકા કે પછી બાળકોની ધરપકડ કરવી એ પોલીસ માટે ખુબ સહેલી વાત છે. તમારા સગાવહાલાઓને અંદાજો પણ નહીં હોય કે જેલમાં જવું તે કેટલો ભયાનક અનુભવ છે. મને ખાત્રી છે કે તમે કદી કલ્પના પણ નહીં કરી હોય કે તમારા મા બાપ કદી જેલમાં જશે. પોલીસે તમારી સાથે ખુબ જ ખરાબ વર્તન કર્યુ છે પણ તમે આમાંથી બહાર આવી ગયા છો. ૪૯૮-એ પત્નીઓ ને તો ધન્યવાદ કહેવું જોઇએ. આ અનુભવમાંથી બહાર આવીને ફરીથી જીવન જીવવું અઘરું છે પણ અશકય નથી. આ તમારી સૌથી મોટી કસોટી છે.

વધુ પડતા વિચાર કરશો નહીં. આ માત્ર ન્યાયતંત્રની નબળાઇ છે કે તે તમારી સાથે ન્યાય નથી કરી શકતું. જામીન પર છુટી જાઓ એટલે તરતજ તમારા કામ પર લાગી જાવ. આ હતાશાજનક અનુભવનો વિચાર કરીને સમય બગાડશો નહીં. તમારા પરિવારજનો ને પણ આ બધું ભુલવામાં મદદ કરો.

કંઇક ને કંઇક કરીને પોતાની જાતને વ્યસ્ત રાખો.

ખુશમીજાજી રહો. તમારી પત્નીને મહસુસ પણ ના થવા દો કે તેણે તમને હરાવી દીધા. તમારા મા-બાપનું ખુબ ધ્યાન રાખો. તેમની સામે કદી દર્દભર્યો ચહેરો લઇને ના જતા. મનની વ્યાકુળતા અને શોષિત થવાનો અનુભવ તમને મહીનાઓ સુધી હેરાન કરશે. હીંમત જાળવી રાખો. ધીરે ધીરે આવી લાગણીઓ ઓછી થઇ જશે અને તમારું જીવન પહેલા જેવું થઇ જશે. તમારા માથા પર ફોજદારી ગુનાની લટકતી તલવાર સાથે જીવતા તમે ટેવાઇ જશો. સમય પસાર થશે અને કાળા વાદળા હટી જશે અને તમે પહેલા કરતા વધારે સક્ષમ બનશો.

ઘણી વાર ધરપકડ પછી તમને લાગશે કે તમે જીવનમાં જે કંઇ મેળવ્યું તે હારી ગયા. તમારા જીવનને કોઇ અર્થ નથી. તમારો આત્મવિશ્વાસ અને આત્મસન્માન વીખેરાઇ જશે અને તમને ઘરના ખુણામાં જઇને ખુબ રડવાનું મન થશે. ઇરાદો તમને ઘુટણ પર બેસાડી, હરાવાનો અને પૈસા પડાવી લેવાનો છે. આ પરિસ્થિતિને તમારા ઉપર હાવી થવા દેશો નહીં. આ બધાથી ઉપર ઉઠો. બધી હીંમત ભેગી કરીને લડત આપો. તેઓ તમારી નજર સામે આવે તો સ્મિત આપો. તમારો ઉદાસ ચહેરો બતાવી તેમને ખુશ થવાનો મોકો ના આપો. ગુસ્સો ના કરો. તમારા આંસુ બતાવો નહીં. ૪૯૮-એ નો સામનો કરનાર તમે પહેલાં વ્યકિત નથી, પણ હું આશા રાખું છું કે તમે છેલ્લા વ્યકિત છો.

૪૯૮-એ નાં ખોટા મુકદમામાં ફસાવાનો એક ફાયદો પણ છે. અમુક લોકો જેલની સજાનાં ભયાનક અનુભવ વિશે કોઇ પણ વાત કરવા માંગતાં નથી. અમુક લોકો માટે આ અનુભવ પછી લડત આપવાનો જુસ્સો બમણો થઇ જાય છે. હવે આનાથી વધારે ખરાબ શું થવાનું છે. તેવો વિચાર કરી તેઓ માનસિક શકિત વધારે છે. તમારી ઉપર શક હશે તો પણ આરોપ સાબીત કરવા માટે પુરાવા આપવા પડશે. દુનિયાભરમાં ૪૯૮-એ નાં એટલા બધા ખોટા મુકદમાં ચાલે છે કે જે ખરેખર ગુનેગાર હશે તેને પણ કદાચ સજા મળશે નહીં. મુકદમો ચાલતા અને તેનો નિર્ણય આપતા ઘણી વાર લાગશે. એક અદાલતમાં હારી જાઓ તો બીજા સ્તરની અદાલતમાં અરજી કરો. હું જાણું છું કે આ એક કંટાળાજનક મુસીબત છે, પણ ભુલ ની સજા તો દરેકને ભોગવવી પડે છે. ૪૯૮-એ પત્નીને ઘરમાં લાવવાની તમે ખુબજ મોટી ભૂલ કરી છે. આ તમારું ખરાબ નસીબ છે અને તમારે તેની સાથે જીવવું જ પડશે. હું એક વાતને માની ગયો છું કે જીવન આપણને ઘણા પ્રશ્નો પુછે છે અને આપણે તેના જવાબ આપવાના રહ્યા. ૪૯૮-એ નાં આરોપને જીવનનો એક પ્રશ્ન જ સમજો. તમારી પરિસ્થિતિને હળવી બનાવા બીજું એક કામ કરો. તમારી પત્નીને માફ કરી દો, પણ તેણે તમને કેવી યાતનામાંથી પસાર કરવા પર મજબૂર કર્યા છે તે કદી ભૂલતા નહીં. તમારા ગુસ્સાની ભાવનાને કામ તરફ વાળો. મન અને ચીત્ત બીજા કામમાં પોરવો.

તમારો સમય  પણ આવશે. તમારા મનને પ્રફુલ્લીત કરે તેવું કામ કરો. અદાલતો અને ન્યાયાધીશો, જાણે છે કે આ કલમનો દુરઉપયોગ થાય છે. એક સમય, આવશે જયારે બાજી પલટી જશે અને આ જોરજુલમી સાધનનાં ભોગ બનેલા વ્યકિતઓની જીત થશે.

## પ્રકરણ-૩

### પરિસ્થિતિનો સુખઃદ વળાંક

ખોટા આરોપમાં ફસાએલા વ્યક્તિઓ તરફ સમાજ દયાની નજરથી જુએ છે. શરૂઆતમાં તમને સમજાવટ અને ધમકીઓથી હાર માની લેવાનું દબાણ આવશે. પોલીસ પણ વચ્ચે પડી તમને સલાહ આપવાનું કામ કરશે. બીજા પણ ઘણા લોકો આમાં વચ્ચે પડશે. કોઇ પણ સંજોગમાં હાર માની નહીં લેતા. આ બધી રમત તમારા પૈસા પડાવી લેવા માટે છે. આવું કરવા માટે તેઓ તમને ખુબ ત્રાસ આપશે અને ખુબ હેરાન કરશે. આ જુલમ અમુક કલાક કે અમુક મહિના સુધી ચાલી શકે છે. અડગ રહો. તમારું મનોબળ તોડવા માટે તેઓ બનતા પ્રયત્નો કરશે. એક પણ કસર રહેવા નહીં દે.

તમને આ જાળમાંથી બહાર લાવવા માટે પોલીસે સાંકડી બારીઓ બનાવી છે. આ સાંકડી બારીમાંથી માત્ર રૂપિયાની આપલે અને હેરાનગતી થશે. પણ આ બધી હેરાનગતી તમને જામીન મળતા સુધી જ છે. વાત અદાલતમાં પહોચશે. એટલે તમે પોલીસનાં ત્રાસમાંથી મુકત. આના પહેલા સુલેહ કરવા માટે તમારી ઉપર અત્યંત મોટું દબાણ મુકવામાં આવશે. આ દબાણનો સામનો કરો. જો હીંમતથી સામનો કરશો તો મોટું ઇનામ મળશે. **નિર્દયતાનાં આધાર પર છુટાછેડા મેળવવા તમે હવે લાયકાત ધરાવો છો.** દિલ્હી હાઇ કોર્ટ (FAO 6712000 પીન્કી જૈન સામે સંજય જૈન તા. ૩૧/૦૧/૨૦૦૫) માન્ય રાખે છે કે ૪૯૮-એ ની ખોટી ફરિયાદ તે નિર્દયતા ભર્યુ વર્તન છે. ૪૯૮-એ એ પત્નીને તરછોડી દેવામાં બીજા ઘણા બધા ફાયદા છે. ચાલો જોઇએ:

- પોલીસની અભીરૂચી તમારા કેસમાં ઘટી જશે. સામાપક્ષ વાળાઓએ પોલીસને લાંચ આપીને તેમની અભીરૂચી જાળવી રાખવી પડશે. આખરે તેમના રૂપિયા પુરા થઇ જશે. પોલીસનો સ્વભાવ આળસુ હોવાથી તે જલ્દી કામ કરશે નહીં.
- સામેના પક્ષવાળાઓને જયારે ભાન થશે ત્યારે તેમને ખબર પડશે કે તેમના માથા પર ૪૯૮-એ ની પુત્રીનો બોજ છે અને હવે તેની સાથે કોઇ લગ્ન કરશે નહીં.
- સામેના પક્ષવાળાઓને અકકલ આવશે કે હોંશીયાર વકીલ કરવાનો શું ફાયદો છે. તેમના ઉપર સુલેહ કરવાનું દબાણ આવશે. દિલ્હી હાઇકોર્ટ આવી ઘણી બધી ખોટી ફરિયાદો નકારી દીધી છે.

એકવાર જેલની બહાર આવો એટલે ચિંતા ના કરતા. તમને જ શરત ઉપર જામીન મળી શકે છે. ધીરજ રાખો. અમુક સમયમાં જામીનની શરતો પણ પુરી થઇ જશે. સારો વકીલ કરો અને તેની સલાહ પ્રમાણે ચાલો. હતાશ થશો નહીં. આયોજન અને ધીરજથી ૪૯૮-એ ને જીતી શકાય છે. ઘણા કિસ્સાઓમાં હળહળતું જુઠ્ઠાણું બોલીને ફરિયાદ કરવામાં આવતી હોય છે. હું એવા ઘણા છોકરાઓને જાણું છું જે લોકો આગળ તેમની '૪૯૮-એ પત્નીઓ' સુલેહ માટે આજીજી કરે છે.

### લોકો કેમ હાર માની લે છે.

આઇપીસી ૪૯૮-એ એક જોરજુલમી સાધન છે. તેને આવું નામ એટલા માટે આવ્યું છે કારણકે તે તમારી નબળાઇનું શોષણ કરી તમારી પાસે પૈસા પડાવી લેવાનું કામ કરે છે. તમારા મા-બાપ અને ભાઇ બહેન આમા સૌથી કમજોર કડી બની જાય છે. ૪૯૮-એ માં ફસાયેલા પુરુષોની ઉંમર લગભગ ૨૫ થી ૩૫ વર્ષની હોય છે. તેનો અર્થ એ થયો કે ૪૫ થી ૭૦ વર્ષની ઉંમરના મા-બાપ સૌથી વધારે હેરાન થશે. મોટાભાગનાં મા-બાપ નિવૃત હોય છે અને વારંવાર કોર્ટનાં ધકકા ખાવામાં તેમને ખુબ જ ત્રાસ થાય છે. આ ઉપરાંત ફોજદારી ગુનામાં ફસાવાનો માનસિક ત્રાસ થાય તે જુદો. તમારા મા-બાપ જલ્દી ઘરડાં થતાં જણાશે. કોર્ટમાં

ઘણા બધા મુકદ્દમાં ચાલતા હોય છે અને તે પણ ખુબ ધીમી ગતીએ. ફોજદારી ગુનામાં ફસાવાનું કલંક પણ મા-બાપને ખુબ જ હેરાન કરે છે. અમુક મા-બાપ જીવનભર માટે આ દુઃખમાંથી બહાર નહીં આવી શકે.

૪૯૮-એ તમારા ભાઈ-બહેનોથી તમને દુર કરી દે છે, અને જો તેઓ પરણિત હોય તો ખાસ. બધી કચકચમાંથી બહાર રહેવા માટે પણ લોકો આમાં માંથું મારતા નથી. તમારી કુંવારી બહેનો સાથે પણ ઘણો અન્યાય થશે. તેમની સાથે કોઇ લગ્ન કરવા તૈયાર નહીં થાય. તમારા પરણેલા ભાઇ બહેનોનાં બાળકો પોતાનાં મા-બાપની ધરપકડ થતાં જોઇ ખુબ હેરાન થશે. રોજીંદા જીવનની અપેક્ષાઓ અને ફોજદારી ગુનાની વચ્ચે તેઓ પીસાઇ જશે. ઘણા પરિવારની પુત્રવધુ તેમને આ મુસીબતમાંથી બહાર નીકળવા માટે મદદ કરતી હોય છે. આવા પરિવારવાળા નસીબદાર હોય છે.
તમારા ઉપર રાજનૈતિક દબાણ પણ આવી શકે છે. આવી પરિસ્થિતિમાં અડગ રહેવું અઘરું બની જાય છે. આજ સમયે લોકો હાર માનીને રૂપિયા આપીને છુટા થઇ જવાનું પસંદ કરે છે. લડત ચાલું રાખવી વ્યર્થ છે.

- કાનુન કે નિયમનો અનાદર કરવાની રજાચિઠ્ઠીં માંગે. તમે તમારા ઘરથી અલગ રહેશો તેની પરવાનગી માંગો. ફોજદારી ગુનાનાં ધોરણો આની પરવાનગી આપે છે (૧૯૭૩) ક્રરાર ૧૧૫ કહે છે કે મેજીસ્ટ્રેટને વ્યાજબી લાગે તો તમને તમારા ઘરથી અલગ રહેવાની પરવાનગી મળી શકે છે. સારું વર્તન કરશો તેની ખાત્રી આપવી જરૂરી છે.
- તમારા પરિવારને મુકદ્દમાંથી છુટા કરી દો. એક અરજી આપીને તેમને આ હેરાનગતીમાંથી બચાવો. તમારો મુકદમો ચાલવા દો. આ પરિવારજનો ૧૮૨નાં ધોરણો હેઠળ ખોટી ફરિયાદ માટે અરજી કરી શકે છે.
- તમારા પરિવારની સ્ત્રીઓ પાસે રાષ્ટ્રીય સ્ત્રી સંગઠનમાં ફરિયાદ કરાવો. લીંક આ પ્રમાણે છે. http://new.nic.in/ncw.complaint/home.asp), જો આ લીંક કામ ના કરતી હોય તો તેમને પત્ર લખો. (http://ncw.nic.in/contact.htm) CC હોમ મીનીસ્ટ્રી. (http://mha.gov.in) અને વડાપ્રધાનને પણ એક કોપી આપો. PMO. (http://pmindia.gov.in/write.htm)

તમારી ફરિયાદની નોંધણી વ્યથા અને સ્ત્રીઓનાં વાદવીવાદનાં વર્ગમાં કરો. તમે તમારા ૪૯૮-એ નાં અનુભવો નેશનલ “ફેમિનલ જસ્ટીસ સીસ્ટમ પોલીસી ડ્રાફટીંગ” ને ઇમેલ પણ કરી શકો.
૧. http://mha.gov.in.ncjsp.htm
૨. cjspdc@yahoo.co.in<cjspdc@yahoo.co.in

તમારી ફરિયાદ તમારા પરિવારની કાંઇક સ્ત્રી પાસે કરાવજો જે ૪૯૮-એ હેઠળ હેરાન થઇ હોય. દરેક પત્રની કોપી સંસ્થાના પ્રમુખને મોકલવાનું ભુલશો નહીં. તમારી ફરિયાદ કેટલી આગળ વધી તે જાણવા માટે રાઇટ ટુ ઇનફોરમેશન નો ઉપયોગ કરો.

- તમારી પુછપરછ કરનારા પોલીસ અધિકારીઓ સામે પણ રાઇટ ટુ ઇન ફોરમેશન ની અરજી દાખલ કરો. કોપી તેમનાં હાથમાં આવતા જ તેમનાં પગ નીચે ભુકંપ આવી જશે.
- આવક વેરાનાં અધિકારીઓને તમારા સાસરે મોકલો. જો તેઓ તમને દહેજ કે સ્ત્રીધન આપવાનો દાવો કરતા હોય તો કદાચ તે દાવો ખોટો પણ હોઇ શકે. આ લીંકનો સહારો લો. (http://tinyurl.com/2vpp7g) ફરિયાદ કરો તો RTI નો સહારો જરૂર લેજો. ન્યાયાધીશ થીંગરાએ તેમના એક ચુકાદામાં કહ્યું છે કે (ફેબ્રુઆરી ૨૩, ૨૦૦૭ ૭૨૬૨/૨૦૦૬ શ્રીમતી નીરા સંઘ સામે રાજય (નવી દિલ્હી સરકાર)

“લગ્નનાં સમયે જો મોટી રકમની આપલે થતી હોય અને તેની નોંધણી કશે પણ ના કરી હોય તો આવક વેરાનાં અધિકારીઓ તરફ આનું ધ્યાન દોરવું જરૂરી છે. આ કામ કોર્ટનું છે. આવું કરવાથી આટલી બધી આવક કયાંથી આવી તે ખબર પડશે અને જો ફરિયાદ ખોટી હશે તો તરત જ પકડાઇ જશે. કોર્ટ આવક ઉપર ધ્યાન નથી આપતી અને માત્ર ફરિયાદની દરકાર કરે છે. આવું કરવાથી ઘણી બધી ખોટી ફરિયાદો થઇ રહી છે”.

મારો ઇરાદો જે વ્યકિતઓ હારમાની લે છે તેમના વિશે ખરાબ બોલવાનો નથી. મારો ઇરાદો રાજય સરકાર પોતાનાં નાગરિકો સાથે અજાણતામાં કેવો અન્યાય કરે છે તેના ઉપર રોશની ફેકવાનો છે. ખાસ કરીને આપણા મા-બાપ. આપણે આજે જે કંઇ પણ છીએ તે તેમના કારણેજ છીએ. જો આજે આપણો દેશ આગળ છે તો આપણાં મા-બાપનાં બલીદાનનાં કારણે. ચેતક સ્કુટર પર બેસાડી આપણાં મા-બાપ આપણને બગીચામાં અને સીનેમા જોવા લઇ જતાં. આપણને સર્વશ્રેષ્ઠ વાતાવરણ મળે તે માટે આપણે ખુબ પ્રયત્નો કર્યા. વહેલી સવારે કોચીંગ કલાસમાં મુકવા આવતા જેથી આપણને સારી કોલેજમાં એડમીશન મળે. તે જમાનામાં રૂપિયા માટે બેંક્નાં ધકકા આઇ, તેમની મીલકત ગીરવે મુકી તમને પરદેશ જવા અને સારી કોલેજમાં એડમીશન મેળવવા માટે આર્થિક વ્યવસ્થા પણ કરી. તમને વીઝા મળ્યા ત્યારે તેમના ચહેરા પરનો આનંદ તમે ભૂલી શકો છો? કે પછી તમને વીઝા ન્હોતા મળ્યા ત્યારે પોતાનું દુઃખ છુપાવી તમને કઇ રીતે દીલાસો આપ્યો તે કદી વિચાર્યુ છે?

આ જોરજુલમી સાધનમાં ફસાયેલા આપણામાં બાપની વ્યથા આપણાં રાજનૈતીક વર્ગની નીતિની નિર્ધનતાની નિશાની છે.

**સામે લડત આપો.**

એક વાર તમે જામીન પર છુટી ગયા પછી તમારે માત્ર અદાલત સાથે લેવડદેવડ કરવાની રહેશે. હવે પોલીસ તમારી નજીક આવશે નહીં. મેં એવું સાંભળ્યું છે કે ઘણા કિસ્સાઓમાં પોલીસની હેરાનગતી ચાલુ હોય છે. પણ આ વાતને કુતરા ભસે છે તેમ સમજી નકારો. અહીંયા ખરી જંગ શરૂ થશે. શાંતીથી વિચારો કે તમે સામે કઇ રીતે જવાબ આપશો. તમે કઇ રીતે લડત આપો છો આના ઉપર ઘણી વસ્તુઓ આધાર રાખે છે.

૪૯૮-એ ની કલમ હેઠળ સ્ત્રીઓને હિંસક પુરુષોથી સંરક્ષણ મળે છે. આથી ૪૯૮-એ ને પ્રોત્સાહન મળે છે. સ્ત્રી સંગઠન કે નારી સંસ્થા વાળા કોઇ પણ વાત કે કાયદાનો વિરોધ કરવા માટે સક્ષમ છે. પણ જો કોઇ પુરુષ ૪૯૮-એ સામે લડવાનું નકકી કરે તો તે જંગ શરૂ થતા પહેલાજ હારી જાય છે. કારણકે; આ લડાઇ તો સ્ત્રી અને પુરુષની છે. ૪૯૮-એ ની કલમનાં મુસદામાં ઘણી બધી અપૂર્ણતા છે. તેની સામે લડવા માટે મહાભારતમાંથી યુક્તિઓ અપનાવી પડશે.

પાંડવો ભીષ્મપિતામા ને ખુબ માન આપતા હતા. પણ તેઓ તેમને જંગ લડવામાં આડે આવતા હતા. તેમને હટાવા માટે અર્જુન ની જગ્યાએ શ્રીખંડીને તેમની સામે ઉભા રાખી તીર છોડવામાં આવ્યું. તમારી સામે પક્ષવાળા વ્યકિતઓ ભીષ્મપિતામાં જેવા ભોળા પણ નથી અને પ્રબળ પણ નથી. તમારા પરિવારને આ લડાઇમાં અર્જુન બનાવો અને તમારા ઘરની સ્ત્રીઓને શ્રીખંડીનું પાત્ર ભજવવા દો. (દાદી, માં, બહેન, કાકી, ભાણેજ, ભાભી, બધાજ) સ્ત્રીને સામે સ્ત્રી વાર કરશે તો કાયદો કઇ નહીં કરી શકે. તમે ઘરમાં બેસીને ઇન્ટરનેટનો સહારો લઇને પણ ઘણું બધું કરી શકો છો. તમારી સાથે થયેલા અન્યાય વિશે સરકારને પત્ર અને ઇમેલની બો છાર કરો. મારી તમને સલાહ છે કે સરકાર સાથે લેવડદેવડમાં કોઇ પણ જુઠનો સહારો લેતા નહીં. ખોટું બોલશો તો તમારી વાત કોઇ નહીં માને. તમારા વાકયો વિવેકી અને લાગણીશીલ બનાવીને ફરિયાદ કરો.

નીચે દર્શાવેલ અમુક બીજી વસ્તુઓ પણ તમે કદાચ કરવા ઇચ્છતા હશો.

- તમારા મુકદ્દમાને લાગતા વળગતા અમુક ચુકાદાની કોપી તમારી પાસે રાખો. આ ચુકાદાનાં આધારે તમે ફસાયેલી અવસ્થામાંથી છટકબારી શોધી શકો છો.
- આઇપીસી ના ધોરણ ૧૮૨ અને યા ખોટી ફરિયાદ કરનારાઓને શિક્ષા આપે છે. આજ રીતે આઇપીસીનાં ધોરણ ૩૫૮ હેઠળ અર્થવગરની ધરપકડ કરનારાઓને શિક્ષા મળે છે.
- તમારા વકીલને કહો તે તેમની સામે દહેજ આપવાના ગુનાની ફરિયાદ દાખલ કરે. દહેજ આપવું પણ એક ગુનો છે. હું આ વાત ન્યાયાધીશ ધીંગરાએ આપેલા ચુકાદાનાં આધાર પર કરું છું. જો તેઓ દહેજ આપવાની વાતનો ઇનકાર કરે તો તેમની ઉપર ખોટી ફરિયાદ કરવાનો ગુનો દાખલ કરી દો. પોલીસ તમારી વાતના માને તો અદાલત પાસે જાઓ. સામેના પક્ષ પાસે લાંચ લેવા માટે પોલીસ તમારી વાત માનશે. આ સહેલું સાધન છે.
- ૪૯૮-એ નો મુકદમો ચાલતો હોય તે દરમ્યાન સમજોતો કરતાં નહીં. તેઓ તમને સુલેહ કરવાનું દબાણ કરે તો તમે તેમને ફરીયાદ પાછી ખેંચવાનું કહો. તેમના પાસે બીજો કોઇ વિકલ્પ નથી. ૪૯૮-એ ની પુત્રી સાથે લઇને ફરતા દગાબાજો પાસે સમય પણ નથી. તમારી પાસે પૈસા પડાવી, તેઓ પોતાની દીકરીને કોઇ બિચારા પુરુષ સાથે વળગાડવાની ફીરાકમાં છે. જેમ સમય વીતશે અને દીકરીની ઉંમર વધશે તેમના માટે આ અઘરું થતું લાગશે.
- તેણે પોતાના પ્રેમી સાથે લગ્ન કરવા માટે તમારી ઉપર ૪૯૮-એ નો આરોપ મુકયો હોય તો (RCR) નાં હેઠળ છુટાછેડા આપવાનો ઇનકાર કરો. તે અચાનક તમારી ઉપર લાગુ કરવાનું ચાલું કરશે. આવું થાય તો SIF નાં વોલંટીયરોનો સંપર્ક કરો.
- તમારી ૪૯૮-એ ની પત્નીને કદી પાછી અપનાવાની ભૂલના કરશો. તેને પોતાની હતાશા જનક જીંદગી મા-બાપનાં ઘરમાં વીતાવા દો. મા-બાપ માટે પણ તે બોજ બની જશે.
- મહીલા પોલીસ સ્ટેશનમાં તમારા ઘરની સ્ત્રીઓને તમારી પત્નીનાં ખીલાફ ફરિયાદ નોંધવાનું કહો. આ જગ્યા માત્ર ૪૯૮-એ ના મુકદમા માટે નથી. તે દરેક સ્ત્રીને સંરક્ષણ આપશે. આવુ કરશો તો ભવિષ્યમાં કૌટુંબિક હીંસાનો આરોપ તમારી ઉપર આવતા અટકાવાશે.
- એવું ઇચ્છો કે તમારી ૪૯૮-એ પત્ની અને તેનાં મા-બાપ લાંબુ જીવે. તેમણે આખી જીંદગી રડીને તમારા આસુંનો બદલો વાળવાનો છે.

સામે લડત આપવાનો ખચકાટ

લડત આવવા માટે ઘણાં બધા સાધનો હોવા છતાં તમે સરકારી સંસ્થાઓ અને અદાલત સામે લડવાનો ખચકાટ અનુભવતા હશો. તમને આ ખુબજ મોટી અને લાંબી પ્રક્રિયા લાગે છે. તેનાં ભાગ પાડી દો. હું જાણું છું કે એક ભારતીય નાગરિક હોવા પ્રમાણે તમે ન્યાયતંત્ર પર ભરોસો રાખતા નથી. હું તમારા મનની મુંઝવણ ખુબ સારી રીતે સમજી શકું છું. ચાલો આપણા ન્યાયતંત્ર પર થોડી રોશની ફેંકું. ભારતનું ન્યાયતંત્ર એક સામાન્ય નાગરિક માટે નથી. અહીંયા તમારે પાણી અને લાઇટ જેવી જરૂરી વસ્તુઓ માટે પણ ઝગડવું પડશે.

સરકારનો પોતાનાં નાગરિકોને સંરક્ષણ આપવાનું કામ કરે છે પણ અહીંયા તો કપટી કામગીરી સિવાય કશું નજરે નથી આવતું. દરેકને કામ કઢાવા માટે રૂપિયાની લાંચ આપવી પડે છે. સરકાર પર અવિશ્વાસ ખુબ ઉંડો છે.

દરેકને માત્ર એક ધુંધલી આશા છે કે ન્યાયતંત્ર આપણું કંઇક ભલું કરશે. કપટ કે અન્યાય સામે અવાજ ઉડાવીશું તો આપણને ન્યાય આપવાની જગ્યાએ ધાકધમકી આપશે. પણ અડગ રહો. ન્યાયતંત્ર પણ અડગ

રહેશે. પણ તમે સામે લડત આપશો તો તમારાથી છુટકારો મેળવવા તંત્ર હાલશે. તંત્રને વધુ હલાવવા RTI ખુબ જ કામ લાગશે.

આ સમયે હું તમને શ્રીમતી જે એન જયશ્રી વિશે કહેવા માંગું છું. તેઓ કર્ણાટકનાં ઉચ્ચ IAS અફસરનાં પત્ની છે.

સરકારે તેમના પ્રામાણિક પતિને જે ત્રાસ આપ્યો છે તે કપટ સામે લડવા તેમણે એક વેબસાઇટ ઊભી કરી છે. તેમને અને તેમના પતિને ડરાવાનાં ઘણાં બધા પ્રયત્નો કરવામાં આવ્યા પણ તે હીંમતથી આનો સામનો કરવામાં કદી પાછળ પડયા નહીં. તેમને વિશે ન્યુયોર્ક ટાઇમ્સ, ઇન્ટરનેટ,હેરાન્ડ ટ્રીબ્યુન અને ઇન્ડીયન એકસપ્રેસમાં લેખ છપાયા છે, તેમના વિશે તમે (http://fightcurruption.wikidot.co/) આ વેબસાઇટ પર વાંચી શકો છો. તેમનો ઉલ્લેખ કરવાનો મારો ઇરાદો એજ છે કે તેમની વેબસાઇટમાં RTI માં ઘણાં દાખલા છે. જે તમને કામ લાગી શકે છે.

**ભારતની પોલીસ**

શરૂઆત કરતાં પહેલા હું પ્રામાણિક અને મહેનતું ભારતીય પોલીસ અધિકારીઓની માફી માંગવા માંગું ને જે કંઇ પણ લખ્યું છે તે ભારતની પોલીસનાં ખરાબ અધિકારીઓ વિશે જ લખ્યું છે. હું જાણું છું કે અમુક લોકો આ લેખની સચ્ચાઇ પર પ્રશ્ન ઉઠાવશે આ વેબસાઇટ પર કપટી પોલીસ અધિકારીઓ ઉપર તમને ઘણા અવતરણ મળશે. (http:tinyurl.com/3yorfm) હું લખું છું "અમુક વર્ષોથી પોલીસ અધિકારીઓનું કપટ ઘણી બધી જગ્યાઓએ ફેલાતું જાય છે. ઘણાં બધા સામાજીક કાયદાઓમાં પોલીસ મહત્વનું ભાગ ભજવે છે. તેથી આમ થાય છે. કોઇ પણ કાયદાની સફળતાનો આધાર પોલીસ અધિકારીઓની ક્ષમતા હોય છે. સમાજમાં સંરક્ષણ કરવાની જવાબદારી પોલીસની હોય છે". ૪૯૮-એ એક સામાજીક મુસીબત છે પણ તેને ક્રિમિનલ કેસનું નામ આપવામાં આવ્યું છે. ૪૯૮-એ ની લાક્ષણિકતાઓ પોલીસ અધિકારીઓનાં કપટ ને પ્રોત્સાહન આપે છે. મારું કામ ખાલી ૪૯૮-એ નાં જોરજુલમી સાધનનાં વિશે જાગૃતતા લાવવાનું છે જેથી તેમાં ફસાયેલા વ્યકિતઓ સમજી શકે કે તેમની ઉપર શું વીતવાનું છે.

૧૮૬૦માં પહેલું પોલીસ સંગઠન નીમાયું હતું. પોલીસનાં કાર્યો વિશે આ સંગઠને જણાવ્યું હતું કે પોલીસનાં કામ સંરક્ષણ આપવાનાં, અવરોધ કરવાનું અને ગુના શોધવાનું છે. સામાજીક પોલીસનું કામ માત્ર સંરક્ષણ આપવાનું છે અને બાકીનાં કામ મીલીટરીનાં છે.

અંગ્રેજોનાં રાજ વખતથી પોલીસ લોકો ઉપર ધાક ધમકી કરવાનું અને કાયદો શીખવાડવાનું કામ કરે છે. તેમને તે પ્રક્રિયા થી તેઓ એટલા બધા ટેવાઇ ગયા છે કે તેમને સમાજનું સંરક્ષણ કરવાનું પોતાનું કાર્ય યાદ નથી રહેતું.

પોલીસનું ખરું કાર્ય, તેઓ અત્યારે જે કરે છે તેનાથી તદ્દન વિરુધ્ધ છે. તેઓ નાગરિકોને જવાબ આપવા બંધાયેલા છે, ગુનો રોકવો, લોકોનો વિશ્વાસ જીતવો, શાંતિ જાળવવી અને કાયદાને અનુસરવાનું તેમનું મોટું યોગદાન હોવું જોઇએ.

અંગ્રેજો પણ ભારતનાં પોલીસ સંગઠનથી સંતુષ્ટ ન્હોતા. (૧૯૦૨-૦૩ ની સાલમાં લોર્ડ કઝને દ્વારા નીમાયેલા પોલીસ સંગઠન વિશે તેમનું કહેવું હતું કે "પોલીસ ફોર્સમાં ઘણી બધી ખામીઓ છે. તેમને ઘણી તાલીમની જરૂર છે. તે લોકો પણ જુલમનું દબાણ કરે છે અને કપટી છે" આજ દીન સુધી કશું બદલાયું નથી. મારો અને મારા પરિવારનો અનુભવ આ વાતની સાબિતી આપે છે.

પોલીસ અધિકારીઓનો પગાર ખુબ ઓછો છે. તેમની પાસે તેમનું કાર્ય યોગ્ય રીતે કરવાની સુખસગવડ પણ નથી. કામ કરવા માટે જરૂરી સાધનોની ઉપલબ્ધી વગર તેમની પાસે ખુબ કામ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. જે પોલીસો આવી પરિસ્થિતિમાં પણ પ્રામાણિક છે તેઓને હું ખુબ માન આપું છું. તમે એક દિવસ કોઇક પ્રામાણિક પોલીસ અધિકારીનાં સંપર્કમાં આવશો તેવી પુરેપુરી શકયતા છે. હું આશા રાખું છું કે તમે એવા પોલીસ અધિકારીને જરૂરથી મળો. મેં એવા પણ કિસ્સા સાંભળ્યા છે જયાં તમારી એકજ મુલાકાતે પુછપરછ કરી હવાલદાર કદી જણાશે પણ નહીં. કોઇક પોલીસ ઇન્સપેકટર તમારી સાથે આદરપૂર્વક વર્તન કરશે અને તમને મદદ કરવાનાં પુરતાં પ્રયત્નો કરશે. આ ઉપરાંત ખરાબ પરિસ્થિતિનો સામનો કરવાની માનસિક તૈયારી રાખજો.

પોલીસ ફોર્સમાં ઘણા સ્તરનાં અધિકારીઓ હોય છે. (http://tinyurl.com/3dhu8v) મોટા ભાગનાં કપટી અધિકારીઓ ઉચ્ચ સ્તરનાં હોય ચે. મને પ્રામાણિક પોલીસ અધિકારીઓથી કોઇ ફરિયાદ નથી. પણ નિર્દોષ લોકો જે કપટી અધિકારીઓ નાં ભોગ બને છે તેવા લોકો ઉપર મને દયા આવે છે. આપણી પાસે અભીમાન કરવા જેવી મીલીટરી છે તો આપણે આપણા પોલીસ અધિકારીઓ પર અભીમાન કેમ નથી કરી શકતા. મેં આ લેખમાં પોલીસનો ઉલ્લેખ વારંવાર કર્યો છે કારણકે આ જોરજુલમી સાધનમાં પોલીસ અધિકારીઓ મહત્વનો ભાગ ભજવે છે.

એક ખુબ પ્રામાણિક પોલીસ અધિકારીનું ખૂન આતંકવાદીઓએ કર્યુ હતું. (http://tinyurl.com/2LFSaz). હું ઇચ્છું છું કે તમે શ્રીમાન અભીનવ કુમાર IRS ને મળો. તેઓ ઇન્ડીયન એકસપ્રેસ માટે લખે છે અને તે પહેલા ઇન્ડીયા ટુડે સાથે પત્રકાર હતા.

હાલ તેમની પોસ્ટીંગ SSP તરીકે હરિદ્વારમાં થઇ છે. તેમના લેખ વાંચવા હોય તો (http://tinyurl.com/2pf6k2). બી રમન નો લેખ વાંચવો હોય તો http://tinyurl.com/372vvg. પોલીસ અધિકારીઓનાં કારણે મૃત્યુ પામેલા વ્યકિતઓનાં આંકડા જોવા હોય તો. (http://tinyurl.com/2v6sap).

આ સમયે હું ડૉ. અરવિંદ વર્માને  ધન્યવાદ કહેવા માંગુ છું. કારણકે તેમણે પોલીસ ફોર્સ વિશે ઘણા સારા લેખ લખ્યા છે. તેમના લેખમાં પોલીસ ફોર્સ વિશે ઘણી માહિતી છે. તેમના લેખ વાંચવા હોય તો તમે (http:/tinyurl.com/38304) પર વાંચી શકો છો.

**પોલીસ સામે ફરિયાદ**

જોરજુલમી સાધનને અમલમાં મુકવામાં પોલીસ અધિકારીઓ મહત્વનો ભાગ ભજવે છે. પણ તેઓ માત્ર સરકારી કર્મચારીઓ છે અને તેમના વર્તણૂક માટે પણ ઘણા કાયદા અને નીયમો ઘડયા છે.

**હોમ મીનીસ્ટ્રીનાં શબ્દોમાં**

“પોલીસ અધિકારીઓએ એક વાત સમજવાની છે  કે તેઓ પણ જનતાનો એક ભાગ છે. ફરક માત્ર એટલો છે કે તેમણે જનતાના હીતમાં વર્તન કરવાનું છે અને તેમનું સંરક્ષણ કરવાનું છે. આ તેમની ફરજ છે!

બીજા શબ્દોમાં કહીઓ તો તેઓ પણ જનતાનો એક ભાગ છે અને તેમની પાસે કરવા માટે સરકારી નોકરી છે. તેમનું કાર્ય લોકોને હેરાન કરવાનું કે ડરાવવાનું નથી. તેમની હેરાનગતી હદની બહાર જતી રહે તો તમને હોમ સેક્રેટરી કે રાજયનાં ડીજીપીને ફરીયાદ કરવાનો પુરેપુરો હક છે. તમને એક વખત તેમને મળવાનો સમય મળે તો લેખીતમાં ફરિયાદ જરૂર કરી દેજો. આ લોકો IAS અને IPS અફસરો છે અને મોટા ભાગે તેઓ સક્ષમ અને પ્રામાણિક હોય છે. તેઓ આ શોષણ વિશે જાણે છે. તેમનું અને તેમના સમયનું માન જાળવજો.

હું સાવધાની માટે અહીંયા એક વાકય લખવા માંગું છું. હું IPS ઓફીસરોથી પણ અમુક અંશે નારાજ છું પણ આ સ્તર પર પ્રામાણિક અફસરો મળવાની શકયતા વધારે છે. આવા કિસ્સાઓ મોટા ભાગે SP અને Dy. SP સભાળતા હોય છે.

તમારા પરિવારની કોઇ સ્ત્રી પાસે ફરિયાદ નોંધાવશો તો વાત સહેલી થઇ જશે.

**ફરિયાદ નોંધવા માટે અમુક સલાહ**

- સાચી ફરિયાદ કરજો. નાની વાતને મોટું સ્વરૂપ આપશો નહીં. જુઠ્ઠી ફરિયાદ કરતા નહીં.
- કોઇ પણ કર્મચારી કે અધિકારી ને લાંચ લઇને કામ કરાવતા નહીં. તમે આવું કરશો તો મારી નજરમાં તમારા અને ૪૯૮-એ પત્નીઓમાં કોઇ તફાવત નથી.
- ઉચ્ચ સ્તરનાં અધિકારીઓને, મળતાં પહેલા ફરિયાદની વ્યવસ્થિત યાદી બનાવો. સમય અને તારીખ સાથે બનાવોની નોંધણી કરો. તમારા વકીલની આ કામમાં મદદ લો. આમાં કોઇ ખોટી વાત ઉમેરશો નહીં. આવું કરવાનો તમને ખુબ લોભ થશે પણ કરશો નહીં.
- તમારો મુકદમો ચાલતો હશે તે દરમ્યાન તમારા ઉપર બધી બાજુથી ખુબ જ દબાણ આવશે. આ ત્રાસની માનસિક તૈયારી રાખજો. ધીરજ પણ રાખજો.
- તમારી ઈજ્જત ઘવાય એવી કોઇ પણ ખોટી વાત ફરિયાદમાં લખતા નહીં.
- તપાસ અને પુછપરછ દરમ્યાન તમારી કરેલી ફરિયાદ ખોટી નીકળી તો કાનુનનાં દરવાજા તમારે માટે બંધ થઇ જશે.

અધિકારીઓને વિનંતી કરો કે તમને પુછપરછનાં પરિણામની જાણ કરે. તમને જણાવવામાં નહીં આવે તો તમે RTI ની અરજ કરશો તે પણ તેમને જણાવો.

**પોલીસની ક્ષમતાઓ કોર્ટના હીસાબેઃ**

સુપ્રિમ કોર્ટ તેમના ઘણા બધા ચુકાદામાં વારંવાર એવું કહ્યું છે કે પોલીસ કાનુનથી ઉપર નથી અને દરેક નાગરિક સાથે માનપૂર્વક વર્તન થાય તેનો તેને હકક છે. તમારી પાસે આ બધા ચુકાદાની એક કોપી હોય તેનું ખાસ ધ્યાન રાખજો. તમારા મૂળભૂત અધિકારોનું શોષણ થાય તો તમે પોલીસ સામે ફરિયાદ નોંધી શકો છો.

પોલીસની હેરાનગતી સામે લડવા માટે બીજી પણ એક રીત છે. તેની સામે "વ્રીટ મંડામસની" અરજી નોંધી દો. નીચે વ્રિટ મંડામસનું સ્પષ્ટીકરણ કર્યુ છે. (એસ એમ શર્મા સામે બીપેન કુમાર ત્રિપાઠીઃ ૧૯૭૦ ૩ SCR ૯૪૬).

"ફોજદારી ગુનાનાં કાયદાકીય ધોરણો પોલીસ અધિકારીઓની દરેક પ્રકારની પુછપરછ કરવાની છુટ આપે છે. પણ તેનો અર્થ એ નથી કે પોલીસ આ અધિકારનો દુરઉપયોગ કરે. જો પોલીસ, આરોપી કે નાગરિકોનું

શોષણ કરે તો દરેક વ્યકિતને સંવીધાનનાં ધોરણ ૨૨૬ હેઠળ પોલીસ અધિકારી સામે ફરિયાદ કરવાની પરવાનગી છે”.

**વકીલોઃ**

વકીલ તમારા મુકદમામાં ખુબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. તમારે હોંશીયાર, ચપળ અને વફાદાર વકીલ શોધવો ખુબ જ જરૂરી છે. પ્રામાણિકતા એ વકીલની સૌથી મોટી ગુણવત્તા છે. અમુક વકીલો પોતાની જાતને પૈસા માટે વેચી દેતા હોય છે. તમને સુલેહ કરવાની સલાહ આપે તેવો વકીલ કોઇ દીવસ કરતા નહીં. મારા બે મિત્રો આવી પરિસ્થિતિમાં ફસાઇ ગયા હતા. કોઇ નજીકનો વકીલ શોધો. તે વ્યકિત અદાલતી કામકાજ અને કાયદાકીય પ્રક્રિયાનો જાણકાર હોય તેનું ખાસ ધ્યાન રાખો. પ્રામાણિકતા સૌથી મહત્વની વાત છે. ૪૯૮-એ નાં મુકદમાં માંથી બહાર આવેલા બીજા વ્યકિતઓ સાથે વાત કરો. જે તમને સાચી વાત કહેતા ખચકાય નહીં, તેવો વકીલ કરો. તમને ડોકટર નહિ પણ વકીલ જોઇએ છે.

**કોર્ટનો સંપર્ક કરવોઃ**

તમારી પાસે ૪૯૮-એ ગુનો નોંધાશે તો તમને તરતજ કોર્ટનાં બારણા ખટખટાવવાની ઇચ્છા થશે. તમને ખાત્રી છે કે તમે નિદોર્ષ છો અને કોર્ટ તમને ન્યાય આપશે. પણ આ પ્રક્રિયા ધીમી છે. હતાશાની તૈયારી રાખજો. તમારી અરજી કઇ રીતે કરશો તેનું ખાસ ધ્યાન રાખજો. ખોટી અરજી કરતાં નહીં. ન્યાયાધીશ પર ખુબજ આધાર રાખે છે. તમારો કેસ જસ્ટીસ શીવ નારાયણ ધીગરા જેવા પ્રામાણિક ન્યાયાધીશ પાસે આવે તો વાંધો નથી. પણ નીચલી અદાલતનાં કોઇ કપટી ન્યાયાધીશનાં હાથમાં તમારો કેસ આવ્યો તો સમજી લો કે તમારી સામે ઘણી મોટી મુસીબત આવી ગઇ છે. તમે ઇન્ડીયન એકસપ્રેસનો આ લેખ ખાસ વાંચજો (http://tinyurl.com/2waauz) આપણા એક સમયના સર્વશ્રેષ્ઠ વડાપ્રધાન એ પી જે અબ્દુલ કલામનું શું કહેવું છે તે વાંચો.

“આપણો સમાજ પ્રામાણિક નેતૃત્વની કમીને કારણે ઘણા બધા બદલાવોમાંથી પસાર થઇ રહ્યું છે. આવા સમયે દેશનાં નાગરિકો કાનુનની પ્રામાણિકતા પાસેથી ખુબ આશા રાખે છે. આવી આશા આપણાં કાયદા કાનુન પર ખુબજ મોટી જવાબદારી મુકી દે છે. આવું શકય થાય તે માટે ન્યાયતંત્રનો દરેક કર્મચારી પવિત્ર અને પ્રામાણિક હોય તે અત્યંત જરૂરી છે”.

**ખોટો ૪૯૮-એ દાખલ કરવાનાં પરિણામ**

૪૯૮-એ નાં ગુના વિશે ઘણું બધું લખાયું છે. પણ આ ગુનાની ખોટી ફરિયાદ, કરવામાં આવી હોય તો તેનું શું પરિણામ આવશે તેના વિશે કોઇએ નથી લખ્યું. ૪૯૮-એ નાં ગુનાની અરજ કરનારા પોતાનાં વકીલ પાસે ગુનાની ફરિયાદ નોંધવાની સલાહ લે છે. પણ ખોટી ફરિયાદ કરવાથી ફસાઇ જવાય તો શું કરવું તેની સલાહ લેતા નથી. તમારે વધુ જાણવા માટે પુરનીમા કીશ્વર દ્વારા લખાયેલો આ લેખ વાંચવો જોઇએ. (http://tinyurl.com/2rbmxs) તેઓ એક માનનીય ફેમીનીસ્ટ છે. આ વિશે મારે શું કહેવું છે તે જાણવા માટે નીચેનાં મુદ્દાઓ વાંચો.

- ૪૯૮-એ પછી છુટાછેડા નકકી છે. ૪૯૮-એ એક અણુશકિતનું શસ્ત્ર છે. આ સુલેહ નહીં પણ જોરજુલમી નુંજ સાધન છે.
- આ સ્ત્રીનાં ફરી કદી લગ્ન થશે નહીં. આનું કારણ છે આપણો સમાજ. ફેમીનીઝમની વાતો કરવી, સ્ત્રીઓનાં હકક માટે અવાજ ઉઠાવવો એક ફેશન બની ગઇ છે. કોઇ પણ વ્યકિત ૪૯૮-એ ની ખોટી

ફરિયાદ કરનાર સ્ત્રીને પોતાનાં ઘરમાં જગ્યા નહીં આપે. આવી સ્ત્રીનું સમાજમાં કોઇ માન કે કીંમત રહેશે નહીં.

- તેની બહેનો આ કલંકના કારણે લગ્ન નહીં કરી શકે અને આખરે દુધવાળા સાથે ભાગી જશે, કે પછી એવું જ કંઇ કરશે.
- સમય પસાર થતાં તેમની ભાભીઓ તેમની સામે થઇ જશે. તેમના ભાઇનાં ફરી લગ્ન થશે નહીં. જરા વિચારો શું તમે તમારી બહેન કે દીકરીને એવા ઘરમાં લગ્ન કરાવશો જયાં એક નિર્દોષ પતી અને તેનાં પરિવાર ઉપર તેની પત્નીએ ૪૯૮-એ દાખલ કર્યા છે? શું તમારી દીકરી/બહેન આવા ઘરમાં ખુશ રહી શકશે?

ખોટા ૪૯૮-એ ની ફરિયાદ કરનારની બહેન જયારે કોઇ ઘરમાં પરણીને જશે ત્યારે તેનાં ઘરવાળા પોતાની જાતને કેટલા સુરક્ષિત માનશે ? આવા વ્યકિતનું પરિવાર કેવું હશે? શું પરિવારજનોએ આવું ના કરવાની સલાહ ના આપી?

- ૪૯૮-એ નાં ખોટી ફરિયાદીને ધોરણ ૧૮૨ હેઠળ ૬ મહિનાની સજા, દંડ અથવા બન્ને થઇ શકે છે. રાહુલ સુરીનોજ દાખલો લઇ લો.
- બાળકોનાં વિકાસ ઉપર આની ખુબ જ ખરાબ અસર થશે. બાળકનાં ઉછેરમાં પિતા મહત્વનો ભોગ ભજવે છે. એવું પણ બને કે આ સ્ત્રીઓ બાળક તરફ ધ્યાન ના આપે અને બહાર બીજા વ્યકિતઓ સાથે સંબંધો બાંધે. ઘણા કિસ્સાઓમાં આવું થતાં મેં સાંભળ્યું છે.
- નજીકનાં સગાસંબંધીઓની ઉશ્કેરણીથી જો ૪૯૮-એ ની ખોટી ફરિયાદ નોંધાઇ હોય તો પોતાનો સ્વાર્થ સાધ્યા પછી તેઓ આ સ્ત્રીને તરછોડી દેશે.
- પોતાનાં પતિ અને તેના પરિવાર ને હેરાન કરવા અથવા પૈસા પડાવી લેવા માટે જો કોઇ પત્નીએ ખોટી ફરિયાદ કરી હોય તો તેનાં પરિવાજનો અને સમાજ તેને માન આપશે નહીં.
- જીવનમાં કોઇને પણ એકલા રહેવાનું ગમતું નથી. કોઇ પણ વ્યકિતને એકલતા નો અહેસાસ થઇ શકે છે. પુરુષો એકલતાને દુર ભગાડી શકે છે પણ સ્ત્રીઓ માટે આ અઘરું છે. તેમનો પાસે કોઇ વિકલ્પ નથી. લગ્ન માટેની વેબસાઇટ જોતા રહેજો. ખુબ હસવાનો મોકો મળી જશે.

**અમુક આંકડા**

આ આંકડા તારીખ ૧૭ જુલાઇ ૨૦૦૭નાં રોજ રકશક દ્વારા MOIA ને આપેલા મેમોરેન્ડમમાંથી છે. હોમ મીનીસ્ટ્રી પાસે RTI હેઠળ આ આંકડા માંગવામાં આવ્યા હતા. તમે જોઇ શકો છો કે દર વર્ષે ૫ લાખ લોકો ઉપર આ મુકદમો ચાલે છે. અને આ નંબર દર વર્ષે વધતો જાય છે. સૌથી નવા આંકડા ૨૦૦૫ની સાલનાં છે.

| વર્ષ | મુકદમો ચાલતા લોકોનો સરવાળો. આગલા વર્ષનાં આરોપીઓ પણ | મુકદમા પાછળ ખેંચાયા | પતી ગયેલા મુકદમા | મુકદમાંનો નિર્ણય આવવાનું બાકી | કેટલા વ્યકિતઓને ગુનેગાર ઘોષીત કરાયા | નિર્ણય આપવાનું બાકી હોય તે મુકદમાની ટકાવારી | પતેલા મુકદમાનાં ટકા |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૫ | ૫૭૩૮૮૧ | ૧૩૪૪૭ | ૭૪૪૯૬ | ૪૮૫૯૩૮ | ૧૪૫૮૩ | ૮૪.૭ | ૧૨.૬ |
| ૨૦૦૪ | ૫૩૭૧૮૭ | ૧૩૭૧૭ | ૭૧૧૯૨ | ૪૫૨૨૨૮ | ૧૪૭૦૬ | ૮૪.૨ | ૨૦.૭ |
| ૨૦૦૩ | ૫૦૦૧૬૬ | ૧૧૨૨૯ | ૭૦૧૬૭ | ૪૧૮૭૭૦ | ૧૨૫૫૮ | ૮૩.૭ | ૧૭.૯ |

**૪૯૮-એ નાં પ્રસ્તાવમાં સુધારો**

ઉપરનાં આંકડાઓ પરથી આ કાયદામાં શોષણ વિશે સાફ ખબર પડે છે. SIF અને બીજા જુથનાં લોકો આ કાયદાનાં સુધારા માટે ખુબ જ પ્રયત્નો કરે છે. પણ આ ઘડીએ મને કંઇ હલતુ લાગતું નથી. કારણકે કપટનો હાથ મોટો છે. અમુક લોકોનાં હીતમાં આ કાયદો છે તેથી તેઓ આમ થવા નહીં દે.

આનાથી બચવા માટે 'સજાતીય શોષણનો' કાયદો ઘડવો જોઇએ. સૌથી પહેલી મુશ્કેલીઓ કોલ સેન્ટરમાં આવશે. આવું કરવાથી વધુ ને વધુ લોકો આ જાતીય ભેદભાવ વાળા કાયદામાં ફસાશે અને લોકોમાં આ કાયદાનાં કપટઅ અને શોષણ વિશે જાગૃતતા આવશે. ધંધાવાળા વ્યકિતઓ આ લડતમાં જોડાશે તો વધુ મજા આવશે. આ કાયદાનાં પ્રસ્તાવને સુધારવાની જેવી વાત થશે તેવા CS2 જેવી સંસ્થાઓ અને ફેમીનીસ્ટ મોરચાં લઇને રસ્તા પર આવી જશે. કાયદો ઘડનારાઓમાં આનો સામનો કરવાની હીંમત હોવી જોઇએ. આ ભારતની ખરી નારીઓનું પ્રતિનિધિત્વ નથી. જો ૪૯૮-એ માં સુધારો કરવો હોય તો જામીન આપવી જરૂરી છે. આવું કરવાથી કપટી પોલીસની હેરાનગતી અને નિર્દોષ લોકોનું જેલામાં જવું નીવારી શકાશે.

અરજ પાછી ખેંચવાની પરવાનગી મળવી જરૂરી છે. જો આ પરવાનગી મળે પણ જામીન ના મળે તો કંઇ ખાસ ફરક પડતો નથી. કારણકે કપટી સરકાર ફરિયાદ પાછી ખેંચવાની પરવાનગી તો આપેજ છે.

આજની સ્ત્રીઓ કાલની સાસુ બનવાની છે. કમનસીબીથી જો તેમની પુત્રવધુનો સ્વભાવ તેમના જેવો હોય અને તે પણ ૪૯૮-એ ની ફરિયાદ નોંધે તો? શું આ સમયે પણ આવી સ્ત્રીઓ ૪૯૮-એ ને સુધારની પ્રસ્તાવના ને નકારશે?

**ઉપસંહારઃ**

આઇપીસી ૪૯૮-એ સ્ત્રીઓનાં સંરક્ષણ માટેનો કાયદો હતો. પણ બની ગયું જોરજુલમનું સાધન. સ્ત્રીઓનાં સંરક્ષણનાં નામે રાજય સરકાર આપણાં ઘરે ઓછી કાર્યશીલતાવાળા મજુરોને મોકલે છે. આપણી ઉપર ખોટો આરોપ મુકી કૌટુંબિક ઝઘડામાં વચ્ચે પડી આપણી પાસે પૈસા પડાવી લેવાનું કામ કરે છે. આ કાયદાનાં

પ્રસ્તાવને સુધારવા માટેનાં બધા પ્રયત્નો નિષ્ફળ જાય છે. કારણકે સત્તા પર રાજ કરતાં વ્યકિતઓને પોતાની ખુરશી ગુમાવવાનો ડર છે. ૪૯૮-એ સ્ત્રી અને પુરુષ વચ્ચે દિવાલ ઉભી કરે છે. આવું કરવાથી અમુક રાજનૈતિક ઇરાદા પણ સફળ થાય છે. આપણાં દેશમાં ધર્મ, જાત અને ભાષાનાં આધાર પર ભાગલા પડવાનાં બંધ થયા તો જાતીય ભાગલા પડવાની શરૂઆત થઇ ગઇ.

એક ફરિયાદનાં આધાર પર પુરુષનાં પરિવારજનોની ધરપકડ થઇ જાય, આ ધરતી ઉપર આવો અસંસ્કારી દેશ મેં જોયો નથી! આ કપટી કાયદાને પ્રોત્સાહન આપતા અને તેના પક્ષમાં બોલતા વ્યકિતઓએ પણ સમજવું જોઇએ કે કોઇ પણ ઇરાદો હશે અંતે નિષ્ફળ જશે.

જે સ્ત્રીઓ ખરેખર કૌટુંબિક હીંસા કે ત્રાસથી પીડાય છે, તેઓને પણ ન્યાય નહીં મળે. આનું કારણ એ છે કે અદાલતમાં આવા ખોટા મુકદમાં ભરપુર છે. આથી ૪૯૮-એ ની ફરિયાદને કોઇ ગંભીરતાથી લેતું નથી.

આખરે આ ઘેલછા વચ્ચે હું એક પ્રશ્ન પુછવા માંગું છું: આવા ખોટા કાયદા અમલમાં મુકીને અને તેના સુધારની પ્રસ્તાવનાને નકારીને લોકો શું મેળવવાની આશા રાખે છે.

**થોડું મારા વિષે:**

હું એક સામાન્ય છોકરો છું જે આ દુષ્કર પરિસ્થિમાં ફસાઇ ગયો હતો. તમે અત્યાર સુધી તો મારા વિશે ઘણું બધું જાણી ગયા હશો. કંઇ ખાસ લખવાનું બાકી રહેતું નથી. તે સ્ત્રી સાથે લગ્ન કરવાની મારાં જીવનની સૌથી મોટી ભૂલ હતી. મારાં છુટાછેડા વર્ષો પહેલા થઇ ગયા છે. હું મારી પત્નીને છેલ્લી વખત મળ્યો પછી તેણે મારી સામે ૪૯૮-એ નો ગુનો દાખલ કર્યો. ધરપકડ દરમ્યાન હું મારા ઘરમાં ન્હોતો તેથી બચી ગયો. પણ પોલીસ અધિકારીઓએ મારા પરિવારજનોને ખુબજ હેરાન કર્યા. મારા વિશે માહિતી મેળવવા માટે તેમને પૈસા આપવાનું દબાણ પણ આપવામાં આવ્યું. ઘણાં મહિનાઓ સુધી આ ત્રાસ સહન કર્યા બાદ મારાં પરિવારે આ કિસ્સામાંથી ‘પોલીસ’ નામનો પરિબળ હટાવી દીધો.

જો હું પોલીસનાં અધિકારો અને મારા મૂળભૂત અધિકારો વિશે પહેલેથી જાણતો હોત તો કદાચ મારા પરિવાર પર વગર જોઇતી મુસીબત આવતે નહીં. આ વાત પર મને ખુબજ પસ્તાવો થાય છે. મારું પરિવાર જે યાતનામાંથી પસાર થયું છે તેવો દિવસ તમારા પરિવારે ના જોવો પડે તેથી મેં આ લેખ ખાસ લખ્યો છે. જયારે મારા પરિવારજનોની ધરપકડ થઇ હતી ત્યારે મેં દરેક ઘડી વાંચન અને સંશોધન કરીને આ બધી માહિતી ભેગી કરી છે, જેથી તમે ૪૯૮-એ ખરેખર શું છે તે સમજી શકો. હું આશા રાખું છું કે તમે પોલીસનાં ત્રાસથી બચીને સફળતાપુર્વક આમાંથી બહાર આવો.

હું તમને કાયદાકીય સલાહ કે સુચનો આપી શકતો નથી માટે પુછતા પણ નહીં. તેના માટે તમારે SIF (સેવ ઇન્ડીયન ફેમીલી) નાં વોલંટીયરોનો સંપર્ક સાધવો પડશે, પોતે માહિતી ભેગી કરવી પડશે કે પછી વકીલ રોકવો પડશે.

હું આ લેખ મારા પરિવારને સમર્પિત કરું છું. તેમણે મારે માટે ખુબજ ત્રાસ અને યાતનાનો સામનો કર્યો, છતાં પણ કપટી પોલીસ સામે હાર માની નહીં.

અંતે હું ભગવદ ગીતા નાં બીજા પ્રકરણમાંથી ત્રીજો શ્લોક કહેવા માંગું છું. આ શ્લોકનો ખરો અર્થ સમજવા માટે રંગનાથન નંદા દ્વારા લખેલી ગીતા જરૂર વાંચજો. પોતાનાં માટે ખરીદવા જેવી છે.

## "ક્લ્યાબીયમ મસમા ગમાહ પારથા નૈતત ત્વયી ઉપાતયતે
## શ્રીધર્મ રીહાયા - દાઉબ્રલયમ ત્યક્તોવોતીશા પરાંતપા"

**વોલંટીયર હેલ્પલાઈન**

આ નંબરો બદલાઇ શકે છે. નવા નંબરની સુચી માટે SIF ની વેબસાઇટ જુઓ.

આશીષ: ૯૯૧૧૧૧૯૧૧૩
સ્વરૂપ: ૯૮૧૦૬૧૧૫૩૪
રાજીવ: ૯૮૯૧૩૬૯૬૧૬
બેંગલોર: ૦૮૦-૬૫૩૩૪૧૩૫
કલકત્તા: ૦૩૩-૨૫૩૪૭૩૯૮/૨૫૨૧૭૩૧૮
મુંબઇ: ૯૨૨૧૩૩૫૫૭૭/૯૮૬૯૩૨૩૫૩૮
અમદાવાદ: ૯૮૨૫૩૬૫૮૧૬
હૈદરાબાદ: ૦૯૮૪૮૨૮૦૩૫૪/૯૯૮૯૧૪૬૪૬૬
ઓલ ઈન્ડીયા હેલ્પલાઈન નંબર: ૯૧-૦૯૨૪૩૪૭૩ - ૭૯૪ (૨૪ ક્લાક)

**મૂળ અને રેફરન્સ**

- પ્રોફેસર કે શાહ. કમનસીબીથી આ લેખ મળવો અઘરો છે.
- Judis.nic.in કોર્ટનાં ચુકાદા અહીંથી મળી શકે.
- ડો. અરવિંદ વર્મા, ક્રીમીનલ જસ્ટીસનાં એસોસીયેટ પ્રોફેસર. ઈન્ડીયાના યુનીર્વસીટી દ્વારા લખેલો લેખ.
- (CHRI) કોમન વેલ્થ હ્યુમન રાઇટસ ઈનીશીયેટીવ.
- APCID. આ વેબસાઇટ ઉપર ઘણા બધા ઉપયોગી ચુકાદા છે. http://tinyurl.com/3af4pf
- ધરપકડ અને અટકાયત દરમ્યાન માનવ અધિકાર ટી મુરલી ક્રિષ્ના, SP, AP, CID.
- કરપશન ઈન ઈન્ડીયા: એન વીત્તલ પહેલાનાં CVC. જેમણે દુરસંચાર ના ક્ષેત્રે ઘણું કામ કર્યુ.
- એક લાકડીનાં સહારે એકલો માણસ: અભીનવ કુમાર IPS, SSP ઉત્તરાંચલ પોલીસ.
- વેબસાઇટ, છાંપાંના લેખ અને ઈન્ટરનેટ પર સંદેશા.
- મારા પોતાનાં અનુભવો.

**નાકબૂલત:**

આ લેખમાં લખેલી વિગતો કોઇ કાયદાકીય સલાહ નથી પણ માત્ર મારા અભિપ્રાય અને અનુભવો છે. આ લેખમાં આપેલી કોઇ પણ સલાહનો આધાર માત્ર મારો અભિપ્રાય છે. કોઇ પણ નિર્ણય લેતા પહેલા તમારા વકીલની સલાહ જરૂર લેજો. આ લેખને લાગતા કોઇ પણ કાયદાકીય દેણાંનો હું પરિત્યાગ કરું છું.